


પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૬
તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર
વર્ષ: ૧૩, અંક : ૨૫૯

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia




# મકર સંક્રાંતિએ મહાકુંભના શાહી સ્નાનમાં ૪ કરોડ લોકો ડૂબકી મારી પવિત્ર થશે

## મહાકુંભનો પ્રારંભ: પ્રથમ દિવસે જ અંદાજે ૧ કરોડ લોકો સ્નાન કરશે: સ્નાન માટે ૧૦.૫ કિલોમીટર લાંબો ઘાટ: ૬૦ હજારથી વધુ જવાનો સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તૈનાત



### ૨૫ સેક્ટરો બનાવાયા: નદી ઉપર ૧૩ તરતા પુલનું પણ નિર્માણ



મહાકુંભના વિસ્તારોને સેક્ટરમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જેમાં ૨૫ સેક્ટર છે. આ ક્ષેત્રોને જોડવા માટે પુલ પણ છે. જેની સંખ્યા ૧૩ છે. ઉપરાંત, નકશામાં મુખ્ય માર્ગો વિશે માહિતી આપવામાં આવી છે. કયો રસ્તો ક્યાંથી ક્યાં જઈ રહ્યો છે અને કયું ધાર્મિક સ્થળ કયા રૂટ પર હશે. યોગી આદિત્યનાથ સરકારે કુંભને ભવ્ય અને દિવ્ય બનાવવામાં કોઈ કસર છોડી નથી. સંગમ કિનારે કુંભ સ્નાન કરવા આવતા સંતોથી લઈને ભક્તો સુધી, દરેકની સુવિધાનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે પણ કુંભના આયોજનમાં રાજ્ય સરકારને મદદ કરી છે. જો મીડિયા રિપોર્ટ્સ પર વિશ્વાસ કરવામાં આવે તો, મહાકુંભનું અંદાજિત બજેટ લગભગ ૬૩૮૨ કરોડ રૂપિયા છે. આમાંથી, ઈવેન્ટ મેનેજમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે ૫,૬૦૦ કરોડ રૂપિયા પહેલાથી જ ફાળવવામાં આવ્યા છે.

### અબતક
### કાલે અંક બંધ

આવતીકાલે મકર સંક્રાંતિના પર્વ નિમિત્તે ‘‘અબતક’’ કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે એટલે મંગળવારે અંક પ્રસિધ્ધ થશે નહીં, બુધવારથી નિયમિત અંક પ્રસિધ્ધ થશે જેની વાંચક મીત્રો, વિજ્ઞાપન દાતાઓ અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

– મેનેજીંગ તંત્રી





**અબતક, નવી દિલ્હી**

મહાકુંભનો પ્રારંભ થઈ ગયો છે. આજે પોષ પૂર્ણિમાના દિવસે પહેલું સ્નાન છે. સવારે ૯.૩૦ વાગ્યા સુધીમાં ૬૦ લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે. આ આંકડો ૧ કરોડ સુધી પહોંચી શકે છે. આ વખતે મહાકુંભમાં, પોષ પૂર્ણિમા અને મકરસંક્રાંતિનું સ્નાન સળંગ પડી રહ્યું છે. સોમવારે પોષ પૂર્ણિમાના સ્નાન સાથે મેળા વિસ્તારમાં કલ્પવાસ શરૂ થશે. પહેલું અમૃત એટલે કે શાહી સ્નાન મકરસંક્રાંતિના દિવસે થશે. સ્નાન માટે ૧૦.૫ કિલોમીટર લાંબો ઘાટ તૈયાર કરવામાં આવ્યો છે. આ દિવસે ૪ કરોડ લોકો અમૃત સ્નાન કરે તેવી શક્યતાઓ છે.

મહાકુંભ દરમિયાન કુલ છ સ્નાન થશે, જેમાંથી ત્રણ અમૃત (શાહી) સ્નાન હશે. અખાડાઓ અમૃત સ્નાન કરે છે. પહેલું અમૃત સ્નાન ૧૪ જાન્યુઆરીએ મકર સંક્રાંતિના દિવસે, બીજું ૨૯ જાન્યુઆરીએ મૌની અમાવસ્યાના દિવસે અને ત્રીજું ૩ ફેબ્રુઆરીએ વસંત પંચમીના દિવસે થશે. ૧૨ કિમી વિસ્તારમાં બનેલા સ્નાનઘાટ ભક્તોથી ભરેલા છે. એકલા સંગમમાં જ દર કલાકે ૨ લાખ લોકો સ્નાન કરે છે.

સંગમના તમામ પ્રવેશ માર્ગો પર ભક્તોની ભીડ છે. મહાકુંભને કારણે વાહનોનો પ્રવેશ બંધ છે. ભક્તો બસ અને રેલ્વે સ્ટેશનથી ૧૦-૧૨ કિલોમીટર ચાલીને સંગમ પહોંચી રહ્યા છે. આ કડકડતી ઠંડીમાં વિદેશી શ્રદ્ધાળુઓ પણ સ્નાન કરી રહ્યા છે. ૬૦ હજાર સૈનિકો સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં રોકાયેલા છે. પોલીસ કર્મચારીઓ સ્પીકર્સ દ્વારા લાખોની ભીડને નિયંત્રિત કરી રહ્યા છે. કમાન્ડો અને અર્ધલશ્કરી દળના જવાનો પણ વિવિધ સ્થળોએ તૈનાત છે.

મકરસંક્રાંતિ ૧૪ જાન્યુઆરી, મંગળવારના રોજ ઉજવવામાં આવશે. સંક્રાંતિ

(અનુ. આઠમા પાને)

### ટેન્ટ સિટીને યુપીનો ૭૬મો જિલ્લો જાહેર કરાયો

રાજ્યના મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ૪,૦૦૦ હેક્ટરમાં ફેલાયેલા મહાકુંભ ટેન્ટ સિટીને ધાર્મિક મેળાના સમયગાળા માટે યુપીનો ૭૬મો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. તેમાં ૫૬ પોલીસ સ્ટેશન અને ૧૩૩ પોલીસ ચોકીઓ છે. ટેન્ટ સિટીમાં ૬૭,૦૦૦ સ્ટ્રીટ લાઈટ, ભક્તોને લઈ જવા માટે ૭૦૦૦ કેસરી રંગની બસો, ૧,૨૪૯ કિલોમીટર લાંબી પાણીની પાઈપલાઈન, ૩૦૦,૦૦૦ છોડ વાવવામાં આવ્યા છે, ૧૨ કિલોમીટરથી વધુ લાંબા કામચલાઉ ઘાટ બનાવ્યા છે. રાજ્ય સરકારે ૧,૬૦,૦૦૦ તંબુઓ સ્થાપ્યા છે, જેમાં ૨,૨૦૦ વૈભવી તંબુઓનો સમાવેશ થાય છે. પ્રયાગરાજમાં ૨૧૮ હોટલ, ૨૦૪ ગેસ્ટ હાઉસ, ૯૦ ધર્મશાળા અને ઘણા હોમસ્ટે પણ છે.

### સ્ટીવ જોબ્સની પત્ની લોરેન્સ પોવેલ મહાકુંભમાં પધાર્યા

એપલના સહ-સ્થાપક સ્ટીવ જોબ્સની પત્ની લોરેન્સ પોવેલ જોબ્સ મહાકુંભમાં હાજરી આપતા પહેલા બાર જ્યોતિર્લિંગમાંથી એક બાબા કાશી વિશ્વનાથના આશીર્વાદ લેવા વારાણસી પહોંચી હતી. તેમણે બાબા કાશી વિશ્વનાથના દર્શન કર્યા. આ દરમિયાન, કાશી વિશ્વનાથ મંદિરમાં પ્રવેશ કરતી વખતે, તે ગુલાબી સૂટ અને દુપટ્ટાના પરંપરાગત પોશાકમાં જોવા મળી હતી. આ સમય દરમિયાન, તેમની સુરક્ષા માટે ઘણા પોલીસકર્મીઓ પણ તૈનાત કરવામાં આવ્યા હતા. ટૂંક સમયમાં, લોરેન્સ જોબ્સનું સનાતની નામ 'કમલા' થઈ જશે અને આગામી ૧૭ દિવસ સુધી, તે પ્રયાગરાજના નિરંજની અખાડાના મહામંડલેશ્વર કૈલાશાનંદ ગિરીની કથા સાંભળશે અને તે પણ કથાના પ્રથમ યજમાન બનશે. આ ઉપરાંત, તે ૧૦ દિવસ સુધી કલ્પવાસના નિયમોનું પાલન કરશે.

### મહાકુંભ માટે ૧૩ હજાર સ્પે. ટ્રેનો દોડાવાય

મહાકુંભ ૨૦૨૫ ના આયોજન માટે સરકાર અને વહીવટીતંત્ર દ્વારા ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. ભારતીય રેલ્વે પણ આ પ્રસંગ માટે સંપૂર્ણપણે તૈયાર છે. રવિવારે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મહાકુંભ ૨૦૨૫ ની તૈયારીઓની વિગતો આપી. તેમણે કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં, મહાકુંભને ધ્યાનમાં રાખીને, રેલવેએ ૫૦૦૦ કરોડ રૂપિયાના કાર્યો પૂર્ણ કર્યા છે. આ વખતે ૧૩,૦૦૦ ખાસ ટ્રેનોનું આયોજન કરવામાં આવ્યું છે જે ગયા કુંભ દરમિયાન દોડતી ટ્રેનોની સંખ્યા કરતાં લગભગ ચાર ગણી હશે.

### બે દિવસમાં ૧૧ શ્રધ્ધાળુઓને હાર્ટ એટેક

પ્રયાગરાજમાં મહાકુંભ મેળા દરમિયાન શિયાળાની અસર સ્પષ્ટપણે દેખાય છે. બે દિવસમાં કુલ ૧૧ લોકોને હૃદયરોગનો હુમલો આવ્યો હતો, જેમાંથી છ શ્રદ્ધાળુઓ પરેડ ગ્રાઉન્ડ ખાતેની સેન્ટ્રલ હોસ્પિટલમાં અને પાંચ શ્રદ્ધાળુઓ સેક્ટર-૨૦ સ્થિત સબ સેન્ટર હોસ્પિટલમાં સારવાર માટે પહોંચ્યા હતા. રાહતની વાત એ છે કે નવ શ્રદ્ધાળુઓને સારવાર બાદ રાહત મળી, જ્યારે બે શ્રદ્ધાળુઓને ગંભીર હાલતમાં એસઆરએસ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા.

# રશિયાના ક્રૂડ ઉપર અમેરિકાનું નિયંત્રણ ભારત માટે મુશ્કેલી સર્જશે?

## હવે મધ્ય પૂર્વ આફ્રિકા અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી વધુ ક્રુડ ખરીદવુ પડશે, જેના કારણે પેટ્રોલ-ડીઝલ સહિતના ઉત્પાદનોનો ખર્ચ વધશે

**અબતક, નવી દિલ્હી**

ચીન અને ભારતીય રિફાઈનર્સ મધ્ય પૂર્વ આફ્રિકા અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી વધુ તેલ ખરીદશે. જેના કારણે કિંમતો અને નૂર ખર્ચમાં વધારો થશે, વેપારીઓ અને વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, રશિયન ઉત્પાદકો અને શિપર્સ પર નવા યુએસ પ્રતિબંધોએ મોસ્કોના ટોચના ગ્રાહકોને પુરવઠો ઘટાડ્યો છે.



યુએસ ટ્રેઝરીએ શુક્રવારે રશિયન તેલ ઉત્પાદકો ગેઝપ્રોમ નેફ્ટ અને સુરગુટનેફ્ટેગાસ તેમજ રશિયન તેલ વહન કરતા ૧૮૩ જહાજો પર પ્રતિબંધો લાદ્યા હતા, જેનો હેતુ મોસ્કો દ્વારા યુક્રેન સાથેના યુદ્ધને નાણાં પૂરા પાડવા માટે ઉપયોગમાં લેવાતી આવકને નુકસાન પહોંચાડવાનો હતો. ૨૦૨૨ માં પશ્ચિમી પ્રતિબંધો અને સાત દેશોના જૂથ દ્વારા લાદવામાં આવેલી કિંમત મર્યાદાને કારણે રશિયન તેલનો વેપાર યુરોપથી એશિયા તરફ ખસેડવામાં આવ્યો હોવાથી, ભારત અને ચીનમાં તેલ મોકલવા માટે

(અનુ. આઠમા પાને)

# ‘એપલ’ના બમ્પર ક્રોપથી રૂ.૧ લાખ કરોડનું હૂંડિયામણ આવ્યું

## વર્ષ ૨૦૨૪માં એપલે બમ્પર નિકાસ કરી, ગત વર્ષની તુલનાએ નિકાસ ૪૧ ટકા વધી

**અબતક, નવી દિલ્હી**

સરકાર સ્થાનિક કક્ષાએ ઉત્પાદન ઉપર સતત પ્રોત્સાહન આપી રહી છે. જેથી દેશની નિકાસ વધી રહી છે અને હૂંડિયામણ આવી રહ્યું છે. આવી જ રીતે એપલનો બમ્પર ક્રોપ થયો છે. એટલે કે એપલના ગેજેટ્સનું ઉત્પાદન વધુ થયું છે. સામે નિકાસ પણ ૧ લાખ કરોડને આંબયું છે.

ઉદ્યોગના પ્રારંભિક અંદાજ મુજબ, એપલે ૨૦૨૪ માં ભારતમાંથી આઈફોન નિકાસ માટે રૂ.૧ લાખ કરોડનો આંકડો પાર કર્યો છે. તેની બાહ્ય નિકાસ ૧૨.૮ બિલિયન ડોલર એટલે કે રૂ.૧.૦૮ લાખ કરોડના રેકોર્ડને સ્પર્શશે. જે ગયા વર્ષ



કરતા ૪૧ ટકા વધુ છે.

આનું કારણ સ્થાનિક મૂલ્યવર્ધનમાં વધારો છે - જે મોડેલના આધારે ૧૫-૨૦% સુધી પહોંચ્યું છે - અને સ્થાનિક ઉત્પાદન એક વર્ષ પહેલાની તુલનામાં લગભગ ૪૬% વધીને ૧૭.૫ બિલિયન ડોલર એટલે કે રૂ.૧.૪૮ લાખ કરોડ થયું છે, ક્યુપરટિનો સ્થિત કંપનીએ ૨૦૨૩ માં ૯ બિલિયન ડોલરની નિકાસ કરી હતી, જે તેના ૧૨ બિલિયન ડોલરના સ્થાનિક ઉત્પાદનના ત્રણ-ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘ભારતમાંથી કોઈપણ એક ઉત્પાદનની નિકાસ

(અનુ. આઠમા પાને)

# ડોલર સામે રૂપિયો રાંક: શેરબજારની ‘કન્ની’ ડૂલ

## ઈન્ટરનેશનલ મોનીટરીંગ ફંડના ભારતમાં આર્થિક ગતિવિધિ ધીમી પડવાના નિવેદન બાદ ઉઘડત્તા સપ્તાહે સેન્સેક્સ અને નિફ્ટીમાં તોતિંગ કડાકા

**અબતક, રાજકોટ**

ઈન્ટરનેશનલ મોનિટરિંગ ફંડ દ્વારા ગઈકાલે એવું નિવેદન આપવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૨૫ માં ભારતમાં આર્થિક ગતિવિધિઓ નબળી અને ધીમી પડી શકે છે જેના કારણે આજે ભારતીય શેરબજારમાં મંદીની સુનામી આવી હતી. અમેરિકા ડોલર સામે ભારતીય રૂપિયા તૂટીને ૮૬.૫૨ સુધી પહોંચી જતા મંદી વિકરાળ બની હતી.તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં કડાકા બોલી ગયા હતા. રોકાણકારોના આબજો રૂપિયાનું ધોવાણ આજે એક જ દિવસમાં થઈ ગયું છે. સેન્સેક્સે ઈન્ટ્રા-ડેમાં ૭૭,૦૦૦ ની સપાટી તોડી હતી જ્યારે નિફ્ટી પણ ઉંધા માથે પટકાયુ હતું.જો રૂપિયો આવી રીતે તૂટતો રહ્યો તો આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ બે સોમવાર વધારો થવાની સંભાવના જણાય રહી છે. બીજી તરફ શેરબજારમાં હમણાં તેજી પરત ફરે તેવા કોઈ જ એંધાણ દેખાતા નથી.

આજે શેરબજારમાં જોરદાર કડાકો બોલાયો હતો.સેન્સેક્સ મોટા કડાકા સાથે ૮૯૮ પોઈન્ટ ઘટીને ૭૬,૪૭૯.૯૫ પહોંચી ગયો હતો. જ્યારે નિફ્ટી પણ ૩૦૮ પોઈન્ટ તૂટી ૨૩૧૨૩.૨૫ સુધી સરકી ગઈ હતી.માર્કેટ ઓપન થાય તે પહેલા જ સેન્સેક્સ-નિફ્ટીમાં મોટા ઘટાડાના સંકેતો મળી ગયા હતા. ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસ એટલે કે શુક્રવારે પણ શેરબજારના ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી બંને કડાકા સાથે બંધ થયા હતા. જોકે આજે બજારમાં કડાકા વચ્ચે ઝોમેટોના શેર સૌથી વધુ તૂટ્યા, જ્યારે ટાટા મોટર્સ, રિલાયન્સથી લઈને એચડીએફસી બેંકના શેરમાં પણ કડાકાની સ્થિતિ જોવા મળી. સોમવારે જ્યારે શેરબજાર ખુલ્યું ત્યારે સેન્સેક્સ ૭૬,૬૨૯.૯૦ પર ખુલ્યો જે તેના અગાઉના બંધ ૭૭,૩૭૮.૯૧ થી ૭૪૯.૦૧ પોઈન્ટ ઘટીને ૭૬,૫૩૫ ના સ્તરે પહોંચી ગયો હતો. જ્યારે નિફ્ટી પણ તેના અગાઉના ૨૩૪૩૨.૫૦ ના બંધ સ્તરથી નીચે આવીને ૨૩૧૯૫.૪૦ પર ખુલ્યો અને થોડી જ વારમાં તે ૨૪૭ પોઈન્ટ ઘટીને ૨૩૧૭૨.૭૦ સુધી પહોંચી ગયો હતો.

સોમવારે શેરબજારમાં આવેલા ભારે શરૂઆતના ઘટાડા વચ્ચે સૌથી વધુ ઘટેલા શેરોમાં ઝોમેટો લગભગ ૨%, એશિયન પેઈન્ટ્સ (૧.૭૦%), ટાટા મોટર્સ (૧.૫૦%), અદાણી પોર્ટ્સ (૧.૪૦%), ઈંડસઈંડ બેંક (૧.૪૦%) હતા. ), રિલાયન્સ (૧.૨૦%) ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા. મિડકેપ કંપનીઓમાં, અઠક શેર (૬.૭૯%), કલ્યાણ જ્વેલર્સ શેર (૫.૧૬%) અને છજીગક શેર (૪.૫૫%) નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા.

ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે શેરબજાર પણ ઘટાડા સાથે બંધ થયું. વૈશ્વિક બજારમાં મિશ્ર વલણ હોવા છતાં, આઈટી શેરોમાં વધારો જોવા મળ્યો, પરંતુ આ વધારો ઘટતા બજારને સંભાળી શક્યો નહીં. વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવેલી વેચવાલીથી પણ બજાર પર દબાણ વધ્યું. શુક્રવારે ઈજીઉ સેન્સેક્સ ૭૭,૬૮૨ પોઈન્ટના વધારા સાથે ખુલ્યો હતો, પરંતુ અંતે તે ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧% ના ઘટાડા સાથે ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો હતો.

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૮૯૮ પોઈન્ટના ઘટાડા સાથે ૭૬૪૭૯ અને નિફ્ટી ૩૦૮ પોઈન્ટના ઘટાડા સાથે ૨૩૧૨૩ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે.આજે ડોલર ૦.૫૫ ટકા તૂટ્યો છે.અને ૮૬.૫૨ની સપાટીએ પહોંચી ગયો છે.

ઉત્તરાયણ પ્રકાશ, પ્રકૃતિ, સંસ્કૃતિ, આકાશ અને સૂર્ય ઉપાસનાનું પર્વ

# કાલે આપણો ધાબા ઉત્સવ પણ: આખું વર્ષ દેશ અને વિશ્વના વિવિધ પ્રાંતોમાં ઊડતી રહે છે 'પતંગ'

## રાજસ્થાનમાં અખાત્રીજે તો મુંબઇમાં દિવાળીએ અને દિલ્હીમાં સ્વાતંત્ર્ય પર્વે ઉડે છે, પતંગ : અમદાવાદમાં પતંગોત્સવ બે દિવસ ચાલે છેઃ જાણકારોના મત મુજબ પતંગનું મહત્વ કે અસ્તિત્વ રામાયણ-મહાભારતમાં પણ જોવા મળે છે

### વિશ્વનાં સૌથી પ્રાચિન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે પતંગ શબ્દ વપરાયો હતો : હડપ્પા અને મોહે-જો-દરોની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપીમાં પતંગની આકૃતિ જોવા મળે છેઃ ભારતમાં પતંગ નામનો સર્વ પ્રથમ ઉલ્લેખ મંઝન નામના કવિએ તેની મધુમાલતી કવિતામાં કર્યો હતો

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આપણે મકર સંક્રાંતિએ પતંગ ઉડાડીએ છીએ પણ આજે કે કાલે કે આવતા મહિને પણ વિશ્વના અલગ અલગ દેશોના પ્રદેશોમાં પતંગ ઉડતી જ રહે છે. આપણાં દેશમાં પતંગને તિલંગી, પાળોલ, મકડા, ગાલપિટ્ટ અને પડાઈ જેવા નામોથી બોલાવાય છે. વિશ્વમાં અલગ અલગ દેશોમાં તેના આકાર- કદ - દેખાવ મુજબ તેના નામો જાણીતા છે. પતંગ શબ્દ હકિકતમાં સંસ્કૃત શબ્દ છે. આપણા દેશમાં કે વિશ્વમાં તેના આકાર - કદ મુજબ વિવિધ નામો છે. તેમ આપણાં ગુજરાતમાં પણ તેને ફૂમતાવાળા, પૂછડીવાળા, કાગડી, આંખદાર, પીળી, બગલું, ભૂરીભાત જેવા વિવિધ નામો જોવા મળે છે. તેના ઝુંડ ને પંજો અને ૨૦ પતંગોને કે જથ્થાને કૂડી કહેવાય છે.

પતંગો વિશેની અનેક કથા અને વાતો જાણીતી છે. તુલસીદાસ કૃત રામાયણના બાલ કાંડની ચોપાઈ તેનો ઉલ્લેખ અને રામે પતંગ ઉડાડી હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રણ હજાર વર્ષ પહેલા વનસ્પતિના પાંદડામાંથી પણ પતંગો બનતી હોવાનું માનવામાં આવે છે. સૌ પ્રથમ વિશ્વમાં ઈ.સ. પૂર્વે ૨૦૬માં પ્રથમ પતંગ ચગાવનાર ચીનના હુઆન સંગ હતા. વિશ્વનો સૌથી મોટો પતંગ ૬૩૦ ચોરસમીટર નું કદ ધરાવતો હતો, જયારે લાંબો પતંગ ૧૦૩૪ મીટરની લંબાઈ ધરાવતો હતો. જાપાનના એક પતંગ બાજે એક જ દોરી ઉપર ૧૧૨૮૪ પતંગ ઉડાડવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. સૌથી દુર ઉડાવવાનો વર્લ્ડ રેકોર્ડ કલાકની ૧૯૩ કી.મી. ઝડપે પતંગ ઉડાવવાનો છે. થાઈલેન્ડમાં પતંગ ઉડાડવાના ૭૮ નિયમો નકકી કરાયા છે.

આકાશમાં રંગરબેરંગી પતંગ ચગાવવાના અનેરા અવસરનું ઉત્સવ પર્વ મકર સંક્રાંતિ કાલે છે, ત્યારે પતંગ રસિયાનો ઉમંગ - ઉત્સાહ પતંગની જેમ જ આભને આંબી રહ્યો છે. ભારતમાં સંક્રાતના અનેક નામ અને રૂપ જોવા મળે છે, મહારાષ્ટ્રમાં ક્રિક્રાંતિ, બંગાળમાં સંક્રાતિ, તામિલનાડુ અને દક્ષિણ ભારત અને બંગાળમાં પોંગલ, યુપી અને બિહારમાં તેને ખીચડી પણ કહેવાય છે. સૂર્યનું એક નામ પતંગ પણ છે, આ પર્વ ઘણુ પ્રાચીન અને વ્યાપક છે. ઉતરાયણ પ્રકાશ, પ્રકૃતિ, સંસ્કૃતિ, આકાશ અને સૂર્ય ઉપાસનાનું પૂર્વ ગણાય છે. આપણા દેશમાં સૌપ્રથમ ૧૭૫૦ માં પતંગ ઉડી હતી. પતંગબાજીનો શોખ નવાબી શોખ ગણાતો હતો. છઠ્ઠી સદીમાં ચીનના રાજાએ પતંગને લઈને ઘણા પ્રયોગો કર્યા હતા.

ગુજરાતના અમદાવાદમાં તો બે દિવસ ઉત્સવ જેવો માહોલ હોય છે. અહિં વાસી ઉતરાયણનું વિશેષ મહત્વ છે. સુરત, બરોડા, રાજકોટ જેવા અનેક શહેરોમાં પતંગ રસીઓએ દોરો પાવાથી લઈને પતંગના આયોજન અગાઉથી જ કરેલ હોય છે. ધાબા ઉપર પરિવાર સાથે મિત્રો સાથે સવારથી સાંજ જલ્વામાં ડીજે, ચીકી, બોર, જીંજરા, ખજુર, ઉંધીયુ જેવા વ્યંજનો પણ સામેલ થાય છે. અત્યારે તો બજારમાં પતંગ દોરા, ફિરકી વિગેરેની ધુમ લેવાલી નીકળી પડી છે. નીત નવા પતંગો પણ આ વર્ષે જોવા મળી રહ્યા છે, જેમાં આ વર્ષે પુષ્પા, ઈન્ડિયન ફ્લેગ, ૨૦૨૫ વર્ષની તથા બાળકોને ગમતા વિવિધ કાર્ટુનોની પતંગોનો બજારોમાં ક્રેઝ જોવા મળે છે.



આપણાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં વર્ષમાં એક જ વખત મકર સંક્રાંતિ એ જ પતંગ ચગાવાય છે. પરંતુ દેશના અલગ અલગ પ્રદેશોમાં કોઈને કોઈ પર્વને નિમિત બનાવીને લોકો પતંગ ઉડાડે છે. તેથી દેશમાં આખુ વર્ષ કોઈને કોઈ તહેવારે પતંગ ઉડતી જ રહે છે. આ અંગેની વિગતોમાં પતંગ-દોરા અને ખાસ માંજો પાવા વાળા ધંધા સાથે સંકળાયેલા અને ધંધાને કારણે દેશભરમાં ફરતા રહેતા ધંધાર્થીઓ માટે આજીવિકાનું એક સાધન છે.

**પશ્ચિમ બંગાળમાં**

મુળ બંગાળીઓ નવરાત્રી દરમ્યાન, વિશ્વકર્મા જયંતિ ઉજવણીએ પતંગ ઉડાવીને પતંગ પર્વ ઉજવે છે.

રાજસ્થાનમાં ખાસ કરીને બિકાનેર શહેરમાં અખાત્રીજે પતંગ રસીયા પતંગ ચગાવે છે. આ પાછળના કારણોમાં રાજસ્થાનના રાજવી રાવ બિકાજીએ અક્ષય તૃતીયાના દિવસે બિકાનેર શહેર વસાવેલ તેથી સ્થાપના દિવસે ઉજવણીના ભાગરુપે પતંગ ઉડાડાય છે. આ દિવસે ખીચડો ખાવાનું વિશેષ મહત્વ છે. અખાત્રીજ પહેલા બીજના દિવસથી જ પતંગ ઉડાડાય છે. રાજસ્થાનના બીજા એક શહેર જોધપુરમાં અખાત્રીજે પતંગ ચગાવવાનો રિવાજ છે, પરંતુ અખાત્રીજ કરતાં રક્ષાબંધનના દિવસે પતંગો વધુ ચગાવાય છે. રાજયના જયપુરમાં મકર સંક્રાંતિએ જ પતંગ ઉડાડાય છે.પાટનગર દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ચગાવાય છે. જયારે બોલીવુડ નગરી મુંબઈમાં દિવાળી દરમ્યાન પતંગ રસીયા પતંગ ચગાવે છે. જો કે હવે મુંબઈમાં ગુજરાતી સ્થાય થયેલા ગુજજુ પરિવારો મકર સંક્રાતિએ જ પતંગ ઉડાડે છે. દક્ષિણના પ્રમુખ રાજય તામિલનાડુમાં પોંગલ ઉત્સવમાં પતંગ પ્રજા ચગાવે છે.

આખા દેશમાં પતંગ ઉડાવવાનુ વિશેષ મહત્વ ઉત્તર પ્રદેશમાં છે, અહીં પતંગ રસીયાઓ બારે માસ પતંગ ઉડાડતા જોવા મળે છે. લખનૌમાં દિવાળી પર્વે તો કાનપુરમાં રક્ષાબંધને, મુરાદાબાદમાં વસંત પંચમીએ પતંગ ઉડાડવાનો રીવાજ છે.

### ત્રણ હજાર વર્ષ પહેલા પાંદડામાંથી પ્રથમ પતંગ બનાવ્યો હતો !

વિશ્વનો સૌથી નાનો પતંગ પાંચ મિલીમીટર જેટલું ઉંચુ ઉડયો હતો. દુનિયાના સૌથી મોટા પતંગને 'મેગા ફલેગ' તરીકે ઓળખાય છે. સૌથી પહેલો પતંગ વૃક્ષના પાંદડામાંથી ત્રણ હજાર વર્ષ પહેલા બનાવ્યો હતો. અત્યાર સુધી સૌથી ઝડપી ઉડાડવામાઃ આવેલો પતંગ કલાકની ૧૯૩ કી.મીની ઝડપ ધરાવતો હતો. ન્યુઝીલેન્ડમાં પક્ષીના આકારોની પતંગોનો ક્રેઝ છે. જાપાની લોકો પતંગ ઉડાવવામાં જ પ્રવૃત રહેતા હોવાથી ૧૭૬૦ માં તેની ઉપર પ્રતિબંધ મુકાયો હતો. અમેરિકન સૈનિકો પતંગોનો સંદેશા વ્યવહાર તરીકે ઉપયોગ કરતાં હતા. ચીનમાં ડ્રેગન આકારના પતંગો ખુબ જાણીતા છે. ૧૯૦૧ માં માર્કોની એ પતંગની મદદથી પ્રથમવાર રેડીયો તરંગોના માધ્યમથી સંદેશાઓને એટલાન્ટિક સમુદ્રની પાર મોકલવામાં સફળતા મળી હતી.

### પતંગોની શોધનો દાવો કરનાર ચીન અને ગ્રીક

પતંગની સૌ પ્રથમ શોધ હકિમલ કમાને બનાવી હોવાનો ચીનનો દાવો છે, તેમણે ડ્રેગન નામનો પતંગ બનાવ્યો હતો. ચીન-કોરિયા અને જાપાનમાં પતંગનો ઉપયોગ જાહેર ખબર માટે થતો હતો. અમદાવાદના પાલડી ખાતે કાઈટ મ્યુઝિયમ આવેલું છે. આજે તો આપણા દેશના વિવિધ શહેરોમાં ભવ્ય પતંગ મહોત્સવ યોજવામાં આવે છે, જેમાં વિદેશના પતંગબજો પણ પોતાની અવનવી ચિત્ર વિચિત્ર પતંગ અને ફીરકી લઈને પતંગો ચગાવતા નજરે પડે છે.

આપણા ગુજરાતમાં અપવાદ રુપ પ્રભાષ પાટણમાં મકર સંક્રાતિ એ પતંગ નથી ઉડતી પણ, ભર ચોમાસે પિતૃશ્રાદધના દિવસોથી પતંગ ઉડાડવાનું શરુ કરાય છે. જે છેક દેવદિવાળી સુધી ચાલે છે. પંજાર હરિયાળામાં મકર સંક્રાંતિ 'માઘી' નામથી ઓળખાય છે. સંક્રાંતનો એક દિવસ પહેલા 'લોહિડી' નો ઉત્સવ મનાવે છે.આપણા દેશમાં અલગ અલગ નામથી દેશભરમાં સંક્રાતનું પર્વ મનાવાય છે અને આખુ વર્ષ પતંગના પડછાયા દેશમાં કયાંયને કયાંક ઝીલાતા રહે છે.

# તત્વ નેચરોપેથી ફાઉન્ડેશનની નવીન પહેલ

### ઉંધીયુ તથા દહીંવડાની આવકનો ૫૦%નો હિસ્સો બર્ડ રેસ્કયૂ સારવાર અર્થે કરાશે અર્પણ

**અબતક,રાજકોટ**

મકરસંક્રાંતિ નિમિત્તે વેચાણ કરી પ્રાપ્ત થતી રકમ બર્ડ રેસ્ક્યુ સારવાર અર્થે દાનમાં વાપરવામાં આવે છે. આજે દિવસે દિવસે આધુનિક યુગની દોડમાં શુદ્ધ અને સાત્વિક દેશી ચૂલા ઉપર બનાવેલ પ્રાકૃતિક શાકભાજી અને મસાલાથી બનેલ જૈન તેમજ રેગ્યુલર ઊંધિયું તથા દહીવડા મેળવવા ખૂબ જ મુશ્કેલ હોય છે. તો આવા સમયે લોકોના આરોગ્ય સાથે કોઈ પણ બાંધછોડ ન થાય તેવા હેતુથી તત્વ નેચરોપેથી ફાઉન્ડેશન દ્વારા ઊંધિયું-દહીંવડા બનાવવાનું આયોજન થયેલ છે. જેનાથી થતી આવકના ૫૦% રકમ જીવદયાના હેતુથી બર્ડ્સ રેસ્ક્યુ સારવાર અર્થે દાન સ્વરૂપે આપવામાં આવશે.

ડો. રસીલાબેન પટેલ બીપીન પટેલ, પ્રકૃતિપ્રેમી દિનેશભાઈ પટેલ, ડો.વૈભવી વેદ, ડો.નિરૂપા વૈદ્ય, સુનિલભાઈ સાંગાણી (એનવીટ્રો લેબ), જીજ્ઞાબેન ઠક્કર (નેચરોપેથ સમાજ સેવિકા) જેવા લોકો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવશે.

આથી સર્વ લોકોએ પોતાનો ઓર્ડર બુક કરાવવા માટે તત્વ નેચરોપેથી ફાઉન્ડેશન નાલંદા માર્ગ નં.-૩, કોટેચા ચોક, કાલાવડ રોડ, મોબાઈલ નંબર ૯૯૧૩૧ ૩૪૫૨૨ ઉપર તારીખ ૧૩ /૧/ ૨૫ ના બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધીમાં એડવાન્સ બુકિંગ મેળવી લેવા અને તારીખ ૧૪ /૧/૨૫ ઉતરાયણના દિવસે બપોરના ૧૧-૦૦થી ૩-૦૦ સુધીમાં કલેક્ટ કરી લેવાનું રહેશે.

# કબા ગાંધીના ડેલામાં 'ગાંધી વિચાર દર્શન' અંગેના અભ્યાસ વર્ગનું આયોજન

**અબતક, રાજકોટ**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના પિતા કરમચંદ ગાંધી પોરબંદરથી રાજકોટ ખાતે સને ૧૮૮૧માં કબા ગાંધીના ડેલામાં આવીને રહ્યા હતા.

ગાંધીજી તેમના જીવનના શરુઆતના વર્ષોમાં અહી રહેતા હતા. જે ઘરમાં રહેતા હતા તે ઘરનું નામ હાલ 'કબા ગાંધીના ડેલા' તરીકે ઓળખવામાં આવે છે.

ગાંધી સ્મૃતિ સમા કબા ગાંધીનાં ડેલાની મુલાકાતે લોકો દેશ વિદેશથી આવે છે. જે સંગ્રહાલયમાં ગાંધીજીના ફોટોગ્રાફસનું પ્રદર્શન છે.

ગાંધી વિચારો અને તેમના જીવન કાર્યોને ઉજાગર કરવા તથા ખરા અર્થમાં રાષ્ટ્ર પ્રત્યેના ગાંધીજીના યોગદાન અંગેના તલસ્પર્શી અભ્યાસ કરવાના ઉમદા હેતુથી ગાંધી વિચાર દર્શન હેઠળ એક અભ્યાસ આગામી ફેબ્રુઆરી-૨૦૨૫ ના માસથી નિઃશુલ્ક ધોરણે શરુ કરવામાં આવનાર છે.

૧૫ કે તેથી વધુ વયના કોઈપણ ભાઈઓ- બહેનો જોડાઈ શકે છે. મર્યાદિત સંખ્યામાં જ વહેલો તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોય આ વર્ગમાં જોડાવા માટે ઈચ્છુક ભાઈઓ-બહેનોએ સંસ્થાના કાર્યાલય કબા ગાંધીનો ડેલો, ૮, કડિયા નવલાઈન લાખાજીરાજ, રાજકોટ ખાતે તા. ૨૦મી જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં સવારે ૧૦ થી ૪ દરમિયાન માત્ર ૧૦૦ ની નોંધણી ફી રુપે જમા કરાવી પોતાના નામ નોંધાવી શકશે એમ ગાંધી સ્મૃતિ ટ્રસ્ટના મંત્રી ડો. અલ્પનાબેન ત્રિવેદીએ જણાવ્યું છે.

# મકર સંક્રાંતિઃ સુર્ય નારાયણની ઉપાસનાનું મહાપર્વ

## વિજ્ઞાન અને ધર્મ શાસ્ત્રોમાં પણ અનન્ય મહત્વ ધરાવે છે ઉત્તરાયણ

**:: સંકલન ::**



**ડો.રાજેશ ત્રિવેદી, રાજકોટ**

મકર સંક્રાતિ દર વર્ષે ૧૪મી જાન્યુઆરી એ જ આવે છે. જેને સમગ્ર હિન્દુ સમાજ હર્ષ-આનંદ, ઉલ્લાસ અને મોજ મજા આનંદથી માણે છે. આ તહેવારની ધાર્મિક અને ઐતીહાસીક અનેક બાબતો અવતરીત અને જોડાવેલી છે.

મકર સંક્રાતિના દિવસથી ભગવાન સુર્ય પોતાનું તેજ વધારે છે. અને પૃથ્વીના ગોળાર્ધમાં પ્રવેશે છે હિન્દુ ધર્મ પ્રમાણે મહિનાને બે ભાગમાં વહેચવામાં આવે છે કૃષ્ણ પક્ષ અને શુકલ પક્ષ પહેલું ઉતરાયણ અને બીજી દક્ષિણાયન મકર સંક્રાતિના દિવસે સુર્ય પૃથ્વીની પરિક્રમા કરવાની દિશા બદલાવીને થોડી ઉતર તરફ વળી જાય છે. જેથી આ સમયને ઉતરાયણ કહેવાય છે.

પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર, જે દરેક શ્રદ્ધાળુ હિંદુ દ્વારા રોજ ઉચ્ચારાય છે તે ભગવાન સૂર્યદેવને જ્ઞાન અને બુદ્ધિના અવતાર પણ છે. ભગવાન કૃષ્ણ ગીતામાં અર્જુનને કહે છે કે આ જ્ઞાન(ગીતાનું) તેમણે પહેલા અનેક વખત કહ્યું છે જેમાં સૌ પ્રથમ વીવસ્વાન- સૂર્યને કહ્યું હતું, આમ સુર્ય કૃષ્ણના પ્રથમ શિષ્ય હતા રવિને (સુર્ય) માટે ક્યારેય રવિવાર હોતો નથી, તે નિરંતર કાર્યશીલતમાં માને છે.

ઉતરાયણને શુભ માનવામાં આવે છે, આથી મકર સંક્રાતિને શુભ સમયની શરૂઆત રૂપે ઉજવવામાં આવે છે.

એક વાત પ્રમાણે મકર સંક્રાંતિના દિવસે આપણા સૌની પવિત્ર ગંગા નદીનું ધરતી પર અવતરણ થયું હતું. મહાભારતમાં પિતામહ ભીષ્મએ સુર્ય ઉતરાયણ તરફ હોવાથી સ્વેચ્છાએ શરીરનો પરિત્યાગ કર્યો હતો. અને તેનું શ્રાદ્ધ-સંસ્કાર પણ સુર્યની ગતિમાં થયું હતું. કારણ કે ઉતરાયણમાં દેહને પરિત્યાગ કરવાવાળી આત્માઓ થોડો સમય માટે દેવલોક ચાલી જાય છે અથવા તો પુનર્જન્મ થી છુટકારો પ્રાપ્ત કરે છે. મકર સંક્રાતીએ જ્ઞાનની દેવી માં સરસ્વતીની પૂજા, આદર કરવાનો પણ તહેવાર છે. જીવનના લક્ષ્યો પુરા કરવાની ઈચ્છા રાખનાર માટે આ આદર્શ સમય મનાય છે મકર સંક્રાતિનો મહત્વપૂર્ણ સમય,પરિવર્તનનો, જુનું ત્યજી અને નવું અપનાવવાનો સમય છે. ગુજરાતમાં આ સમયે છડેલા ધાન્યની અને તલની મીઠાઈઓ, ખાદ્ય પદાર્થો બનાવી અને દાન કરવામાં આવે છે. ગુજરાતમાં આ દિવસે ઘઉં, બાજરી કે જુવારને છડીને તેનો ખીચડો બનાવવામાં આવે છે, બહેન-દીકરી તથા અન્ય લોકોને ખીચડો ખવડાવવામાં આવે છે. ગૌ માતા નું પુજન કરવામાં આવે છે.ભારતનાં અન્ય પ્રાંતોમાં આજના દિવસે માલિક પોતાના નોકરોને અન્ન, વસ્ત્ર અને ધન વગેરે સામગ્રી દાન-ભેટ સ્વરૂપે આપે છે.

વિષ્ણુ ધર્મસૂત્રમાં કહેવાયું છે કે પિતૃના આત્માની શાંતિ માટે તેમજ પોતાના સ્વાસ્થ્ય વર્ધન અને સર્વ કલ્યાણ માટે તલનો ૬ પ્રકારે આ દિવસે પ્રયોગ પુણ્યદાયક તેમજ ફલદાયક હોય છે.

૧. તલ જલસ્નાન ૨. તલ ભોજન ૩. તલ દાન ૪.તલ જળ અર્પણ ૫. તલ આહુતિ ૬. તલ ઉબટન

આ દિવસે દાનનું ખુબ મહત્વ રહેલું છે. હિન્દુઓ આ દિવસે બ્રાહ્મણોને દાન આપે, ગાયને ઘાસ ખવડાવે, ગરીબોને ભોજન - કપડાનું દાન આપે છે.

આ સુંદર દિવસે લાખો લોકો છત અને અગાશીઓ પર ચળી હર્ષ અને ઉલ્લાસભેર પતંગ ઉડાડવાનો આનંદ માણે છે. આકાશ ઈન્દ્રધનુષની માફક રંગબેરંગી પતંગો વડે છવાઈ જાય છે. ગુજરાત રાજ્ય તેની સાંસ્કૃતિક વિવિધતા અને તહેવારો માટે જાણીતું છે. આમાં ઉતરાયણ પણ મહત્વનો તહેવાર છે. લોકો આખો દિવસ પોતાની પતંગ ઉડાડવાની કલાનું અન્ય ઉડતી પતંગોને કાપીને પ્રદર્શન કરે છે. ઉતરાયણનો બીજો દિવસ (૧૫ જાન્યુઆરી) 'વાસી ઉત્તરાયણ' તરીકે મનાવાય છે. આમ સતત બે દિવસ આ આનંદમય તહેવારની ઉજવણી ચાલે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૧-૨૦૨૫ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ગુજ્જુભાઈ ધ ગ્રેટ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાજમા કી ગુલોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (HMPV વાયરસ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (હદ કરો છો હસુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૧-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવકથા (પૂ.ગીરી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૪-૧-૨૦૨૫ મંગળવાર**

| | |
|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૫ |
| તિથી | પોષ વદ એકમ મકરસંક્રાંતિ કમુહર્તાપૂરા |
| નક્ષત્ર | પુનર્વસુ |
| યોગ | વિષ્કુભ **કરણઃ** બાલવ |
| સુર્યોદય | ૭.૨૯ **સુર્યાસ્તઃ** ૬.૨૩ |
| ચંદ્ર રાશી | કર્ક |
| રાશિ અક્ષર | ડ.હ |
| દિશાશૂળ | ઉત્તર દિશા તરફ |
| રાહુકાળ | બપોરે ૩ થી ૪.૩૦ |
| દિવસનાચોઘડીયા | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ |
| રાત્રીનાચોઘડીયા | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૩૩ થી ૧.૧૭ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૪.૧.૨૦૨૫, મંગળવાર, સંવંત ૨૦૮૧, પોષ વદ એકમ, મકરસંક્રાંતિ, પુનર્વસુ નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : નવા કાર્યમાં આગળ વધી શકો, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.

**મિથુન (ક,છ,ઘ)** : ભાગીદારીમાં કાળજી રાખવી પડે, આર્થિક બાબતોમાં મધ્યમ રહે, અન્ય બાબતો માં સારું રહે.

**કર્ક (ડ,હ)** : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ)** : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે, સાંજ ખુશનુમા વીતે.

**કન્યા (પ,ઠ,ણ)** : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.

**તુલા (ર,ત)** : અગાઉના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન ,ય)** : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય, અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.

**મકર (ખ,જ)** : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**કુંભ (ગ,સ,શ)** : હિત શત્રુઓથી સાવધ રહેવું, વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.

**મીન (દ,ચ,ઝ,થ)** : પ્રણય માર્ગે આગળ વધી શકો, ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

### ૧૬ દેશોના પતંગ બાજોએ રાજકોટના આકાશને રંગીન બનાવ્યું

# સંસ્કૃતિને ભૂલ્યા વિના ઉડાન ભરવાની સાંસદની શીખ

## ગ્રીસ, ઈટલી, લેબનોન, લીથુઅનિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, રિયુનિયન, રશિયન ફેડરેશન, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વિત્ઝરલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામ સહિત દેશોના પંજાબ અને રાજસ્થાન સહિત વિવિધ રાજ્યોના પતંગવીરો જોડાયા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો હતો. જેનો શુભારંભ સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ કરાવ્યો હતો.આ તકે સાંસદ રૂપાલાએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તળપદા તહેવાર ઉત્તરાયણને આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ સુધીની ગરિમા સુધી પહોંચાડયો છે. પ્રધાનમંત્રીએ યોગ, ધ્યાન, ઉત્તરાયણ જેવા આપણા સાંસ્કૃતિક પર્વોને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે.



તસવીરઃ કરન વાડોલિયા









તેમણે પતંગોત્સવ થકી ઉદ્યોગ, રોજગારી અને પ્રવાસનને વેગ આપ્યો છે.

આ સાથે પતંગ થકી જીવનની શીખને સમજાવતા સાંસદએ કહ્યું હતું કે, પતંગ માનવીને પોતાના મૂળ સ્ત્રોત, પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવાની શીખ આપે છે, તે ઉપદેશ આપે છે કે, જયાં સુધી આપણે મૂળ સાથે જોડાયેલા છીએ ત્યાં સુધી જ ઉડાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. સંસ્કૃતિનું જોડાણ તૂટતા આપણી પતંગ કપાઈને જમીન દોસ્ત થઈ જાય છે.

આ પ્રસંગે મેયર નયનાબેન પેઢડીયાએ આગામી મકરસંક્રાંતિ પર્વની શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, રંગીલા શહેર રાજકોટમાં રંગીલા પતંગોત્સવએ અભૂતપૂર્વ નજારો બની રહેશે ત્યારે જીવનમાં પણ પતંગ અવનવું શીખવી જાય છે જેમ કે, સહકાર,સંપ, કરુણા જેવા પતંગોને ચગાવી જીવનને ઉન્નત લઈ જવું અને મોહ,કામ,ક્રોધ જેવા પતંગોને કાપીને તેનાથી દૂર થવું એ ઉતરાયણ પર્વ માનવને શીખવી જાય છે.

### વિદેશી પતંગબાજો ગુજરાતી ગીતો પર મનમૂકીને ઝૂમ્યા

“ પતંગ ઉત્સવ પ્રસંગે રાજકોટ પધારેલા નેધરલેન્ડના પતંગબાજ શ્રીમાન પીટરે ગુજરાતમાં પતંગ ઉત્સવમાં પધારીને થતી હર્ષની લાગણી વ્યકત કરી હતી, તેમણે રાજકોટ શહેરને સુંદર જણાવી પતંગોત્સવમાં આમંત્રણ બદલ આભાર વ્યકત કર્યો હતો. ઉત્સવમાં વિદેશથી પધારેલા પતંગબાજો પણ ગુજરાતી ગીતો પર ઝૂમ્યા હતા.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જયમીન ઠાકરે સ્વાગત પ્રવચન દ્વારા સર્વનું સ્વાગત

(અનુ. આઠમા પાને)

# કોમ્પ્યુટર લેબ, ૩ લેબોરેટરી અને ઈ-લાયબ્રેરીથી સજજ કોર્પોરેશનની હાઈસ્કુલનું લોકાર્પણ







## હું શિક્ષક હતો ત્યારે હાઈસ્કુલ ઉછીના મકાનમાં ચાલતી હતી અને હવે કોર્પોરેટ ઓફીસને ટકકર મારે તેવી શાળાનું લોકાર્પણ કરાયુંઃ સાંસદ પરસોતમ રૂપાલા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારાવોર્ડ નં.૪માં ભગવતીપરા વિસ્તારમાં રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે નવનિર્મિત અત્યાધુનિક અને સુવિધાયુકત માધ્યમિક શાળા(હાઈસ્કુલ)ના બિલ્ડીંગનું લોકાર્પણ સાંસદ પરસોતમભાઈ રૂપાલા દ્વારા કરાયું હતુ.

સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, હું પણ એક માધ્યમિક શાળાનો શિક્ષણ હતો, મારી શરૂઆત એક શિક્ષણ તરીકેની છે. મારા સમયમાં એટલે કે ૧૯૭૭ના સમયમાં માધ્યમિક શાળા એક ઉછીના મકાનમાં શરૂ કરાવેલ અને આજે મારા જ હસ્તે અદ્યતન શાળાનું લોકાર્પણ કરવામાં આવેલ છે આ છે પરિવર્તન. આ રાજકોટ મહાનગરપાલિકાના વિકાસની ગતિ છે. આ શાળા માત્ર એક વોર્ડની શાળા છે

આજે સ્વામી વિવેકાનંદજીનો જન્મ દિવસ છે અને આજન દિવસે બાળકો માટેની શાળાનું લોકાર્પણ કરવાનો મને અવસર મળ્યો છે. સ્વામી વિવેકાનંદજીની વાત કરીએ તો તેના મોઢે એટલું તેજ છે કે તેના ફોટોને દસ મિનિટ જોવાથી જ આપણા શરીરમાં અલગ જ ઉર્જા આવી જાય છે. સ્વામી વિવેકાનંદ આપણા દેશના રતન છે.

આ તકે મેયર જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા જ્યાં માનવી ત્યાં સુવિધાના સૂત્ર સાથે કામ કરી રહી છે. શહેરનોછેવાડાનો અને વિકાસશીલ વિસ્તાર ભગવતીપરામાં છેલ્લા એક દશકામાં અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વિસ્તારના નાગરિકો માટે રોડ, ડ્રેનેજ નેટવર્ક, વોટર નેટવર્ક, અદ્યતન ટાઉનશીપ, આરોગ્ય કેન્દ્ર, રેલ્વે ઓવરબ્રિજની સુવિધા તેમજ ટાઉન પ્લાનિંગ સ્કીમ તૈયાર કરવામાં આવે છે.

રૂ.૧૯.૩૮ કરોડના ખર્ચે અદ્યતન અને સુવિધાયુક્ત માધ્યમિક શાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. શહેરની મસમોટી ફી વસુલતી ખાનગી શાળાઓને પણ ટક્કર મારે તેવી કોર્પોરેટ ઓફીસ કલ્ચરની શાળાનું નિર્માણ કરવામાં આવેલ છે. આ નવનિર્મિત હાઈસ્કુલના બિલ્ડીંગમાં કુલ ૫૦૮૪ ચો.મી.બિલ્ટઅપ એરિયાનું બાંધકામ કરવામાં આવેલ છે. જેમાં, ગ્રાઉન્ડ ફલોર પર ૧૪ કલાસરૂમ, ૨ એક્ટીવીટી રૂમ, ૨ સ્ટાફ રૂમ, ૧ એકાઉન્ટ રૂમ, ૧ એડમિનિસ્ટ્રેશન ઓફીસ, ૧ પ્રિન્સીપાલ ઓફીસ, ૧ કાઉન્સેલિંગ

(અનુ. આઠમા પાને)

### નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રનોની રમખાણ

# જેમિમાહ રોડ્રિગ્સની સદીઃ ભારતીય મહિલા ટીમે વન-ડે શ્રેણી જીતી લીધી

## જેમિમાહના ૧૦૨ રન, હરલીન દેઓલના ૮૯ રન, સ્મૃતિ મંધાનાના ૭૩ રન અને પ્રતિકા રાવલના ૬૭ રનની મદદથી ભારતે ૩૭૦ રનનો તોતીંગ જૂમલો ખડકયો



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના ખંઢેરી સ્થિત નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી બીજી વનડેમાં આયર્લેન્ડની ટીમને ૧૧૬ રને પરાજય આપી ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ત્રણ વનડે મેચની શ્રેણી જીતી લીધી છે. જેમિમાહ રોડ્રિગ્સે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. આ ઉપરાંત ત્રણ બેટરોએ શાનદાર અર્ધી સદી ફટકારી હતી.

બીજી વનડેમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમના સુકાની સ્મૃતિ મંધાનાએ ટોસ જીતી પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. જેમિમાહ રોડ્રિગ્સે ૯૧ બોલમાં ૧૨ ચોગ્ગાની મદદથી ૧૦૨ રન ફટકાર્યા હતા આ તેની વનડે ક્રિકેટ કારકીર્દીની પ્રથમ સદી હતી આ ઉપરાંત હાર્લીન દેઓલના ૮૪ બોલમાં ૧૨ ચોગ્ગાની મદદથી ૮૯ રન, સુકાની સ્મૃતિ મંધાનાના ૫૪ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૨ સિકસરની મદદથી ૭૩ રન અને પ્રતિકા રાવલના ૬૧ બોલમાં ૮ ચોગ્ગા અને એક સિકસરની મદદથી ૬૭ રનની મદદથી નિર્ધારિત ૫૦ ઓવરમાં પાંચ વિકેટના ભોગે ૩૭૦ રનનો તોતીંગ જૂમલો ખડકયો હતો.

પ્રમાણમાં નબળી મનાતી આયર્લેન્ડની મહિલા ટીમે પણ સારી એવી ફાઈટ આપી હતી. ૩૭૧ રનના લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરેલી આયર્લેન્ડની ટીમે કલ્ટર રેલીના ૮૦ રન, સરહ ફાઈર્સના ૩૮ રન, લોરા ડેલેનીના ૩૭ રનની મદદથી નિર્ધારિત ૫૦ ઓવરમાં ૨૫૪ રન બનાવી શકી હતી. બીજી વનડેમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમનો ૧૧૬ રને શાનદાર વિજય થયો હતો. ત્રણ વનડે મેચની શ્રેણીની પ્રથમ બે વનડે મેચ જીતી ભારતે શ્રેણી ફતેહ કરી લીધી છે.



ટુર્નામેન્ટની ત્રીજી અને આખરી વનડે આગામી બુધવારે રમાશે. રાજકોટના આંગણે પ્રથમવાર મહિલા ટીમો વચ્ચે આંતરરાષ્ટ્રીય વનડે મેચ રમાઈ રહ્યો હોય ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રેક્ષકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવી રહ્યો હોય પ્રેક્ષકોની નોંધપાત્ર હાજરી જોવા મળી રહી છે.



તંત્રી લેખ

# જીવનું શિવ સાથે પરોક્ષ મિલન એટલે મહા કુંભ મેળો

પ્રયાગરાજમાં કુંભમેળાનો મંગલ આરંભ થઈ ચૂક્યો છે.જે આગામી ૨૬મી ફેબ્રુઆરી સુધી એટલે કે ૪૫ દિવસ સુધી ચાલશે. કુંભ મેળા સનાતન ધર્મનાં જાતકો માટેનું અતિ મહત્વનું પર્વ માનવામાં આવે છે. આઝાદીનાં સાત દાયકા પછી દેશમાં આ પર્વ વિશે કોઈપણ સરકારે કે ફિલ્મ ઉદ્યોગમાં તેનું મહત્વ ક્યારેય જનતા સમક્ષ બતાવ્યું નથી. કુંભનો મેળો કેમ ભરાય છે તેની પાછળની વાત એવી છે કે, સમુદ્ર મંથન સમયે કુલ ૧૪ રત્નોની પ્રાપ્તિ થઈ હતી બસ એટલી જ વાત આપણને ખબર છે.૧૪ રત્નોમાં સૌથી પ્રથમ વિષ એટલે કે ઝેર નીકળ્યું હતું. આ વિષ માટે બધા દેવોએ શિવજીને આ વિષનું પાન કરી લેવા આજીજી કરી હતી. ભોળિયોનાથ વિશ ધારણ કરી લીધું હતું.ત્યારબાદ તેઓ નીલકંઠ કહેવાયા.આ વિષમાં એટલી ગરમી હતી કે શિવજીને ઠંડક માટે માથે ચંદ્ર ધારણ કરવો પડયો છે. છેલ્લે ૧૪ મું રત્ન અમૃત નીકળ્યું હતું.દાનવો આ અમૃતમાં ભાગીદાર ન થાય તે માટે દેવો આ અમૃતનાં ઘડા ને લઈને ભાગવા માંડવા માંડ્યા હતા.દોડતી વેળાએ રસ્તામાં ચાર જગ્યાએ વિશ્રામ વેળાએ કુંભ જમીન ઉપર રાખવા જતા ત્યાં અમૃતનાં એક-એક બિંદુ પડ્યા હતા. આ ચાર જગ્યાએ કુંભ સ્નાનનું મહત્વ શરૂ થયું હતું.જેમાં

પ્રયાગ રાજ,ઉજ્જૈન , હરિદ્વાર અને નાસિકનો સમાવેશ થાય છે હવે કુંભ મેળો ક્યા સંજોગો માં ભરાય છે તેના પર નજર કરવામાં આવે તો ધર્મનો કારક ગુરુ જ્યારે વૃષભ,સિંહ ,વ્રશ્ચક અને કુંભ રાશિમાં ભ્રમણ કરે છે ત્યારે કુંભ મેળો ભરાય છે સૂર્ય ,ચંદ્ર અને ગુરૂનાં વિશિષ્ટ સંયોગથી ચાર જગ્યાએ કુંભ મેળો ભરાય છે.ગુરૂ વૃષભ રાશિમાં ,સૂર્ય મકર રાશિમાં ચંદ્ર કર્ક રાશિમાં આમ ગુરૂ, સૂર્ય અંડ ચંદ્રનો વિશિષ્ટ સંયોગ હોય ત્યારે પ્રયાગ રાજમાં કુંભ મેળો ભરાય છે.

સિંહ રાશિમાં ગુરૂ હોય અને સૂર્ય સિંહ રાશિમાં હોય ત્યારે નાસિક ત્રંબકેશ્વરમાં કુંભ મેળો ભરાય છે.

ગુરૂ વ્રશ્ચીક રાશિમાં અને સૂર્ય મેષ રાશિ માં અને ચંદ્ર તુલા રાશિમાં હોય ત્યારે ઉજ્જૈન માં કુંભ મેળો ભરાય છે. ગુરૂ કુંભ રાશિમાં અને સૂર્ય મેષ રાશિ માં ત્યારે હરિદ્વાર માં કુંભ મેળો યોજાય છે. કુંભ મેળો એક જ જગ્યાએ દર બાર વર્ષે આવે છે.દર છ વર્ષે અર્ધ કુંભ મેળો આવે છે . દર ૧૪૪ માં વર્ષે મહાકુંભ મેળો આવે છે. આ વર્ષે પ્રયાગ રાજમાં મહાકુંભ મેળાનું આયોજન છે અને હવે પછી ૨૧૬૯ માં મહાકુંભ મેળાનું આયોજન થશે. અર્ધ કુંભ મેળો દર ૬ વર્ષે ભરાય છે. ગુરૂ વ્રશ્ચીક રાશિમાં અને સૂર્ય મકર રાશિમાં હોય ત્યારે પ્રયાગ રાજમાં અર્ધકુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે.ગુરૂ સિંહ રાશિ અને સૂર્ય મેષ રાશિમાં હોય ત્યારે ગંગા નદી નાં તટ ઉપર હરિદ્વાર માં અર્ધ કુંભ નું આયોજન કરવામાં આવે છે. કુંભ મેળોમાં સ્નાનનું વિશેષ મહત્વ શું છે.સોમવતી અમાસ .. હોય ,સૂર્ય ગ્રહણ હોય, ચંદ્ર ગ્રહણ હોય,પૂનમ હોય, અગિયાર હોય તે દિવસે,ગુરૂ સાથે સૂર્ય એક જ રાશિમાં આવે તે મહિનામાં સ્નાનનું મહત્વ છે. સૌ પ્રથમ તપસ્વી સાધુ સંતો અને નાગા સાધુઓ આ મેળામાં શાહી સ્નાન કરે છે. ત્યાર પછી આમ જનતા અહીંયા સ્નાન કરે છે જેથી સાધુ સંતો તપસ્વી ઓનાં તપ નું ફળ આમ જનતા ને પણ મળે.તેવી માન્યતા છે.પ્રયાગ રાજ માં દર બાર વર્ષે કુંભ નું આયોજન કરવામાં આવે છે.

# ઉત્તરાયણે ગૌ શાળા-સેવાકીય સંસ્થાઓની જોળી છલકાવી દેવા પુણ્યભીનો અનુરોધ

## ઉતરાયણ પર્વના દાનપુણ્યનું અનેરૂ મહાત્મ્ય, સેવા સંસ્થાઓની જોલી છલકાવી દેવાનો જામ્યો ધર્મ માહોલ

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિ નું દાન લાખ ગણું પુણ્ય આપે છે, દાન પુણ્યના અવસર ઉતરાયણ ની દાન સખાવત ની સૌરાષ્ટ્ર ગુજરાતની સંસ્કૃતિ આજે પણ અજય છે રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગૌસેવા સહિતની સેવા સંસ્થાઓ અને સખાવતી પરિવાર દ્વારા ઉતરાયણ એ ઉદાર હાથે દાન આપવામાં આવે છે, ગૌશાળા પાંજરાપોળ વૃધ્ધાશ્રમ અને સેવા યજ્ઞ ચલાવતી સંસ્થાઓ ઉતરાયણના દિવસે દાન માટે દાનવીરોને ઘર આંગણે સવલત માટે ઠેર ઠેર સમીયાણા ઉભા કરી દાન ની અપીલ કરવામાં આવી છે

***કચ્છ ના નાના રણમાં વછરાજ દાદા ગૌશાળામાં દાનની અપીલ**

કચ્છના નાના રણ વછરાજ બેટ માં વર્ષોથી સેવા રત ૮૦૦૦ થી વધારે ગાયો,, નું જતન કરતી વીર વછરાજ સોલંકી ની મૂળ જગ્યા એ ૮૦૦૦થી વધારે ગાયોની સેવા કરવામાં આવે છે મોટા ડોમ,પંખા દર મહિને ગોવંશ માટેહેલ્થ ચેકઅપ સાથે ગાયોની સારવાર કરવામાં આવે છે મકરસંક્રાંતિના દિવસે આ ગૌશાળાને દાન આપવા અપીલ કરવામાં આવી છે તેના માટે વસરાજ ગૌ સેવા ગ્રુપના કરમશી કાકા૯૪૨૮૬૯૯૮૬૮, ગુલાબસિંહ સોલંકી૯૮૨૫૫ ૧૬૫૭૫ નો સંપર્ક કરવા ગૌ સેવા ગ્રુપના કરમશી કાકા હસુભાઈ સોલંકી સંજયભાઈ રાઘવાણી સુખદેવસિંહ સોલંકી ગુલાબસિંહ સોલંકી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

***જન કલ્યાણ ટ્રસ્ટમાં દાનની અપીલ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં માનવસેવા માટે જાણીતા જનકલ્યાણ સાર્વજનિક ટ્રસ્ટ આખું વર્ષ માનવ સેવાના કામ કરે છે ઉનાળામાં સ્લીપ પર વિતરણ ખાસ વિતરણ પાણીના પરબ ધાબળા મિત્રો દિવાળી સાતમ આઠમમાં મિત્રો ચક્ષુદાન ચર્મ દાન દેહદાન નિમિત જન કલ્યાણ સાર્વજનિક રીતે પણ ટ્રસ્ટ ચેરમેન ઉમેશભાઈ મહેતા દ્વારા દાનવીરોને ઉતરાયણ નિમિત્તે દાન કરવા અપીલ કરી દાન માટે ટ્રસ્ટની ઓફિસ ૧૦ ક્રાંતિ પ્રકાશ પૂનમ ફર્નિચર પાસે ઢેબર રોડ સાંજે ૫થી ૭દરમિયાન ચેરમેન ઉમેશભાઈ મહેતા સમક્ષ અથવા પેટી એમ ૯૪૨૮૫ ૦૬૦૧૧ થી જમા કરાવવા અપીલ કરવામાં આવી છે

***ગીતા વિદ્યાલય ટ્રસ્ટ ગીતામંદિર દ્વારા દાનની અપીલ**

રાજકોટના જંકશન પ્લોટ ખાતે મનહરલાલજી મહારાજ વિસ્થાપિત સેવા સંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ દ્વારા એક દાયકાથી સેવા કાર્ય ચલાવી રહ્યા છે ખાસ કેન્દ્ર સંસ્કૃત પ્રચાર રાહત દરે નોટબુક વિતરણ નિદાન સારવાર મેડિકલ કેમ્પ શૈક્ષણિક પ્રવાસ સંસ્કૃતિ ધર્મ સેવા સાથે ગુરુપૂર્ણિમા જન્માષ્ટમી શિવરાત્રી રામ નવમી ની ઉજવણી થાય છે દાન યજ્ઞ માટે દાતાઓને ઉતરાયણ ના દાન ની અપીલ કરી ડોક્ટર કૃષ્ણકુમાર મહેતાએ જંકશન પ્લોટ પોલીસ ચોકી પાસેના કાર્યાલય અથવા મોબાઈલ નંબર ૯૮૯૮૩ ૧૨૨૮૬ નો સંપર્ક કરી દાન આપવા અપીલ કરી છે.

***ધારી જીવન મુકતેશ્વર મહાદેવ આશ્રમ ની મકરસંક્રાંતિ ની દાનની અપીલ**

અમરેલીના ધારી મુકામે શેત્રુંજી નદીના કાંઠે ૫૦૦ વર્ષ જૂના પુરાણા શિવાલય સાથે સુપ્રસિદ્ધ યાત્રા સ્થળ શ્રી જીવન મુક્તેશ્વર મહાદેવ આશ્રમ માં છેલ્લા ૭૫ વર્ષથી આધ્યાત્મિક ધર્મ સામાજિક આરોગ્ય સેવા યજ્ઞ ચાલી રહ્યો છે રામનવમી મહાશિવરાત્રી હનુમાન જયંતી જન્માષ્ટમી દિવાળી પાટોત્સવ ઉજવાય છે ગરીબોને કપડાં વિતરણ વૃક્ષારોપણ પર્યાવરણ તિથિ ભોજન બ્રહ્મ ભોજન જલારામ બાપાના થાળ ભાગવત કથા રામકથા યોગ શિબિર જેવા સેવા યજ્ઞ માટે મકરસંક્રાંતિ પર નિમિત્તે આર્થિક સહયોગ આપવા ભાવિકોને અનુરોધ કરી વધુ વિગત માટે ૯૮૯૮૩૧૮૨૮૬ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

***રામચરિત માનસ મંદિર ની ગૌ સેવા માટે દાનની અપીલ**

રાજકોટના પાદરમાં મોરબી રોડ પર રતનપર ખાતે યાત્રાધામ રામચરિત માનસ મંદિર દ્વારા રણછોડદાસજી બાપુ હરિચરણદાસજી મહારાજ તથા જયરામદાસજી મહારાજના આશીર્વાદથી ૩૦ વર્ષથી ધાર્મિક સામાજિક સેવા કાર્ય થાય છે ૮૫ ગાયોની ગૌસેવા બાલવાટિકા પાણીના પરબો વૃક્ષોની હરિયાળી મેડિકલ કેમ્પ યુવા સંમેલન ભાગવત રામાયણ કથા વ્યાખ્યાન સંસ્થાઓ જેવી પ્રવૃત્તિ માટે ડોક્ટર કૃષ્ણકુમાર મહેતાએ રામચરિત્ર માનસ મંદિર ને ઉતરાયણ પર્વ નિમિત્તે ખાસ દાન સહાય આપવા અપીલ કરી છે

***રાજકોટ મહાજન પાંજરાપોળ ને મકરસંક્રાતિ ના દાનની અપીલ**

જીવ દયાના મંદિર દેવી રાજકોટ મહાજનની પાંજરાપોળમાં કુલ પાંચ હજારથી વધુ અબોલ જીવો આશરો લઈ રહ્યા છે રોજના ૧,૬૨૦૦૦ નો ખર્ચ થાય છે સંસ્થા દ્વારા મકરસંક્રાંતિ નિમિત્તે શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૪૦થી વધુ મંડપ નાખીને દાન માટે પહેલ નાખી છે સંસ્થા દ્વારા જીવ દયા પ્રેમીઓને મંડપની મુલાકાત લઈ ફક્ત એક ડિપોઝિટ ખાતા નંબર રાજકોટ મહાજન પાંજરાપોળ બેંક ઓફ ઈન્ડિયાએકાઉન્ટ નંબર ૩૧૦૧૧૦૧૦૦૦૧૧૯૨ ફોન નંબર૨૨૮૧/ ૨૪૫૭૦૧૯, ૫૭૦૧૯/૨૪ ૫૮૮૭૬નો સંપર્ક કરી દાન આપવા અપીલ કરવામાં આવી છે.

***ઉતરાયણ અવસરે ગૌ સેવા માટે દાનની ડોક્ટર વલ્લભભાઈ કથીરિયા ની અપીલ**

મકરસંક્રાત ના દિવસે ગૌદાનનો અનેરો મહિમા છે રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ગ્લોબલ કન્ફેડ્રેશન પોપ કાઉ બેસ્ટ ઈન્ડસ્ટ્રીઝ જીસીસીઆઈ ના સ્થાપક અને ગૌવ વ્રતી ડોક્ટર વલ્લભભાઈ કથીરિયાએ જનતા જનાર્દનને મકરસંક્રાંતિ પર ૧૪મી જાન્યુઆરીના રોજ ગૌ સેવાના અમૂલ્ય અવસર ને ઝડપી લઈ ગૌશાળા પાંજરાપોળો અને તફાવત માટે લખાયેલા હિસ્ટરોમાં દાનની ફરવાની વાવવા અપીલ કરી જણાવ્યું છે કે આપણે વર્ષ દરમિયાન એક ગાય દત્તક લઈ શકીએ? ગૌશાળા ન ઘાસ પૂરું પાડી શકીએ? તો આપણે દરેકે ઉતરાયણના દિવસે ગૌ સેવા માટે દાન કરીને આપણી ધર્મભક્તિ નિભાવવી જોઈએ.

# ઉત્તરાયણ પર્વે પંચનાથ એનિમલ હોસ્પિટલ દ્વારા 'પક્ષી બચાવો અભિયાન'

## પંચનાથ એનિમલ હોસ્પિટલને જીવદયાનાં ઉત્કૃષ્ઠ કાર્યમાં અનુદાન આપવા માંકડ-શાહની શહેરીજનોને ઉદાર હાથે અનુદાનની અપીલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ શહેરનાં મધ્યમાં આવેલ અને ઘણાં વર્ષથી કાર્યરત શ્રી પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટ સંચાલીત એનીમલ હોસ્પિટલમાં જીવદયા પ્રેમી દાતાઓના સહયોગના સમયમાંથી મૂક પશુ-પંખીઓનો નિઃશૂલ્ક રીતે સારવાર કરવામાં આવી રહી છે.

આ ડીસપેનસરીમાં મુખ્યત્વે શ્વાન, બીલાડી, બકરી, સસલા, ખિસકોલી, કાચબા, ઉંદર જેવા મૂક પશુ અને પંખોઓની સારવાર કરવામાં આવે છે. તદ્દઉપરાંત માદા શ્વાનની સ્તનની ગાંઠ ગર્ભાશયની કોથળીમાં રસી નર અને માદા શ્વાનની નસબંધી કેન્સરની ગાંઠની સર્જરી કરવામાં છે. મોટા ભાગે શ્વાનોમાં જે ટી.વી.ટી. રોગ થાય છે તેનો કેમોથેરાપીના ડોઝ દ્વારા સારવાર કરવામાં આવે છે.



વર્ષ ૨૦૧૫ થી શરૂ કરેલ આ એનીમલ હોસ્પિટલમાં એક લાખથી પણ વધુ પશુ પક્ષીઓની સારવાર કરવામાં નિમીત બન્યું છે, છેલ્લા એક વર્ષમાં ૭૮૨૪ થી પણ વધારે પશુ-પંખીઓની સારવાર કરેલ છે. ૫૦૦૦ જેટલી નાની મોટી સર્જરી જેમાં અતિ સંવેદનશીલ(મેજર) કહી શકાય તેવા અને શરીરના અંગોની સફળ રીતે સર્જરી કરવામાં સફળ રહ્યા છે. તદુપરાંત ૮૦૦૦ થી પણ વધારે એક્સ-રે પરીક્ષણ દ્વારા અકસ્માતે થયેલા હાડકાના ફ્રેકચરની સારવાર કરવામાં આવી છે.

પક્ષી બચાવો અભિયાન ચેરમેનશ્રી તથા જૈન અગ્રણીશ્રી મયુરભાઈ શાહ દ્વારા સૌરાષ્ટ્રની ધર્મપ્રેમી જનતાને અપીલ કરતા જણાવેલ છે કે, આગામી મકર સંક્રાંતિનો તહેવાર જરૂર આનંદ અને ઉલ્લાસ સાથે માણો પણ સાથોસાથ કુદરતના ખોળામાં ગગનમાં મુક્ત રીતે વિહાર કરતા મૂક પંખીઓનો પણ ખ્યાલ રાખશો અને આ તહેવાર દાન દ્વારા પૂણ્યનું ભાથુ બાંધવાનો પરમ અવસર હોય શ્રી પંચનાથ એનીમલ હોસ્પિટલમાં ચાલી રહેલી સેવાકીય પ્રવૃત્તિને વેગ આપવા માટે સહયોગ આપવા મયૂરભાઈ શાહની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બોલબાલા ટ્રસ્ટના માનવ સેવાના મહાયજ્ઞમાં ઉદારતાના હાથ લંબાવવા અપીલ

## સંસ્થાની જીવદયાસેવા, રોટીબેંક, અન્નપુર્ણા હેલ્પલાઈન સહિતની વિવિધ સેવામાં સહભાગી થવા અપીલ

**અબતક, રાજકોટ**

છેલ્લા ચોત્રીસ વર્ષથી ''માનવ સેવા એજ પ્રભુ સેવા'' તેમજ ''જીવદયા પરમો ધર્મ''ને ચરિતાર્થ કરતી સંસ્થા બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ સેવાક્ષેત્રની ઉજ્જવળ પંરપરા સાથે સંસ્થા છેવાડાના જરૂરીયાતમંદ માનવીઓને, વંચિતો, તેમજ પાગલ અને નિરાધાર દરીદ્રનારાયણોને એક પણ દિવસના વિરામ વિના હરતુ-ફરતુ અન્નક્ષેત્રના માધ્યમથી દૈનિક ૧૫૦૦ કરતા અધિક વ્યક્તિઓની જઠરાગ્નિ તૃપ્ત કરીને અનોખી સેવા કરી રહી છે. જેનો માસિક ખર્ચ ૧૦ થી ૧૫ લાખ કરતા પણ વધુ થઈ રહ્યો છે. સંસ્થાએ રજત જયંતિ વર્ષ નિમિતે અણમોલ સેવા યોજના અન્નપુર્ણા હેલ્પલાઈન દ્વારા અંતરીયાળ રસ્તા પર રહેલા દરીદ્રનારાયણો માટે યોજના બનાવીને દસ જેટલાં સ્કુટરો દ્વારા શેરી-ગલીમાં પહોંચીને સેવાનો વ્યાપ વિસ્તાર્યો છે.

ભુખ્યાને ભોજન ઉપરાંત સંસ્થા જીવદયા પરમોધર્મ સૂત્રને સાર્થક કરતા કીડીને કણ અને હાથીને મણ ઉકિત અનુસાર જીવદયા રથ મારફત ગૌસેવા, અબોલ પશુ-પક્ષીઓ, જલચર, સ્થલચર તેમજ ગગન ગામીઓ માટે પણ એટલી જ કાળજી લઈ રહી છે.

સંસ્થાના આવા અનેક મેગા પ્રોજેકટના બહોળા ખર્ચને પહોંચી વળવા તેમજ લોકલક્ષી પ્રોજેક્ટો કાયમી ધોરણે કાર્યાન્વિત રાખવાના હેતુસર 'મકર સંક્રાંતિ' ના પુણ્ય પાવન પ્રસંગે શહેરના જુદાજુદા વિસ્તારોમાં ટ્રસ્ટના ઋષિ-મુનિ સમાન અગ્ર નિષ્ઠાવાળા સ્વયંસેવકો આપના વિસ્તારમાં સેવાની ધુણી સમાન છાવણીમાં બેસીને સમાજના ભામાશા સમાન દાતાઓ દ્વારા પોતે અનુદાન મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આવતીકાલના રોજ કાર્યકર્તાઓ જુદા-જુદા સ્થળે છાવણીમાં બેસીને ચાલતા સેવા અભિયાન માટે અનુદાન એકત્રિત કરશે. જેમા સમાજના દરેક વર્ગ, સમાજ શ્રેષ્ઠીઓ, સમાજ સેવકો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ સાથ-સહકાર આપશે તેવી અપેક્ષા ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશ ઉપાધ્યાયે વ્યક્ત કરી છે.

આ અવસરે સંસ્થા દ્વારા નમ્રભાવે અપીલ કરવામાં આવે છે કે સંસ્થાની સેવા જ્યોતમાં યથાશકિત દીવેલ પુરીને ઉદારહાથે, મુકત મને સહયોગ આપીને સેવાજ્યોત પ્રજ્વલિત રાખવામાં સહયોગી બનશો એવી અપેક્ષા છે. આપનું અનુદાન ઈન્કમટેક્ષની કલમ ૮૦ જી (૫) અંતર્ગત કરમુક્તિને પાત્ર છે. અને કંપની સીએઆર/એફસીઆરએની માન્યતા ધરાવે છે.

બોલબાલા ટ્રસ્ટને ઓનલાઈન દાન આપવા માટે મો.૯૩૭૪૪ ૪૨૦૪૪ (૯૩૭૪૪ ૪૨૦૪૪) ઉપરથી કરી શકાશે.

આપના દ્વારા ટેલીફોનથી જાણ કરવામાં આવશે તો ટ્રસ્ટના સ્વયંસેવકો આપને ત્યા રૂબરૂ આવીને દાન એકત્રિત કરીને પાકી પહોંચ પણ આપી જશે અનુદાન વસ્તુ સ્વરૂપે પુસ્તકો, જુના કપડા, ગરમ વસ્ત્રો વગેરે આપને ત્યાં આવીને એકત્રિત કરી જશે તેમજ સેવા આપવા ઈચ્છતા સ્વયંસેવકો પણ સેવામાં જોડાઈ શકે છે.

### ધીરગુરૂદેવની નિશ્રામાં

# લાલપુરમાં નવલબેન મહેતા ઉપાશ્રયનું બુધવારે ઉદ્ઘાટન

**અબતક, રાજકોટ**



શ્રી વર્ધમાન વૈયાવચ્ચ કેન્દ્ર સંસ્કારિત અને સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત લાલપુર નિવાસી હાલ લંડન નવલબેન વીરચંદ મહેતા - મહાવીર જૈન ઉપાશ્રયનું ૫૧ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવેલ છે. જેનું ઉદ્ઘાટન તા.૧૫-૧ ને બુધવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે શતાધિક ધર્મસ્થાનક નિર્માણ પ્રણેતા પૂ.ધીરગુરૂદેવના શુભ સાંનિધ્યે ડુંગર દરબાર, હાઈસ્કૂલના હોલમાં યોજાયેલ છે. આ પ્રસંગે લંડનના મયુર મહેતા, મુકેશ મહેતા, નીલેશ મહેતા, શૈલેશ વિરાણી, રશ્મિ મહેતા વગેરે અમેરીકાના જયંત કામદાર વગેરે તેમજ ખંભાલીયા, ભાણવડ, ધોરાજી, ઉપલેટા, જામનગર, રાજકોટ, જશાપર, કાટકોલા વગેરે ગામના ભાવિકો ઉપસ્થિત રહેશે. મયુરભાઈ મહેતાનું સન્માન પ્રશાંત વોરાએ કરેલ. ધીરગુરૂદેવ તા.૧૪ને મંગળવારના સવારે ૯-૩૦ કલાકે લાલપુર પધારશે.

### વીરદાદા જશરાજજીના શૌર્યદિન અંતર્ગત

# રઘુવંશી મહિલા સમિતિ દ્વારા સાંજે શ્રીનાથજીના ભજન-કીર્તનનો કાર્યક્રમ

## અબતક સાથેની મુલાકાતમાં આપી સમગ્ર માહિતી

**અબતક, રાજકોટ**

રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિત્તે તા.૧૧ ને શનિવારે સાંજે જાગનાથ મંદિર ચોક, યાજ્ઞિક રોડ ખાતે કાલાવાડ રોડ પર આવેલા અખંડ સંકીર્તન મંદિરના સહયોગથી રઘુવંશી પરિવાર ચેરીટેબલ દ્વારા હનુમાન ચાલીસાના પાઠ તથા રામધૂનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રઘુવંશી આગેવાનો સહિતના બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સંકિર્તન મંદિરના મહેશભાઈ બથીયાએ હનુમાન ચાલીસા પાઠ તથા મહેશભાઈ વાગડીયા અને ઉત્તમભાઈ ધનેશાએ રામધૂન બોલાવી શ્રોતાઓને



રામભક્તિમાં તરબોળ કર્યા હતા.

અબતક સાથેની મુલાકાતમાં મનીષાબેન ભગદેવ, શીતલબેન બુધ્ધદેવ, લીનાબેન રાજાણી, પ્રીતીબેન પાંઉ, કિરણબેન કેશરીયા, સોભનાબેન બાટવીયા, તૃપ્તીબેન નથવાણી, જાગૃતીબેન ખીમાણી, અનીતાબેન પાંઉ, પલ્લવીબેન પોપટ, બીજલબેન ચંદારાણા, પ્રજ્ઞાબેન રાજા, નેહાબેન રાચ્છ, સોનલબેન પુજારા, કરૂણાબેન સોમૈયાએ વધુ માહિતી આપી. આજે મહિલા સમિતિ દ્વારા નાથજીના પાઠ તથા સત્સંગનું આયોજન કરવામાં આવેલ છે આપ શોઉ પરિવાર સાથે પધારવા આમંત્રણ છે આ કાર્યક્રમ ને દિપાવવા અમને સાથ આપી રહ્યા છે આશિષભાઈ કોટક કવિતાબેન કોટક કાજલબેન કથિરીયા કિશનભાઈ મીરાણી રાહુલ ભાઈ શિંગાળા આ કાર્યક્રમ ને ભક્તિ મય બનાવશે આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ ની મહિલા સમિતિ ની બહનો જહેમત ઊઠાવી રહી છે બાદ ભોજન વવ્યસ્થા રાખેલ છે.

# ૭૦ વર્ષના દર્દીના હૃદયમાં રહેલું ટ્યૂમરનું સફળ ઓપરેશનનો યશ 'વોકહાર્ટ'ને મળ્યો

## ડો.પ્રશાંત વણઝર અને ડો.હિમાંશુ કોયાણી દ્વારા જટિલ સર્જરી કરી દર્દીને આપ્યું 'નવજીવન'

**અબતક, રાજકોટ**

વોક્હાર્ટ હોસ્પિટલ, રાજકોટ ખાતે અનુભવી અને ખ્યાતનામ ડો. પ્રશાંત વણઝર અને ડો. હિમાંશુ કોયાણી કેન્સર ની ખુબજ જટિલ અને જોખમી સર્જરીઓ ખુબજ ચોકસાઈ અને સરળતાથી કરતા હોય છે.

હાલમાંજ એક ૭૦ વર્ષીય પ્રૌઢ ને છાતી માં દુખાવા સાથે શ્વાશ માં તકલીફ થઈ રહેલ હતી જે માટે તેઓ એ ડો. પ્રશાંત વણઝર અને ડો. હિમાંશુ કોયાણી ને કન્સલ્ટ કરી નિદાન કરતા છાતીમાં હૃદય ની ઉપરના ભાગે મોટી ગાંઠ ટ્યૂમર હોવાનું માલુમ પડ્યું, જે માટે ડોકટર એ દર્દીને ઓપરેશન કરી સંપૂર્ણ ગાંઠ કાઢવા માટે જણાવ્યું હતું.

ઓપરેશન ને લગતા જોખમો અને ફાયદાઓ વિષે વિસ્તૃત માહિતી આવ્યા પછી દર્દીને અને સગાઓ ઓપરેશન માટે સહમતી આપી. જે બાદ ઓપરેશન માં છાતી ખોલીને પેરીકાર્ડિયમ (હૃદયની આજુ બાજુ) ના એક ભાગ સાથે સંપૂર્ણ ગાંઠ (ટ્યૂમર) ને દૂર કરી ત્યાં જાળી મૂકી અને નિવિદન અને સરળતાથી ઓપરેશન પૂર્ણ કરી બે દિવસ આઈસીયુમાં ઓબઝરવેશન માટે રાખવામાં આવ્યા હતા અને ત્રીજા દિવસે દર્દીના રોજિંદા ક્રિયાઓ કરવામાં રજા કરવામાં આવેલ હતી.



વોકહાર્ટ હોસ્પિટલ્સ હંમેશાથી દર્દીઓનો જીવ બચાવવામાં અને તેમને બેસ્ટ ક્લિનિકલ સારવાર આપવામાં માને છે. આ કેસનું ખૂબ બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

હાઈ રિસ્ક હોવા છત્તા પણ નિષ્ણાંતો દ્વારા ખૂબ સરળતાથી ઓપરેશન કરવામાં આવ્યું અને દર્દી સાજા થઈ ગયા. દર્દીને એક પ્રકારે નવું જીવન મળ્યું એમ કહી શકાય. ડો. પ્રશાંત અને ડો. હિમાંશુ બંને પોતાના કામમાં ખૂબ જ નિપુણ છે. તેઓ પોતાના ક્ષેત્રમાં ખૂબ જ બહોળો અનુભવ ધરાવે છે.

# જય માંધાતા સૂર્યવંશી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કાલે માંધાતા પ્રાગટ્ય મહોત્સવ રથયાત્રા સાથે ઉજવાશે

## અબતકની મુલાકાતમાં જયમાંધાતા ચેરિટેબલ ટ્રસ્ટના આગેવાનોએ રથયાત્રાની આપી વિગતો

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાત ઘરમાં વસતા કોળી સમાજના ઈષ્ટદેવ માધાતાજી નો પ્રાગટ્ય ઉત્સવ રાજકોટમાં રથયાત્રા સાથે ઉજવાશે અબતકની મુલાકાતે આવેલા જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનો ગોરધનભાઈ કુમારખાણીયા, શૈલેષભાઈ જાદવ, બાલુભાઈ ચાવડા મહેશભાઈ રાજપરા અને આગેવાનોએ કાર્યક્રમની વિગતઆપતા જણાવ્યું હતું કે રાજકોટ માં પરંપરાગત રીતે૧૪જાન્યુઆરી ઉતરાયણના દિવસે માંધાતા દેવ ના પ્રાગટ્ય



તસવીરઃ શૈલેષ વાડોલિયા

દિવસે ભવ્ય શોભાયાત્રા યોજાશે

શ્રી માંધાતા પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે જય માંધાતા સૂર્યવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૪૧/૨૫ ના રોજ સવારે ૮/૩૦ વાગે કરવામાં આવશે, આ શોભાયાત્રા આજીડેમ ચોકડી રવિવાર ગ્રાઉન્ડ ખાતેથી મહાનુભાવો પ્રસ્થાન કરાવશે ,આ યાત્રા અમુલ સર્કલ, ચુનારવાડા ચોક ,સીતારામ નગર, જલગંગા કે,ડી ચોક, બાલક હનુમાન ચોક રોડ ,પટેલ વાડી , વિસ્તારમાં ફરશે અને બેડી રોડ પરફાયર બ્રિગેડ નજીક પૂર્ણથશે, આ શોભાયાત્રામાં કેબિનેટ્રી કુવરજીભાઈ બાવળીયા ,કાલાસર ના વાલજી ભગત આણંદપર ના મોહન બાપુ અને રામધરણી ના હરિબાપુ સહિતના સંતો મહંતો શોભાયાત્રામાં ઉપસ્થિત રહેશેઆ શોભાયાત્રા નો ધર્મ લાભ લેવા ભાવિકોને પ્રમુખ મહેશભાઈ રાજપરા, રમેશ ભાઈ રાઠોડ અને રણછોડભાઈ કોબીયાએ અનુરોધ કર્યો છે શોભાયાત્રા અંગે વધુ વિગતો માટે૯૯૧૩૬ ૨૯૭૫૩ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

હર્બલ પ્રોડક્ટના વેચાણના નામે ઓનલાઈન છેતરપિંડીનો મામલો

# બેડી યાર્ડના વેપારીને રૂ. ૯૫ લાખનું બુચ મારનાર મુખ્ય સૂત્રધારની ધરપકડ

## અગાઉ બે એકાઉન્ટ હોલ્ડર ઝડપાઈ ગયાં બાદ કનુ રાછડિયાની ધરપકડ કરતી સાયબર ક્રાઈમ પોલીસ

**અબતક, રાજકોટ**

બેડી યાર્ડના વેપારીને હર્બલ પ્રોડક્ટ વેચાણના નામે રૂ. ૯૫ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરી લેનાર મુખ્ય સૂત્રધાર કનુ રાછડિયાની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી લીધી છે. અગાઉ જે એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે બે એકાઉન્ટ હોલ્ડર ઝડપાઈ ગયાં બાદ હવે મુખ્ય સૂત્રધારને પણ ઝડપી લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર હર્બલ પ્રોડક્ટની ખરીદી કરી તેને યુએસએમાં વેચાણ કરી મોટો નફો કમાવવાની લાલચમાં એક વેપારી સાથે ઓનલાઈન રૂા. ૯૫ લાખની છેતરપિંડી થતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ ગત ઓગસ્ટ માસમાં નોંધાઈ હતી. મોરબી રોડ પરના સેટેલાઈટ ચોકમાં શ્રીવાટિકા સોસાયટીમાં રહેતા વિમલભાઈ ગાંડુભાઈ ડોબરીયા (ઉ.વ.૪૦)ને બેડી માર્કેટિંગ યાર્ડમાં શ્રીરામ ઈમ્પેક્સ નામની પેઢી છે. તેણે પોલીસને જણાવ્યું કે છેલ્લા ૧૯ વર્ષથી તે પેઢી ધરાવે છે. એકાદ વર્ષ પહેલા તેના ભાણેજ વિરાજ રમેશભાઈ પરસાણા (રહે. શિવગંગા ગુજરાત સોસાયટી, પેડક રોડ)ને તેના મેઈલ આઈડીમાંથી એક મેઈલ આવ્યો હતો. જેમાં જણાવાયું હતું કે વિદેશી કંપનીને પોલો હોર્સ માટે ભારતમાં એક્સપોર્ટર માટે આસીસ્ટન્ટ કંપનીની જરૂર છે.

એટલું જ નહીં તેના ભાણેજને બીજા કેટલાક મેઈલ આઈડી પરથી મેઈલ આવ્યા હતા. મોબાઈલથી પણ સંપર્ક કરાયો હતો. જેને કારણે તેનો ભાણેજ વિરાજ તેની પેઢીએ રૂબરૂ આવ્યો હતો અને તેને સમજાવ્યું કે ભારતની લોકલ કંપની પાસેથી હર્બલ પ્રોડક્ટની ખરીદી કરી તેને યુએસએ ખાતે સપ્લાય કરવાની છે. આ માટે ભારતની પવનકુમાર નામની કંપની પાસેથી માલની ખરીદી કરી તેને યુએસએ મોકલવાની રહેશે. જેથી તેણે ભાણેજ વિરાજના કહેવાથી તેની બંને પેઢીના બેંક ખાતામાંથી આરોપીઓએ જણાવેલ બેંક ખાતામાં રૂ. ૯૫ લાખ ટ્રાન્સફર કર્યા હતાં. ત્યારપછી તેના ભાણેજના ઘરે કુરિયર આવ્યું હતું. બાકીના પાર્સલ મવડી ચોકડી પાસે આવેલી ટ્રાવેલ્સની ઓફિસે લેવા માટે તે અને તેનો ભાણેજ વિરાજ ગયા હતા.

પાર્સલ લઈ ઘરે આવી તેને ખોલતા તેમાંથી હર્બલ પ્રોડક્ટને બદલે માટી નીકળી હતી. પરિણામે પોતાની સાથે ફ્રોડ થયાનું જણાતા સીઆઈડી ક્રાઈમના હેલ્પલાઈન નંબર ઉપર ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જેમાં તેના ભાણેજ વિરાજનો જુદા-જુદા મેઈલ આઈડી પરથી સંપર્ક કરનારા, જે બેંક ખાતામાં ૯૫ લાખ જમા કરાવ્યા હતા તેના ખાતાધારક અને જે મોબાઈલ નંબર પરથી સંપર્ક કરાયો હતો તેના ધારકોને આરોપી બનાવી સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી હતી. જે બાદ પોલીસે જે ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા તે એકાઉન્ટ હોલ્ડર હિતેશ બાબુ અને હિતેશ મોણપરાની ધરપકડ કરી હરી. બાદમાં સાયબર ક્રાઈમ પોલીસ મુખ્ય સૂત્રધારની શોધખોળ કરી હતી. દરમિયાન ટેકિનકલ રિસોર્સથી માહિતી મળતાની સાથે જ કનું રાછડીયાની ધરપકડ કરી લેવામાં આવી હતી.

## શેરબજારના નામે ઠગાઈ કરનાર વલસાડના શખ્સની ધરપકડ કરતી સાયબર ક્રાઈમ



શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પરના રૂક્ષ્મણી હાઈટ્સમાં રહેતા નિશાબેન યશવંતભાઈ પેઢડિયા (ઉ.વ.૩૯)ને સ્ટોક માર્કેટમાં રોકાણથી મોટું વળતર મળવાની લાલચ આપી સાયબર ગઠિયાઓએ રૂ.૧૭.૪૪ લાખની છેતરપિંડી આચરી હતી. આ મામલામાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે વલસાડના ઉદવાડાની સન રેસિડેન્સીમાં રહેતા હરિશ વેલજી ભાનુશાળી (ઉ.વ.૫૩)ને ઝડપી લઈ તેને એક દિવસના રિમાન્ડ પર લીધો હતો. મળતી માહિતી મુજબ મહિલા સાથે થયેલી લાખોની છેતરપિંડીનો મામલો પોલીસ દફતરે નોંધાતા વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. ભોગ બનનાર નિશાબેનના ખાતામાંથી જે રકમ ટ્રાન્સફર થઈ હતી તે અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા થઈ હતી. જેમાં એસબીઆઈનું એક એકાઉન્ટ ઉદવાડાના હરિશ વેલજી ભાનુશાળીનું હતું તે એકાઉન્ટની તપાસમાં નિશાબેને ગુમાવેલા રૂ.૧૭.૪૪ લાખમાંથી રૂ.૧૦.૫૦ લાખ હરિશ ભાનુશાળીના ખાતામાં જમા થયો હતો. માહિતી સ્પષ્ટ થતાં જ હરિશની ધરપકડ કરવામાં આવી હતી. હરિશે કબૂલાત આપી હતી કે, મુંબઈ એક શખ્સનો પરિચય થયા બાદ તે મુંબઈ ગયો હતો અને ત્યાંથી તેને આવા કામ માટે ફર્નિચર સહિતની એક દુકાન ભાડે આપવામાં આવી હતી. તે દુકાનમાં બેસી પોતે લોકોના બેંક એકાઉન્ટ ભાડે મેળવવા, ખરીદવા સહિતની કામગીરી કરતો હતો. ગઠિયાઓએ માસિક પગાર ચૂકવવાની પણ લાલચ આપી હતી. પોલીસે મુંબઈના શખ્સની શોધખોળ શરૂ કરી હતી.

# ખેડૂતોને મગફળીના પોષણક્ષમ ભાવો અપાવવા મગફળીના ખોળની નિકાસને પ્રોત્સાહન આપવા સમીર શાહની માંગણી

### વેપાર ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલને પત્ર પાઠવી મગફળી ખોળના વેપારને પ્રોત્સાહન આપવા રજૂઆત

**અબ તક રાજકોટ**



ગુજરાત રાજ્ય ખાદ્યતેલ અને તેલીબીયા એસોસિએશનના પ્રમુખ સમીરભાઈ શાહે કેન્દ્રીયવેપાર મંત્રી પિયુષ ગોયલ ને પત્ર પાઠવી ખેડૂતોને મગફળીના પોષણ સંભાવો અપાવવા સિંગ ખોળ ની નિકાસ ને પ્રોત્સાહન આપવા ખાસ ૧૦% નું ઈનસેટિવ આપવા માંગ કરી છે.

વેપાર મંત્રીને પાઠવેલા પત્રમાં સમીરભાઈ શાહે જણાવ્યું છે કે કેન્દ્ર સરકારે મગફળીના ખેડૂતોને વધુ પાક માટે પ્રોત્સાહન આપવા ટેકાના ભાવમાં વધારો કરીને ક્વિન્ટલનાક્૬૭૮૨ રૂપિયા નિર્ધારિત કર્યા છે તેના પરિણામે સાનુકૂળ વાતાવરણ લઈને દેશને ગુજરાતમાં વિક્રમ જનક રીતે મગફળી ઉત્પાદન થયું છે.

પરંતુ કમનસીબીએ મુક્ત બજારમાં ખેડૂતોને સારામાં સારી માંડવી ૧૦૦ કિલોના ૫૭૫૦ ના ભાવે ટેકાના ભાવથી ઓછા ભાવે વેચવાની ફરજ પડે છે જેનું મુખ્ય કારણ મગફળી ના ખોલની નીચી કિંમત હોવાનું જાણવા મળ્યું છે મગફળીના પીલાણ માં ૫૦% ખોળ અને ૩૨ થી ૩૩% તેલ નીકળે છે માંડવી ના ખોલના ભાવ ૨૧ થી ૨૫ હજાર રૂપિયા રહે છે જે ખૂબ જ ઓછા હોય છે માંડવી ના સો કિલો ભાવ તને પાંચથી સાત હજાર રૂપિયા વધારવા આવશ્યક છે ત્યારે માંડવીના ખોળ ની નિકાસ પર ૧૦% ઈનસેટિવ આપવું જોઈએ

જો સરકાર મગફળીના કોળની ની કાસ પર ૧૦% ઈનસેટિવઆવે તો વાર્ષિક ૫૦, ૦૦૦મેટ્રિક્ટ ટન ની નીકાસમાં સરકારને જો ટન પર ૨૫૦૦૦ ની ઈન્સેટિવ આપવાની ફરજ પડે તો પણ ૧૨.૫ કરોડ રૂપિયા ની લાગત આવે જે વાર્ષિક બજેટ માં પા શેરા માં માત્ર એક પૂણી ગણાય અને ખેડૂતોને મગફળીના સારા દામ મળી શકે સમીરભાઈ શાહે ખેડૂતોના હિતમાં મગફળીના ખોળની નિકાસને પ્રોત્સાહન આપવા માંગ કરી છે

# સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જન્મજયંતિએ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતા કોર્પોરેશનના પદાધિકારીઓ

### મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતા શાહ, મુકેશ દોશી સહિતના હોદેદારો રહ્યા ઉપસ્થિત

**અબતક,રાજકોટ**



૧૯મી સદીના ગુઢવાદી સંત રામકૃષ્ણ પરમહંસના પરમ શિષ્ય અને રામકૃષ્ણ મિશનના સ્થાપક, યુરોપ અને અમેરિકામાં વેદાંત અને યોગના જન્મદાતા, પરસ્પરની આસ્થા ઉભી કરવાનો તથા ૧૯મી સદીના અંતે હિન્દુ ધર્મને વિશ્વકક્ષાએ માન્યતા અપાવવાનો શ્રેય પ્રાપ્ત થયેલ છે, આધુનિક ભારતમાં હિન્દુ ધર્મના પુનરોદ્ધારમાં વિવેકાનંદને મુખ્ય પરિબળ સમા તરીકે જેની ગણના થાય છે, અને ‘‘અમેરિકાના ભાઈઓ તથા બહેનો‘‘ સંબોધન સાથેના તેમના પ્રવચનથી વધુ જાણીતા બનેલ અને તે ભાષણ દ્વારા શિકાગો ખાતે વિશ્વ ધર્મ પરિષદમાં સન ૧૮૯૩માં હિન્દુ ધર્મનું પ્રતિનિધિત્વ કર્યું હતું તેવા ભારતના પ્રથમ રાષ્ટ્રનિર્માતાઓ પૈકીના એક સ્વામી વિવેકાનંદજીની ૧૬૨-મી જન્મજયંતિ નિમિતે તેઓની કોટેચા ચોક, કાલાવડ રોડ ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી, પદાધિકારીઓ તથા હોદેદારો દ્વારા મસ્તક નમન કરવામાં આવેલ.

આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, પ્લાનિંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટર અલ્પેશભાઈ મોરજરીયા, વિનુભાઈ સોરઠીયા, પ્રીતિબેન દોશી, મંજુબેન કુગસીયા,અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, વોર્ડ નં.૧૧ના પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા, અગ્રણી વિનોદભાઈ પેઢડીયા, ઘનશ્યામભાઈ કુગસિયા વગેરે ઉપસ્થિત રહેલ.

# કરૂણા અભિયાન-૨૦૨૫ કંટ્રોલરૂમની મુલાકાત લેતા મંત્રી રાઘવજી પટેલ



**અબતક,રાજકોટ**

રાજયભરમાં ઉતરાયણનાં તહેવાર ઉમંગપૂર્વક ઉજવાતો હોય છે, પરંતુ આ દરમિયાન પતંગની દોરીથી પક્ષીઓને ઈજા થવાના અને મૃત્યુ થવાના સંખ્યાબધ્ધ બનાવો બનતા હોય છે.

આવા બનાવો નિવારવા તથા ઈજા પામેલ પક્ષીઓને બચાવવા માટે રાજય સરકાર દ્વારા જીવદયાપ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી તથા વનમંત્રી મુળુભાઈ બેરા, પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શનમાં ’કરુણા અભિયાન’ શરૂ થઈ ચુક્યું છે.

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન રાજકોટ દ્વારા આયોજિત વિશ્વનાં સૌથી મોટાં ’પક્ષી બચાઓ અભિયાન-૨૦૨૫’ ની પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે મંત્રી રાઘવજીભાઈએ જણાવ્યું હતું કે, ઉતરાયણ પર પતંગના દોરાથી ઘવાયેલા પક્ષીઓને બચાવવા જીવદયા પ્રેમી મા.મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી સમગ્ર રાજયમાં સમગ્ર રાજયમાં કરૂણા અભિયાન શરૂ થઈ ચુક્યું છે

ગુજરાત સરકારનું પશુપાલન મંત્રાલય પણ કરૂણા અભિયાન દરમ્યાન ૧૯૬૨ કરૂણા એમ્બ્યુલન્સ તેમજ પશુ ડોકટરની ટીમ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ સતત ખડેપગે છે.

રાઘવજીભાઈએ ભારત સરકારના પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર સમિતી સદસ્ય અને એનીમલ વેલફેર બોર્ડના પણ સદસ્ય ભાઈ મિતલભાઈ ખેતાણી,

તેમજ સમગ્ર વિશ્વનું સૌથી મોટું વૃધ્ધાશ્રમનું નિર્માણ કરવા જઈ રહેલા ગ્રીનમેન વિજયભાઈ ડોબરીયા અને ઉપસ્થિત મહેમાનોને શુભેચ્છા પાઠવી હતી.

# પ્રતિબંધીત પ્લાસ્ટીક પકડવા ૧૯૯ સ્થળો કોર્પોરેશનના દરોડા

### ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૦૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો

**અબતક,રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં કુલ ૧૧૯ આસામીઓ પાસેથી ૧૧.૫૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૧૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૪.૯૯ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૦૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૩.૮૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૦૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૬ આસામીઓ પાસેથી ૨.૭૪ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

દર્દીઓના સગાઓનાં જાનમાલની રક્ષણ માટે

# સિવિલ હોસ્પિટલ ખાતે પોલીસ દ્વારા સઘન ચેકીંગ

### પાંચ આવારા તત્વોની અટકાયત કરી કાર્યવાહી કરતા લુખ્ખાઓમાં ફફડાટ

**અબતક,રાજકોટ**



તસ્વીરઃ જયદીપ ત્રિવેદી

શહેરની મધ્યે આવેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માયે આવતા હજારો દર્દી અને સગાઓની જાનમાલની સુરક્ષાનું ધ્યાન રાખ્તી હોસ્પિટલ ચોકીનાં પોલીસ સ્ટાફ દ્વારા પડયા પાર્થયા રહેતા આવારા તત્વો સામે લાલ આંખ કરી પાંચ શખ્સો સામે કાર્યવાહી કરતા લુખ્ખા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

વધુ વિગત મુજબ સૌરાષ્ટ્રના પાટનગર સમા રાજકોટ ખાતેની સિવિલ હોસ્પિટલ ખાતે અવાર નવાર વાહન ચોરી મારામારી અને મોબાઈલની ચીલઝડપના બનાવો પ્રકાશમાં આવતા હોવાથી દર્દીનારાયણ અને તેના સગાઓની જાનમાલની રક્ષણ માટે પ્ર.નગર પોલીસ મથકના પી.આઈ. વસાવાના માર્ગદર્શન હેઠળ સિવિલ હોસ્પિટલ ચોકીનાં એએસઆઈ રામસિંહ વરૂ, અને સ્ટાફ તેમજ સિક્યુરીટી ઈન્ચાજ એ.ડી. જાડેજા, સુપરવાઈઝર જગદીશભાઈ સહિતના સ્ટાફ દ્વારા સિવિલ હોસ્પિટલનાં કમ્પાઉન્ડમાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવતા જેમાં સીવીલ હોસ્પિટલમાં પડયા પાથર્યા રહેતા પાંચ જેટલા શખ્સોને રાઉન્ડ અપ કરવામાં આવી કાયદેસરની કાર્યવાહી કરવામાંઆવતા લુખ્ખા તત્વોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. સીવીલ હોસ્પિટલ ચોકી દ્વારા બે દિવસ પૂર્વ હેડન્લ લોક વગરના ટુ વ્હીલએ એકઠા કરી વાહન ચોરી અટકાવવા પ્રયાસ બાદ આજે સીવીલ હોસ્પિટલ પડયા પાથર્યા રહેતા લોકો સામે ડ્રાઈવ હાથ ધરવામાં આવતા દર્દી અને સગાઓમાં રાહત અનુભવી રહ્યા છે.

# રિસામણે રહેલી પુત્રીનું સમાધાન કરાવવા ગયેલા પિતા પર પતિ સહિતના સાસરિયાઓનો હુમલો

### બે પુત્રીઓ સહિત ત્રણ મહિલાઓને પણ માર મારી ગાડીમાં તોડફોડ કરાઈ : યુનિવર્સિટી પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં પુત્રીનું સમાધાન કરાવવા ગયેલા પિતા અને પુત્રીઓ પર પતિ, સસરા અને દિયરે લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કર્યાનો બનાવ યુનિવર્સીટી પોલીસમાં નોંધાયો છે.

ધોરાજીના આનંદનગર સોસાયટીમાં રહેતા તેજલબેન આકાશભાઈ વાઘેલા (ઉ.વ. ૨૨)એ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં સાગર સુરેલા, રાજુ સુરેલા અને કિશોર સુરેલાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારા માતા-પીતા હનુમાનમઢી પાસે છોટુનગરની બાજુમાં રહે છે અને મારા કાકા વિરમભાઈ નાથાભાઈ સમેચા મારા પીતાજીના ઘરની બાજુમા રહે છે. કાકા વીરમભાઈ નાથાભાઈ સમેચાની દીકરી સોનલના લગ્ન સાગરભાઈ રાજુભાઈ સુરેલા સાથે દસેક વર્ષ પૂર્વે થયાં હતા. એકાદ વર્ષથી સોનલબેન માતા-પિતાના ઘરે રીસામણે હતા અને સોનલબેનના પતી છુટાછેડા લેવાનુ કહેતા હોય પરંતુ સોનલબેનને સંતાનમા એક દીકરો નામે કુલદીપ ઉ.વ. ૦૮ વર્ષ વાળો હોય જેથી છૂટાછેડા નહી પરંતુ સમાધાન કરવાનું કહેતા હોય જેથી હું તથા મારા પતી બન્ને ધોરાજીથી માવતરના ઘરે હનુમાનમઢી છોટુનગર ખાતે સોનલબેનનુ સમાધાન કરવા આવેલ હતા.વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈકાલે બપોરના આશરે બારેક વાગ્યાના અરશામા હુ તથા મારા પીતાજી માલાભાઈ નાથાભાઈ સમેચા, પતી આકાશભાઈ કળવાભાઈ વાઘેલા, કાકાની દીકરી સોનલબેન, કૌટુંબીક બહેન લક્ષમીબેન પ્રતાપભાઈ ચાંગાવરીયા રહે. હળવદવાલા છોટુનગરથી સોનલબેનના સસરાના ઘરે રૈયાધાર મચ્છુનગર ટાઉનસશીપ સામે ગયાં હતા. સોનલબેનના સસરા રાજુ ભાઈ મફાભાઈ સુરેલાને તથા તેના દીકરા સાગરભાઈ રાજુભાઈ સુરેલાને સોનલબેનને તમારા ઘરે રહેવુ છે જેથી તમે સમાધાન કરી નાખો તેમ વાત કરતા સાગરભાઈ રાજુભાઈ સુરેલા ઉગ્ર અવાજે કહેવા લાગેલ કે મારે સોનલને આજેય નથી જોતી અને કાલે પણ નથી. ત્યારબાદ ગાળો આપવા લાગેલ હતો.બાદમાં લોખંડનો પાઈપ લઈ મારા પીતાજીના માથાના ભાગે ઘા મારી દીધેલ અને તે દરમ્યાન સોનલના સસરા રાજુભાઈ મફાભાઈ સુરેલા તથા તેનો પુત્ર કિશોરભાઈ રાજુભાઈ સુરેલાએ પણ લાકડાના ધોકા વડે મારા પીતાજીને આડેધડ માર મારવા લાગેલા હતા. જેથી અમે છોડાવવા વચ્ચે પડતા અમને ત્રણેયને પણ માર માર્યો હતો. બાદમાં પિતા ઈજાના લીધે ઢળી પડતા સાગર, રાજુ અને કિશોરે ધોકા વડે અમારી ગાડીમાં આડેધડ ઘા ઝીંકી તોડફોડ કરી હતી. હાલ સમગ્ર મામલે યુનિવર્સીટી પોલીસે ત્રણેય પિતા-પુત્રો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. મામલામિ તપાસ પીએસઆઈ એન કે પંડ્યા ચલાવી રહ્યા છે.

# કોંગ્રેસ આયોજીત ઈ-કેવાયસી કેમ્પમાં ૮૦૦ પરિવારોને અપાયો સેવા લાભ

**અબતક,રાજકોટ**



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ વોર્ડ નંબર ચાર દ્વારા વોર્ડમાં ઈ-કેવાયસી કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સવારે ૮:૦૦ થી ૨:૦૦ સુધી ભગવતી પરા, રાધે કૃષ્ણ મંદિર ખાતે ૮૦૦ થી વધુ પરિવારો એ E - KYC કેમ્પનો લાભ લઈ કામગીરી પૂર્ણ કરી હતી.

હાલમાં રેશનકાર્ડ ઈ કેવાયસી માટે સવારથી લોકો ઠંડીમાં બાળકો સહિત સિનિયર સિટીઝનો અને વિદ્યાર્થીઓની લાંબી કતારો લાગે છે અને પોતાનું રોજ પાડી ધંધા રોજગાર બંધ કરી લાઈનોમાં ઊભા રહેવા છતાં પણ તંત્રની બેદરકારી અને લાપરવાહીના પગલે E - KYC ની પ્રક્રિયા પૂર્ણ થતી નથી ત્યારે લોકોને ઘર આંગણે કોઈપણ જાતના ધક્કા મૂકકી વગર કોંગ્રેસે કામગીરી કરી હતી. આ પ્રસંગે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન મેઘજીભાઈ રાઠોડ, શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જશવંતસિંહ ભટ્ટી, રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દીપ્તિબેન સોલંકી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને માર્ગદર્શન આપ્યું હતું.

વધુમાં આ વિસ્તારના અથવા કોઈપણ વિસ્તારના વધુ લોકો જે બાકી રહી ગયા છે તે માટે તારીખ ૧૫/૧/૨૦૨૫ ને બુધવારે સવારે ૮:૩૦ થી ૨: ૦૦ સુધી ગણેશ સોસાયટી, સાર્વજનિક પ્લોટ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે ઉપસ્થિત રહેવા વોર્ડ નંબર ચારના કોંગ્રેસ સમિતિ દ્વારા અપીલ કરવામાં આવી છે.

રાધે ક્રિષ્ના મંદિર ખાતેના E - KYC કેમ્પમાં વિસ્તારના કોંગ્રેસના આગેવાનોને કાર્યકરો મત ઉઠાવી હતી તેમાં ઠાકરશીભાઈ ગજેરા, ધવલભાઈ રાઠોડ, નંદાભાઈ ડાંગર, ભરતભાઈ રાજપુત, કેતનભાઈ વાઘેલા, હરેશભાઈ પરમાર, સંદીપભાઈ મહેતા, સંજયભાઈ ગઢવી, હાર્દિકભાઈ રાજપુત, હસુભાઈ, નીપાબેન, રાજુભાઈ ચાવડા સહિતના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# સખી સ્વાભિમાન પ્રોજેકટ થકી મહિલાઓને નર્સિંગ આસિસ્ટન્ટની તાલીમ અપાશે

## તાલીમાર્થી બહેનોને બુક, યુનિફોર્મ અને આઈ-કાર્ડનું વિતરણ કરાયું: ૯૦ દિવસની તાલીમના ૧૨૦ કલાક થિયરી, ૨૪૦ કલાક પ્રેકટીકલ અને ૬૦ કલાક સોફટ સ્કીલ તેમજ ૧૨૦ કલાક ઓન જોબ તાલીમ આપવામાં આવશે

**અબતક,રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ખાણ કામ પ્રભાવિત વિસ્તારની મહિલાઓ માટે રોજગારની તકો નિર્માણ કરવા જિલ્લા કલેકટર પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત પાયલોટ ધોરણે ''સખી સ્વાભિમાન પ્રોજેક્ટ'' હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત ખાણ કામ પ્રભાવિત ૧૦૮ ગામની મહિલાઓને ગત તા. ૧ જાન્યુઆરીથી ૯૦ દિવસ સુધી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ખાતે રોજગારલક્ષી નર્સિંગ આસિસ્ટન્ટની તાલીમ આપવામાં આવી રહી છે

આ તકે અધિક કલેકટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી, જિલ્લા લાઈવલીહૂડ મેનેજર વી. બી. બસિયા, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, રાજકોટના ચેરમેન ડો. દીપકભાઈ નારોલા અને જિલ્લા આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજર એલ્વિશભાઈ ગોજારીયાએ તાલીમ લઈ રહેલી મહિલાઓને નોકરીમાં આગળ વધવાની પ્રેરણા અને શુભેચ્છા આપી હતી તથા તાલીમાર્થી બહેનોને બુક, યુનિફોર્મ અને આઈ-કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વહિવટી તંત્ર દ્વારા તાલીમાર્થી મહિલાઓ કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના તાલીમ લઈ શકે, તેવી દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. મહિલાઓ માટે હોસ્ટેલમાં રહેવા-જમવા અને તાલીમ સ્થળ સુધી પરિવહનની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી છે. તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનો, પેશન્ટ કીટ સહિતની જરૂરી વસ્તુઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. મહિલાઓને ૯૦ દિવસની આ તાલીમમાં કુલ ૫૪૦ કલાક તાલીમ આપવામાં આવે છે. જેમાં ૧૨૦ કલાક થિયરી, ૨૪૦ કલાક પ્રેક્ટીકલ, ૬૦ કલાક સોફ્ટ સ્કીલ અને ૧૨૦ કલાક ઓન જોબ તાલીમ આપવામાં આવે છે.

વધુમાં, સ્થાનિક તાલુકા કક્ષાની હોસ્પિટલ, શહેરની ખાનગી હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને વ્યક્તિગત કેર ટેકરની જરૂરિયાત હોય તેવા રોજગારીના સ્થાનોની માહિતી એકત્રિત કરીને ઓછામાં ઓછા રૂ. ૮,૦૦૦ના પગારથી નોકરી આપવામાં આવે છે. તેમજ શરૂઆતના ૩ મહિના સુધી લાભાર્થી દીઠ માસિક રૂ. ૨૦૦૦ સુધીનું પોસ્ટ પ્લેસમેન્ટ સપોર્ટ આપવામાં આવે છે.

નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા સમાજમાં મહિલાના આર્થિક અને સામાજિક ઉત્થાનના હેતુસર પરિણામલક્ષી પગલાઓ લેવામાં આવ્યા છે ત્યારે આ તાલીમમાં મહિલાઓ સમાજમાં પુનઃસ્થાપન કરી શકે અને આત્મનિર્ભર બની શકે તે માટે તેને અગ્રતા આપવામાં આવી રહી છે.

(પહેલા પાનાનું ચાલું)

### મહાકુંભ...

૫૨, શુભ સમય સવારે ૯:૦૩ થી ૧૦:૫૦ (૧ કલાક ૪૭ મિનિટ) સુધીનો છે. આ તહેવારમાં ભદ્રા નથી, તેથી સવારથી સાંજ સુધી સ્નાન કરવું શુભ રહેશે. આ વખતે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પુષ્પવર્ષાની જાહેરાત કરી છે. આવી સ્થિતિમાં, પહેલા બે મુખ્ય સ્નાન ઉત્સવો પર ફૂલોની વર્ષાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

લોકવાયકા મુજબ ઈન્દ્રના પુત્ર જયંતને અમૃતનો ઘડો લઈને સ્વર્ગ પહોંચવામાં ૧૨ દિવસ લાગ્યા. દેવતાઓનો એક દિવસ એક પૃથ્વીના વર્ષ સમાન છે. તેથી, દેવતાઓના ૧૨ દિવસ ૧૨ વર્ષ બરાબર થયા. આ માન્યતાના આધારે, કુંભ પણ દર ૧૨મા વર્ષે યોજાય છે. પ્રયાગની સાથે, અન્ય ત્રણ સ્થળોએ કુંભ પણ દર ૧૨ વર્ષે યોજાય છે. હા, ક્રમ એવો છે કે એક સ્થળના કુંભ અને બીજા સ્થાનના કુંભ વચ્ચે ત્રણ વર્ષનો અંતર છે. જ્યારે સૂર્ય મેષ રાશિમાં અને ગુરુ કુંભ રાશિમાં સ્થિત હોય છે ત્યારે હરિદ્વારમાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવે છે.

### ક્રૂડ...

ઘણા ટેન્કરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કેટલાક ટેન્કરોએ ઈરાનથી પણ તેલ મોકલ્યું છે, જે પ્રતિબંધોને આધીન છે. બે ચીની વેપાર સૂત્રોએ જણાવ્યું હતું કે નવા પ્રતિબંધો રશિયન તેલ નિકાસને ભારે નુકસાન પહોંચાડશે, જેના કારણે ચીની સ્વતંત્ર રિફાઇનરોને રિફાઈનિંગ ઉત્પાદનમાં વધુ ઘટાડો કરવાની ફરજ પડશે. સૂત્રોએ નામ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તેઓ મીડિયા સાથે વાત કરવા માટે અધિકૃત ન હતા. સોમવારે રશિયન પુરવઠામાં અપેક્ષિત વિક્ષેપોને કારણે વૈશ્વિક તેલના ભાવ મહિનાઓમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગયા, બ્રેન્ટ ક્રૂડ ૮૧ ડોલર પ્રતિ બેરલથી ઉપર ટ્રેડ થઈ રહ્યું હતું.

કેપ્લરના મુખ્ય નૂર વિશ્લેષક મેટ રાઈટે એક નોંધમાં જણાવ્યું હતું કે, નવા પ્રતિબંધિત જહાજોમાંથી ૧૪૩ ઓઈલ ટેન્કર છે, જેમણે ગયા વર્ષે ૫૩૦ મિલિયન બેરલથી વધુ રશિયન ક્રૂડ ઓઈલનું સંચાલન કર્યું હતું, જે દેશના કુલ દરિયાઈ ક્રૂડ ઓઈલ નિકાસના લગભગ ૪૨% છે. તેમણે જણાવ્યું હતું કે, આમાંથી લગભગ ૩૦૦ મિલિયન બેરલ ચીન મોકલવામાં આવ્યા હતા, જ્યારે બાકીના મોટા ભાગના ભારતમાં ગયા હતા.

''આ પ્રતિબંધો ટૂંકા ગાળામાં રશિયાથી ક્રૂડ ઓઈલ સપ્લાય કરવા માટે ઉપલબ્ધ જહાજોના કાફલામાં નોંધપાત્ર ઘટાડો કરશે, જેના કારણે નૂર દરમાં વધારો થશે,'' રાઈટે જણાવ્યું હતું.સિંગાપોર સ્થિત એક વેપારીએ જણાવ્યું હતું કે, ઉલ્લેખિત ટેન્કરોએ છેલ્લા ૧૨ મહિનામાં ચીનને લગભગ ૯૦૦,૦૦૦ બેરલ રશિયન ક્રૂડ સપ્લાય કર્યું છે.

ગયા વર્ષના પ્રથમ ૧૧ મહિનામાં, ભારતની રશિયન ક્રૂડ ઓઈલ આયાત વાર્ષિક ધોરણે ૪.૫% વધીને ૧.૭૬૪ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ, જે ભારતની કુલ આયાતના ૩૬% જેટલી છે. આ જ સમયગાળામાં ચીનનું પાઈપલાઈન સપ્લાય સહિતનું વોલ્યુમ ૨% વધીને ૯૯.૦૯ મિલિયન મેટ્રિક ટન (૨.૧૫૯ મિલિયન બેરલ પ્રતિ દિવસ) થયું, જે તેની કુલ આયાતના ૨૦% જેટલું છે.

### એપલ...

માટે એક વર્ષમાં એપલની સિદ્ધિ અભૂતપૂર્વ છે.'' તેમણે સ્માર્ટફોન માટે ઉત્પાદન-લિંક્ડ પ્રોત્સાહન યોજનાની સફળતા પર પ્રકાશ પાડ્યો. ઉત્પાદન અને નિકાસના આંકડાઓ ફ્રેઈટ ઓન બોર્ડ કિંમતને ધ્યાનમાં લે છે જેના પર ઉપકરણ ફેક્ટરીમાંથી બહાર નીકળે છે. છૂટક ભાવ લગભગ ૬૦% વધારે છે. જોકે, સરકાર પીએલઆઈ યોજના હેઠળ એફઓબી કિંમત પર પ્રોત્સાહનો પ્રદાન કરે છે. ૩૦ બિલિયન ડોલર સ્થાનિક ઉત્પાદન તરફ આગળ વધી રહ્યું છે ઉદ્યોગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, રેકોર્ડ ઉત્પાદન અને નિકાસ આંકડાઓ સાથે, એપલે વિવિધ મોડેલો માટે પાંચમા ભાગ સુધી સ્થાનિક મૂલ્યવર્ધન પ્રાપ્ત કર્યું છે કારણ કે કંપની દેશમાં તેના સપ્લાયર બેઝને વિસ્તૃત કરવાનું ચાલુ રાખે છે. . તેમણે કહ્યું કે પીએલઆઈ યોજનાની શરૂઆતમાં, યુએસ જાયન્ટ માટે સ્થાનિક મૂલ્યવર્ધન ૫-૮% હતું.

(ત્રીજા પાનાનું ચાલું)

### સંસ્કૃતિને ભૂલ્યા વિના...

અભિવાદન કર્યુ હતું. આર.એમ.સી. કમિશનર શ્રી તુષાર સુમેરાએ વિદેશથી પધારેલા પતંગબાજોને ભારતીય સંસ્કૃતિમાં પતંગોત્સવના મહત્વ વિશેની જાણકારી આપી હતી.

આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શ્રી ડો.દર્શિતાબેન શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, શિશુ કલ્યાણ, ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, દક્ષાબેન વાઘેલા, અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, અશ્વિનભાઈ પાંભર, મગનભાઈ સોરઠીયા, વિનુભાઈ સોરઠીયા, ડો.પ્રીતિબેન દોશી, ડો.હાર્દિક ગોહેલ, જયશ્રીબેન ચાવડા, નિલેશભાઈ જલુ, અલ્પાબેન દવે, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, કંચનબેન સિધ્ધપુરા, મંજુબેન કુગશિયા, કુસુમબેન ટેકવાણી, દક્ષાબેન વાઘેલા, ચેતનભાઈ સુરેજા, રસીલાબેન સાકરીયા અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ.આ પતંગ મહોત્સવમાં ગ્રીસ, ઈટલી, લેબનોન, લીથુઅનિયા, પોલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, રિયુનિયન, રશિયન ફેડરેશન, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વિત્ઝરલેન્ડ, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામજેવા દેશના પતંગબાજો તેમજ ભારતના પંજાબ અને રાજસ્થાન રાજ્યના પતંગબાજોએ ભાગ લીધો હતો.આ સર્વે પતંગવીરોએ ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડમાં અવનવી, પચરંગી, થીમ આધારીત પતંગો ઉડાડી આકાશને રંગબેરંગી બનાવવામાં આવેલ.

### હાઈસ્કુલનું લોકાર્પણ...

રૂમ, ૧ ચિલ્ડ્રન ટોય રૂમ, ૨ ટોઈલેટ બ્લોક, ફર્સ્ટ ફ્લોર પર ૧૬ કલાસ રૂમ, ૧ ઈ-લાઈબ્રેરી, ૧ કમ્પ્યુટર લેબ, ૩ લેબોરેટરી, ૧ મિટીંગ રૂમ, ૨ ટોઈલેટ બ્લોક વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ અને મંચસ્થ મહાનુભાવોનું ખાદીના રૂમાલ અને પુષ્પ વડે સ્વાગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમની રૂપરેખા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમની આભારવિધિ માધ્યમિક શિક્ષણ અને આનુસંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા દ્વારા કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી ડો.માધવ દવે, માધ્યમિક શિક્ષણ અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-રાજકોટ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા,

કોર્પોરેટરો કાળુભાઈ કુગશિયા, કંકુબેન ઉધરેજા, પરેશભાઈડી. પીપળીયા, કંચનબેન સિધ્ધપુરા, અલ્પાબેન દવે, મંજુબેન કુગશિયા, મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડિયા, ઉપસ્થિત રહ્યા હતા.

(ચોથા પાનાનું ચાલુ)

### સી.આર. પાટીલ...

લગ્ન કરાવવાની સાથે તેમને ૧૪૦ જેટલી વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી છે. આ સાથે જ આજે આગામી વર્ષે આનાથી ત્રણ ગણો મોટો લગ્ન સમારોહ યોજવાની અને ૨૦૦ કરતા વધુ દીકરીનાં લગ્ન કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત થતાની સાથે જ રૂ. ૨ કરોડનું અનુદાન પણ મળ્યું હતું.

આ આયોજનને સફળ બનાવવા યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ડો.ભરતભાઈ બોઘરા, રાજકોટ બિલ્ડર એસો.ના પ્રમુખ પરેશ ગજેરા, પ્રમુખ હરેશભાઈ કાનાણી, ઉપ પ્રમુખ વિજયભાઈ તોગડીયા, સેક્રેટરી જીજ્ઞેશભાઈ કિયાડા સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

### વિજયભાઈ રૂપાણી...

હસમુખભાઈ જોશી, અભિનેતા લેખક ગીતકાર ચેતનભાઈ ધાનાણી, તાજપુરા નારાયણ બાપુ આશ્રમના રાજેશભાઈ રાજગોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નારાયણ વિદ્યાવિહાર માં ડોકટર મહેશભાઈ ઠાકર ની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમનું પ્રારંભ ૭:૦૦ વાગ્યે થયો હતો એક પછી એક કાર્યક્રમની વણઝારે શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા આયજકોની જહેમત રંગ લાવી હતી અને શ્રોતાઓ અને અતિથિ વિશેષ મહાનુભાવો એ કાર્યક્રમની ભરપૂર પ્રસંશાકરી હતી.

### સ્વામીનારાયણ ગુરૂકુળ...

સાંજના સમયે તેમાં પાણી ભરી, ખુલ્લામાં મૂકી વહેલી સવારે તે ઠંડા પાણીથી સ્નાન કરવું તેને માઘસ્નાન કહેવાય છે. આવા માઘ સ્નાનમાં એસજીવીપી સ્વામિનારાયણ ગુરુકુલ, દર્શન સસ્કૃત મહાવિદ્યાલયમાં સંસ્કૃતનો અભ્યાસ કરતા સંતો અને પાર્ષદો જોડાયા છે આ માઘસ્નાન તા.૧૩-૧-૨૫ શરુ થઈ તેની પૂર્ણાહૂતિ તા..૧૨-૨-૨૦૨૫ સુધી એકમાસ પર્યંત કરવાનું માઘ સ્નાન સ્વેચ્છાએ હોય માઘ સ્નાનમાં મેમનગર ગુરુકુલ, એસજીવીપી હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને દર્શન સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારો પણ સ્વેચ્છાએ જોડાયા હતા.

### સ્કેટીંગ સ્પર્ધા...

સ્પર્ધામાં અનુક્રમે ૪ અને ૪ બહેનો વિજેતા બની છે, જેમાંથી રાજ્યકક્ષાએ યશવી અશર, હેઝલ પરમાર, દીયાંશી દોશી, જેનીતા પરમાર પસંદગી પામ્યા છે. અંડર-૧૧ ઈનલાઈન બહેનોની ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટરની સ્પર્ધામાં અનુક્રમે ૪ અને ૪ બહેનો વિજેતા બની છે, જેમાંથી રાજ્યકક્ષાએ માહી પટેલ, આરાધ્યા ઠાકુર, જહંસી વાછાણી અને તનીષા શાહ પસંદગી પામ્યા છે.

અંડર-૧૭ કવાડ બહેનોની ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટરની સ્પર્ધામાં અનુક્રમે ત્રણ અને ત્રણ બહેનો વિજેતા બની છે, જેમાંથી રાજ્યકક્ષાએ દેવાંશી જોશી, સ્વરા અજમેરા, અક્ષી વોરા પસંદગી પામ્યા છે. અંડર-૧૭ ઈનલાઈન બહેનોની ૫૦૦ મીટર સ્પર્ધામાં નીર સોરઠીયા વિજેતા બન્યા છે જે રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા છે.

અબોવ ૧૭ કવાડ બહેનોની ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટરની સ્પર્ધામાં અનુક્રમે એક અને બે બહેનો વિજેતા બની છે, જેમાંથી રાજ્યકક્ષાએ જાનકી પંડ્યા અને સ્નેહા બોરીચા પસંદગી પામ્યા છે. અંડર-૧૭ ઈનલાઈન બહેનોની ૫૦૦ મીટર અને ૧૦૦૦ મીટર સ્પર્ધામાં એમ બંને સ્પર્ધામાં વિશ્વા જાવિયા અને માનસી બુધ્ધદેવ વિજેતા બન્યા છે જે રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા છે.

(૧૩ મા પાનાનું ચાલું)

### વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલ ઉદ્ઘાટન

૧૫ કરોડના ખર્ચે આ અધ્યતન બિલ્ડીંગનું નવનિર્માણ કરવામાં આવ્યું છે બાળકોના સર્વાંગી વિકાસ માટે નવનિર્મિત બિલ્ડિંગમાં એડિશનલ વોકેશનલ શિક્ષણ પદ્ધતિથી બાળકોને અભ્યાસ પૂરૂ પાડવામાં આવશે. ટ્રસ્ટના ઉદ્દેશ્ય માત્ર શિક્ષણ નહીં પરંતુ વિદ્યાર્થી આત્મનિર્ભર અને પોતાના પગભર બને તેવા હેતુથી આ શિક્ષણ પદ્ધતિ શરૂ કરવામાં આવી છે.ગ્રીન પ્રોજેક્ટ સાથે ગ્રીન સોલાર થકી પ્રોજેક્ટ નિર્માણધીન કરવામાં આવ્યું છે.

છગનલાલ શામજી બહેરા મૂંગા શાળા૪૫,૦૦૦ સ્કવેર ફૂટ માં સંપૂર્ણ બિલ્ડીંગ આકાર પામશે. ૨૨૦૦૦ સ્કેર ફૂટમાં વોકેશનલ સર્વિસ પૂરી પાડવામાં આવશે. બાળકોના સર્વાંગી વિકાસમાં નવીનીકરણ બિલ્ડીંગ આશીર્વાદ રૂપ બનશે.

છગનલાલ શામજી વિરાણી બેહરા મૂંગા શાળા-ટ્રસ્ટ રાજકોટ ટ્રસ્ટી રજનીભાઈ બાવીશી,પ્રશાંતભાઈ વોરા, પિયુષભાઈ વિરાણી હંસિકાબેન મણીયારો પ્રવીણભાઈ ધોળકિયા ડોક્ટર કેતન બાવીસી ડોક્ટર દર્શિતા શાહ આયુષી વિરાણી, રાજેશભાઈ વિરાણી તેમજ હરેશ વોરા સહિતના તમામ ટ્રસ્ટી મંડળનો નવનિર્માણમાં સહયોગ મળ્યો છે

(૧૪માં પાનાનું ચાલુ)

### ઉકાણી પરિવાર

મંત્રમુગ્ધ બન્યા હતા.

મૌલેશભાઈ આંગણે દિકરી રાધાની રીંગ સેરેમની પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ ચિ.રાધા અને ચિ. રીશીને આર્શીવાદ પાઠવ્યા હતા. નવયુગલે ઉકાણી પરિવારના મોભી અને દાદા ડો.ડાયાભાઈ ઉકાણીના આર્શીવાદ લીધા હતા. દાદા ડો.ડાયાભાઈ ઉકાણી લાડકી દિકરી રાધાને આર્શીવાદ આપતા ભાવવિભોર બન્યા હતા. સ્વયં ઠાકોરજી આર્શીવાદ પાઠવતા હોય તેવા ભાવ સાથે રંગબેરંગી સિતારાઓની રોશનીથી સ્ટેજ ઉપરના ભાગે આકાશમાં જય દ્વારકાધીશ, શ્રીનાથજીનું મુખારવિંદ, વર-વધુના નામ, રીંગ સેરેમની દર્શાવતું રીંગ- અને હાથની પ્રતિકૃતિ, ઓલવેઝ બ્લેસીંગના મનોરમ્ય ચિત્ર ઉપાસવામાં આવ્યા હતા. રંગબેરંગી ભવ્ય વિવિધ આતશબાજીથી પ્રસંગની શોભામાં અભિવૃધ્ધી કરાય હતી.

દિકરી રાધાની ઈચ્છાને પાંખો આપતા મૌલેશભાઈ ઉકાણીએ ઘરઆંગણે જ જાણે યુરોપ ઉભુ કરી દીધુ હોય તેમ દ્વારકાધીશ ફાર્મ ખાતે યુરોપીયન થીમમાં એક માસ પૂર્વે જ તૈયારીઓ શરૂ કરાવી ભવ્ય સેટ ઉભો કરાવ્યો હતો. સાથોસાથ દિકરીને પર્યાવરણ જતનના આપેલ વચન માટે આમંત્રીત મહેમાનો નામે આશરે ૫૦૦૦ જેટલા વૃક્ષારોપણ કરી છોડમાં રણછોડ રૂપે સાર્થક કરી હતી. માત્ર વૃક્ષારોપણ જ નહી તેના ઉછેર અને માવજતની જવાબદારી પણ તેઓ બખૂબી નિભાવશે. મહેમાનોના નામ અને નંબર પર જે તે વૃક્ષની અપગ્રેડ માહીતી તેઓને મળતી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજકોટમાં યોજાયેલ રીંગ સેરેમનીમાં મૌલેશભાઈ આંગણે રાજકીય મહાનુભાવો કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજકોટ સ્ટેટ માંધાતાસિંહજી જાડેજા, રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, વઢવાણના પૂર્વ ધારાસભ્ય અને મેકસન ગ્રુપના ધનજીભાઈ માકાસણા સહીતના પરિવારજનોને શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉકાણી પરિવારને નિવાસ સ્થાન પર જઈને તથા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સિદસર મહોત્સવમાં શુભેચ્છા પાઠવી હતી.

ઉકાણી પરિવાર દ્વારા ઈશ્વરીયા સ્થિત દ્વારકાધીશ ફાર્મ ખાતે યુરોપીયન થીમમાં યોજાયેલા રીંગ સેરેમની પ્રસંગે ઉમિયા માતાજી મંદિર સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, ટ્રસ્ટીઓ બી.એચ ઘોડાસરા, ગોવિંદભાઈ વરમોરા સહિતનાઓએ ચિ. રાધા અને ચિ. રીશીને શુભેચ્છા પાઠવી હતી.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મહામંત્રીઓ માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ભાજપ મહિલા અગ્રણી કાશ્મીરાબેન નથવાણી, ભાજપ મહિલા પ્રમુખ કિરણબેન માકડીયા, પ્રવકતા રાજુભાઈ ધ્રુવ વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહી નવ યુગલને શુભેચ્છા અને આર્શીવાદ પાઠવ્યા હતા.

### ભાજપ દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક

કરવામાં આવેલ હતું. આ સ્વાગત કરવામાં રાજકોટ લોકસભા સાંસદ પરશોતમભાઈ રૂપાલા, રાજયસભા સાંસદ રામભાઈ મોકરીયા, શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, મેયર નયનાબેન પેઢડિયા, પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, સહિતના રાજકોટ શહેરના ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### મુખ્યમંત્રી ના હસ્તે 'સ્નેક રેસ્ક્યુ એપ'

આ સાથે મુખ્યમંત્રીએ 'કરુણા અભિયાન -૨૦૨૫ સિગ્નેચર' કેમ્પનમાં પણ ભાગ લીધો હતો.

આ પ્રસંગે અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સના ડો એ.પી.સિંગએ કહ્યું કે, મુખ્યમંત્રીના નેતૃત્વમાં ઉત્તરાયણ પર્વમાં ઘાયલ પક્ષીઓને બચાવવાનું આ અભૂતપૂર્વ અભિયાન છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં હજારો ઘાયલ પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા છે. તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન સુધી ચાલી રહેલા આ અભિયાનને સફળ બનાવવા પશુપાલન, વન વિભાગ, મહાનગરપાલિકાઓ અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સહભાગી બની છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગની દોરીથી કોઈ અબોલ પક્ષી-પશુ ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી- ૨૦૨૫ દરમ્યાન રાજ્યવ્યાપી કરૂણા અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશા-દર્શનમાં યોજાઈ રહ્યું છે.

રાજ્યના કોઈ પણ સ્થળે ઘાયલ પક્ષીઓને ઝડપી અને યોગ્ય સારવાર આપવા માટે વન વિભાગ દ્વારા વોટ્સઅપ નંબર ૮૩૨૦૦૦૨૦૦૦ અને ૧૯૨૬ હેલ્પલાઈન જાહેર કરાયો છે. આ નંબર પર ''ઈંશ'' મેસેજ કરવાથી એક લિંક મળશે, જેને કલીક કરવાથી જિલ્લાવાર ઉપલબ્ધ તમામ પક્ષી સારવાર કેન્દ્રોની માહિતી મળશે. આ ઉપરાંત પશુપાલન વિભાગ દ્વારા ૧૯૬૨ નંબર સેવારત છે. આ નંબરનો સંપર્ક કરી નાગરિકો અબોલ પશુ પક્ષીઓનો જીવ બચાવી શકશે.

કરુણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારત છે. સાથે જ, પશુપાલન વિભાગ, વન વિભાગ અને વિવિધ સેવાભાવી સંસ્થાઓના મળીને રાજ્યભરમાં કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરવામાં આવ્યા છે. આ અભિયાન દરમિયાન રાજ્યભરના ૮૬૫ પશુ દવાખાના, ૩૪ વેટરનરી પોલિક્લિનિક, ૨૭ શાખા પશુ દવાખાના ઉપરાંત ૫૮૭ જેટલા ફરતા પશુદવાખાના અને ૩૭ કરુણા એનીમલ એમ્બ્યુલન્સ રજાના દિવસે પણ કાર્યરત રહેશે. જ્યાં ઘાયલ પશુ-પક્ષીની સારવાર માટે જરૂરી તમામ સાધનો અને દાવાઓનો સ્ટોક સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

## વોર્ડ નં.૧૨ યુવા ભાજપ પ્રમુખ યુવરાજસિંહ ઝાલાનો જન્મદિવસ



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૨ના યુવા ભાજપના પ્રમુખ યુવરાજસિંહ ઝાલાનો આજે તા.૧૩-૦૧-૨૫ સોમવારના જન્મદિવસ છે. તેઓ ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. યુવરાજસિંહ સતત બીજી ટર્મ વોર્ડ નં.૧૨ના ભાજપ યુવા પ્રમુખ ચાલુ છે અનેક સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. જય બજરંગ મિત્ર ગરબી મંડળના પ્રમુખ છે. જન્મદિવસની પૂર્વ સંધ્યાએ ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, આગેવાનો, મિત્ર-સર્કલ તેમજ રાજકીય અગ્રણીઓ દ્વારા તેમના મો.નં.૯૯૦૪૬ ૭૪૯૯૯ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ઉત્તરાયણ...

મકરરાશીમાં પ્રવેશ થતાની સાથે જ છેલ્લા એક મહિનાથી ચાલતા ધનારક કમુરતા ઉતરી જશે અને ફરી લગ્નસરાની સીઝનમાં શરણાઈઓનાં સૂર ગુંજી ઉઠશે. આ વર્ષ સંક્રાંતનું વાહન વાઘ જયારે ઉપવાહન અશ્વ છે.

આવતીકાલે રાશી મુજબ અમૂક ચીજ વસ્તુનું દાન કરવામાં આવે તો તેનું સવિશેષ ફળ મળે છે. કાલે મેષ,સિંહ અને ધનરાશી ધરાવતા લોકોએ કાળા તલ, કાળુ અથવા બ્લ્યુ કાપડ અને સ્ટીલના વાસણનું દાન કરવું. વૃષભ, તુલા અને મકર રાશી ધરાવતા લોકોએ ઘઉં, ગોળ, લાલતલ, લાલ કાપડ અને તાંબાના વાસણનું દાન કરવું. મિથુન, વૃશ્ચિક અને મીન રાશીના લોકોએ ઘી, ખાંડ, સફેદ તલ, ચોખા અને સફેદ ચણાનું દાન કરવું. જયારે કર્ક રાશી ધરાવતા લોકોએ ચણાની દાળ, પીળુ કાપડ અને પીતળના વાસણનું દાન કરવું, આવતીકાલે મકર સંક્રાંતિએ દાન આપવાનો શ્રેષ્ઠ સમય સવારે ૮.૫૪ કલાકથી સાંજે ૬.૨૩ કલાક સુધીનો છે. આવતીકાલે પવનની ગતી પણ પ્રમાણમાં સારી રહેશે એટલે પતંગ ચગાવવા માટે પતંગવીરોએ વધુ મહેનત નહી કરવી પડે.

### લેટરકાંડ...

થયો હતો. જે પ્રકારે પાયલ ગોટીને માર મારવાના કેટલાક આક્ષેપો થયા હતા સાથે સાથે તેનુ સરઘસ કાઢવામાં આવ્યાનો પણ એક આક્ષેપ હતો. તે મામલે પોલીસ કર્મચારીઓની ફરજ દરમિયાન બેદરકારી હોવાના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ત્રણેય પોલીસ કર્મી લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા હતા.

હવે જયારે ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે આ મામલો થાળે પડી જશે તેવો સવાલ ઉઠ્યો છે. અમરેલી જિલ્લો ગુજરાતના રાજકારણમાં સૌથી અલગ પડતું આવ્યું છે. રાજકીય નિષ્ણાંતોના મત અનુસાર યાદવાસ્થળી સમાન અમરેલીના રાજકારણમાં વર્ષોથી જૂથવાદ ચાલી રહ્યો છે. ભાજપના જ બે અલગ અલગ જૂથો એકબીજા સામે મેદાનમાં હોય ત્યારે લેટરકાંડમાં કોંગ્રેસ પણ આક્રમક થઈને બહાર આવી છે. પરેશ ધાનાણીએ શનિવારે અમરેલી બંધનું એલાન આપ્યું હતું જેને મિશ્ર પ્રતિસાદ મળ્યા બાદ આજે સુરત બંધનું એલાન આપ્યું છે. ત્યારે લેટરકાંડમાં સસ્પેનશન બાદ પણ 'પિકચર અભી બાકી હૈં મેરે દોસ્ત' જેવો ઘાટ ઘડાયો છે.

### સરકાર હરકતમાં...

સિસ્ટમ લગાવવા કુલ ૭૮૬.૪૧ કિલોમીટરની લંબાઈના માર્ગો પર ૭૬ કામો માટે ૮૭.૫૨ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં માર્ગ અકસ્માતોની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટશે તેમજ યાતાયાત વધુ સુરક્ષિત બનશે.

## પ્રખર જ્યોતિષાચાર્ય બિપીનદાદાનું નિધનઃ ગુરૂવારે બેસણું



**રાજકોટ :** મૂળ બાન્દ્રા (ગોંડલ) નિવાસી હાલ રાજકોટ જ્યોતિષાચાર્ય નરેન્દ્રભાઈ (બિપિનદાદા) કાશીનાથ પંડ્યા તે સ્વ.કાશીનાથભાઈ ગોકળદાસ પંડ્યા, ગં.સ્વ.અનસુયાબેન કાશીનાથભાઈ પંડ્યાના સુપુત્ર, સ્વ.અરૂણાબેન પંડ્યાના પતિ, દર્શનભાઈ પંડ્યા તથા ધૈવતભાઈ પંડ્યાના પિતાશ્રી, હેમેન્દ્રભાઈ પંડ્યા (લંડન), કિરીટભાઈ પંડ્યા (લંડન), અજયભાઈ પંડ્યા, દિપકભાઈ પંડ્યા અને અરૂણાબેન અશોકભાઈ કાલાવડીયાના ભાઈનું તા.૧૨ના રોજ અવસાન થયુ છે. સદ્ગતનું બેસણું તા.૧૬ને ગુરૂવારે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ ''ભાવના સ્મૃતિ'', ૨/૮ સિલ્વર સ્ટોન કોર્નર, ઓસ્કાર ટાવર મેઈન રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ ખાતે તેઓના નિવાસ સ્થાને રાખેલ છે. દર્શનભાઈ પંડ્યા મો.નં.૯૦૯૯૯ ૭૩૭૩૧, ધૈવતભાઈ પંડ્યા મો.નં.૯૫૭૪૨ ૧૧૯૧૧

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** રાજકોટ નિવાસી જશવંતરાય મોતીલાલ દવે (મુળ કેશીયા) તે સ્વ.વિનોદરાય મોતીલાલ દવે, સ્વ.રમાબેન મોતીલાલ દવે તેમજ સાવિત્રીબેન વસંતરાય જાનીનાં નાનાભાઈ, વિજયભાઈ - સંજયભાઈ દવેનાં કાકા, હાર્દિક-પાર્થ દવેનાં કાકાદાદા તથા લતાબેન જાની તેમજ પંકજભાઈ જાનીના મામા તથા પ્રકાશભાઈ જાનીનાં મામાદાદાનું તા.૧૧-૦૧, શનીવારનાં રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩-૧-૨૦૨૫ સોમવાર સાંજે ૪-૦૦ થી ૫-૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભકિતનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મુળ રાજકોટ હાલ અમદાવાદ નિવાસી પુર્ણેન્દુભાઈ પ્રભુલાલભાઈ દવે તે ગં.સ્વ.સર્યુબેન પુર્ણેન્દુભાઈ દવેના પતિ તેમજ કોનાર્ક દવે અને નુપુર દવેના પિતા તથા પૂર્વી કોનાર્ક દવેના સસરાનું તા.૮-૧-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે.

**અમરેલી :** વાણંદ અરજણભાઈ નારણભાઈ ઘેલાના સુપુત્ર સ્વ.રમેશભાઈ અરજણભાઈ વાઘેલા તે જીજ્ઞેશભાઈ, મનીષભાઈ, અલ્પાબેનના પિતા તથા ક્રિષભાઈ, હર્ષ, કાવ્યા, ધન્વીના દાદાનું તા.૧૧-૧-૨૦૨૫ શનિવારના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩-૧ ને સોમવારના રોજ સવારે ૯:૦૦ થી ૬:૦૦ કલાક સુધી સત્યનારાયણ સોસાયટી હનુમાનજીના મંદિરે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

### સંવેદનશીલ સરકારનો કરૂણાસભર નિર્ણય

# કાલથી પ્રાણી કલ્યાણ પખવાડીયું ઉજવાશે : વિવિધ કાર્યક્રમો થકી 'પ્રેમ કલ્યાણ'નો રાગ

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૪ થી ૩૦ જાન્યુઆરી સુધી ''પ્રાણી કલ્યાણ પખવાડીયા''ની ઉજવણી કરવામાં આવશે. આ સપ્તાહ દરમિયાન રાજ્યભરમાં અબોલ પ્રાણીઓના કલ્યાણને લગતા તથા તેમના પ્રત્યે પ્રેમ વધે તે સંલગ્ન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

રાજ્યની પ્રાણી કલ્યાણ સંસ્થાઓ અને સંબંધિત નાગરિકો દ્વારા બિમાર અને ઘાયલ પશુઓ માટે સારવાર કેમ્પ, વંધ્યત્વ નિવારણ કેમ્પ એંટીરેબીસ કંટ્રોલ પ્રોગ્રામ તથા તાલીમ શિબિર જેવા પ્રાણી કલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાશે.

આ પખવાડીયા દરમિયાન ''ઓક્સીટોસીન'' ઈંજેક્શનના દુરૂપયોગ બાબતે લોક જાગૃતી કેળવવી, મોટા પ્રમાણમાં પક્ષીઓ માટે સાનુકુળ વૃક્ષો જેવા કે જાંબુ, લીમડો, પીપળ, શીમળના વાવેતર માટે નાગરિકોને અનુરોધ કરાશે. પશુ પક્ષીઓને પુરતા પ્રમાણમાં ખોરાક અને પાણી મળી રહે તે માટે માટીના વાસણ-કુંડાનું વિતરણ કરાશે. આ ઉપરાંત સમગ્ર પખવાડિયા દરમિયાન જનજાગૃતિને લગતા કાર્યક્રમોનું આયોજન કરીને શાળા, કોલેજ, કન્યા કેળવણી મંડળો તેમજ ગ્રામ પંચાયતો અને નગરપંચાયતો તરફથી પ્રાણી કલ્યાણ અને પ્રાણી પ્રત્યે પ્રેમ, દયા વિશે ચર્ચાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ પણ યોજાશે.

ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ પોસ્ટરો છપાવવા ઉપરાંત પ્રાણી કલ્યાણ પખવાડિયા દરમિયાન ગ્રામ્ય કક્ષાએ યોજાતી શિબિરો દરમિયાન ગૌવંશ હત્યાના પ્રતિબંધ ધારો અમલમાં છે તેની જનજાગૃતિ કેળવવા માટે પ્રચાર કરાશે. ABC રૂલ્સ-૨૦૨૩ના ચુસ્ત અમલીકરણ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થા સાથે સંકલન કરી એનીમલ બર્થ કન્ટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ દરમ્યાન શ્વાનો પર ક્રુરતા ન થાય તે બાબત અંગે ધ્યાન રાખવા સૂચના આપવી તેમ યાદીમાં વધુમાં જણાવ્યું હતું.

## ઓક્સીટોસિન ઈંજેક્શનનો ઉપયોગ કેટલો યોગ્ય ?

ઓક્સીટોસિન એ કફોત્પાદક હોર્મોન છે જેની અસરકારકતા ખૂબ જ ટૂંકી હોય છે- તે કુદરતી મુક્તિ અથવા ઈન્જેક્શન પછી લગભગ તરત જ શોષાય છે- તે સંપૂર્ણ રીતે શોષાય અને ચયાપચય થાય તે પહેલાં તે તંદુરસ્ત પ્રાણીના લોહીના પ્રવાહમાં ત્રણ મિનિટ જેવું રહે છે. સ્તન્ય પ્રાણીઓમાં ગર્ભમાં રહેલા બચ્ચાની રક્ષા માટેનું આચ્છાદન હળવું ગર્ભાશય સંકોચન, દૂધ છોડવું અને હળવા, અસ્થાયી શાંત અસરનું કારણ બની શકે છે.ખેડૂત માટે, આ ખૂબ જ ઉપયોગી અસર છે- જો પ્રાણીઓ પર તાણ આવે છે, જેમ કે કોઈ પ્રાણીને પ્રથમ વખત દૂધ પીવડાવવામાં આવે છે, અથવા જો પ્રાણીને જન્મ આપવામાં મુશ્કેલીઓનો અનુભવ થતો હોય, તો ઓક્સિટોસિન પ્રાણીને શાંત કરશે અને ઈચ્છિત પ્રક્રિયા કરવામાં મદદ કરશે.તે મનુષ્યો માટે સંપૂર્ણપણે હાનિકારક છે- તે પાચનતંત્ર દ્વારા શોષી શકાતું નથી, તે માંસ અથવા દૂધમાં ટકી શકતું નથી, અને જો તે મોટી માત્રામાં ત્વચા પર ઢોળાય અને શોષાય તો પણ તેની કોઈ ગંભીર આડઅસર થતી નથી.જો કે, ડેરી ફાર્મ પરના પ્રાણીઓને કોઈ કારણસર દૂધ યોગ્ય રીતે છોડતું ન હોય તેવા કિસ્સામાં તે ખૂબ જ ઉપયોગી દવા છે.

### ઉત્તરાયણ પર્વે

# રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવાનું ટાળોઃ રેલવે તંત્ર

### ટ્રેક ઉપર આવેલ હાઈવોલ્ટેજ ઈલેક્ટ્રીક વાયરથી સાવચેત રહેવા અપીલ

**અબતક,રાજકોટ**

રેલવે તંત્ર દ્વારા બધા લોકોને જાણ કરવામાં આવે છે કે રાજકોટ ડિવિઝનના તમામ સેક્શનમાં રેલવે લાઈનો પર ૨૫૦૦૦ વોલ્ટના ઓવરહેડ વાયરો લગાવવામાં આવ્યા છે. આ ૨૫૦૦૦ વોલ્ટના વાયરોમાં પતંગની દોરીઓ ફસાઈ હોવાનું જોવામાં આવ્યું છે. રેલવે કર્મચારીઓએ ટ્રેક પર કામ કરતી વખતે આ વાયરોના સંપર્કમાં ન આવે તેની કાળજી લેવી જોઈએ કારણ કે ઈલેક્ટ્રિક શોકને કારણે જીવનું જોખમ રહેલું છે. આ ઉપરાંત સામાન્ય લોકો પણ રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવે છે અને ઓવરહેડ વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે. તો સૌને વિનંતી છે કે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાવવાનું ટાળો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ કાઢવાનો પ્રયાસ ન કરે અને સામાજિક હિતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલું અન્ય લોકોને આ બાબત ની જાણ કરે.

## શા માટે રેલવે ટ્રેક પાસે પતંગ ઉડાડવું જોખમી છે

રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવાથી ગંભીર પરિણામો આવી શકે છે. આ એક એવી પ્રવૃત્તિ છે જે ઘણીવાર હળવાશથી લેવામાં આવે છે, પરંતુ તે ખૂબ જ જોખમી છે. રેલવે ટ્રેકની નજીક ઉચ્ચ વોલ્ટેજના વીજળીના વાયર હોય છે. પતંગનો દોરો આ વાયર સાથે અથડાય તો ઈલેક્ટ્રિક શોક લાગવાની શક્યતા રહે છે. પતંગનો દોરો ટ્રેનના એન્જિનમાં ફસાઈ જાય તો ટ્રેન અકસ્માત થઈ શકે છે. આનાથી મોટા પાયે જાનહાનિ થઈ શકે છે. પતંગનો દોરો સિગ્નલિંગ સિસ્ટમને ખોરવી નાખે તો ટ્રેનની અવરજવર પર અસર પડી શકે છે. ત્યારે રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવાનું ક્યારેય ન કરો, બાળકોને રેલવે ટ્રેકની નજીક પતંગ ન ઉડાડવા માટે સમજાવો. જો પતંગનો દોરો વીજળીના વાયર સાથે અથડાય તો ક્યારેય પોતે દોરો કાપવાની કોશિશ ન કરો. તરત જ રેલવે પોલીસ અથવા સ્થાનિક અધિકારીઓને જાણ કરો.રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાડવું એ એક ગંભીર સમસ્યા છે. આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને પોતાની અને અન્ય લોકોની સલામતી માટે જરૂરી સાવચેતી રાખવી જોઈએ.

# વોર્ડ નં. ૧૪માં ફરી પાઈપલાઈનમાં ભંગાણઃ કોઠારીયા કોલોની- માસ્તર સોસાયટી વિસ્તારો પાણી વિહોણા

**અબતક, રાજકોટ**



શહેરના વોર્ડ નં.૧૪માં વધુ એક વખત પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતાં કોઠારીયા કોલોની અને માસ્તર સોસાયટીમાં આજે પાણી વિહોણા રહયા હતા. વોર્ડ નં. ૧૪માં છાશવારે પાણીની પાઈપલાઈનો માં બિસ્કીટની જેમ ભંગાણ થઈ રહ્યું છે. અગાઉ પણ વોર્ડ નં.૧૪, વોર્ડ નં.૧૫ અને વોર્ડ નં. ૧૯ નો ભાગ હતો. તત્કાલીન સમયે વોર્ડ નં. ૧૫માં ડીઆઈ પાઈપલાઈન પથરાઈ ગઈ હતી પરંતુ તત્કાલીન સમયના વોર્ડ નં. ૧૯ ના જે ભાગો આવે છે તેમાં કોઠારીયા કોલોની (પાટે), ભક્તિનગર સોસાયટી, વાણીયાવાડી, ગોપાલ નગર, ગાયત્રી નગર, મિલપરા, શ્રમજીવી સોસાયટી, આનંદ નગર, ગીતા નગર સહિતના જે વિસ્તારો આવે છે તેમાં અવારનવાર પાઈપલાઈનમાં ભંગાણ થાય છે અને ડહોળા અને ગંધાતા પાણીની વ્યાપક ફરિયાદો તંત્ર ના રેકોર્ડ પર છે. કારણકે તત્કાલીન સમયે વોર્ડ નંબર ૧૫ નું ટેન્ડર પાસ થયું હતું પરંતુ ત્યાર પછી વોર્ડ નંબર ૧૯ ના જે હાલ વોર્ડ નંબર ૧૪ ના ભાગો છે તે વિસ્તારમાં પચાસેક વર્ષ જૂની પાઈપલાઈનો હોવાને પગલે ભંગાણ થતું જ રહે છે. આ વિસ્તાર ડી આઈ પાઈપ લાઈનથી વંચિત છે. તેમાં ડી આઈ પાઈપલાઈન નાખવા વખતો વખત રજૂઆતો પણ કરવામાં આવી છે. આજરોજ રાત્રે પાણીની ૨૪ કલાકની ગુરુકુળ ઝોનની પાઈપલાઈન તૂટી જતા સવારે પાણી ન મળતા મહિલાઓએ ગજુભાને ફરિયાદ કરતા અધિકારીઓને આ બાબતે જાણ કરી પાણીની પાઈપલાઈન ગરબી ચોક, પાસે કોઠારીયા કોલોની પાસે લાઈનમાં ભંગાણ પડતાં ઘટના સ્થળે દોડી જઈ ઉપસ્થિત આસિસ્ટન્ટ ઈજનેર અને કોન્ટ્રાક્ટરો પાસેથી વિગત લઈ ડેપ્યુટી ઈજનેર અને સીટી ઈજનેર ને સ્થળ ઉપરથી તાત્કાલિક લાઈન મરામત કરી પાણી વિતરણ ચાલુ કરવા રજૂઆત ગજુભા ઝાલાએ કરી છે.

# ઘર વિહોણા લોકોને મદદરૂપ થવા શહેરીજનો કોલ સેન્ટરમાં ફોન કરી શકશે

### આશ્રય લેવા ઈચ્છુક વ્યક્તિની માહિતી મળ્યે કોર્પોરેશનની ટીમ ઘરવિહોણાને આશ્રયસ્થાન ખાતે સ્થળાંતરીત કરશે

**અબતક, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા હવે પોતાના આ અભિયાનમાં અન્ય નાગરિકોની પણ સહાયતા લેવા આગળ ધપી રહી છે. જેમાં શહેરના નાગરિકો પોતાના રહેઠાણ કે વ્યવસાય સ્થળની આસપાસ, શહેરમાં જાહેર માર્ગો પરની ફૂટપાથ ઉપર કે અન્ય કોઈ પણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે તો નાગરિકો તેમને ઉપલબ્ધ નિઃશુલ્ક આશ્રયસ્થાનની સુવિધાઓ વિષે સમજાવે અને જો આવા લોકો આશ્રયસ્થાન ખાતે આવવા ઈચ્છા ધરાવતા હોય તો રાજકોટ મહાનગરપાલિકાને કોલ સેન્ટરના ફોન નં. ૧૫૫૩૦૪ ઉપર માહિતી આપે તેવો જાહેર અનુરોધ કરવામાં આવે છે.

કોલ સેન્ટરના ફોન નં. ૧૫૫૩૦૪ ઉપર જાહેર જનતા પાસેથી આશ્રયસ્થાનમાં આવવા ઈચ્છુક લોકોની માહિતી મળ્યે રાજકોટ મહાનગરપાલિકાની ટીમ સવારે ૦૬:૦૦ વાગ્યાથી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ઘર વિહોણા લોકોને રૂબરૂ મળી તેઓને આશ્રયસ્થાનો ખાતે સ્થળાંતરિત કરશે.

# શરદી-ઉધરસ, તાવ અને ૭ અને ઝાડા-ઉલટીના ૧૮૩૫ કેસ

### મચ્છરોની ઉત્પત્તિ સબબ ૪૦૪ આસામીઓને નોટિસ ફટકારાઈ

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આજે રોગચાળાના સાપ્તાહિક આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જેમાં શરદી-ઉધરસના ૯૪૩ કેસ, સામાન્ય તાવના ૭૨૭ કેસ, ઝાડા-ઉલટીના કેસના અને ટાઈફોઈડ તાવના ૨ કેસ નોંધાયા નથી.

રાજકોટ મહાનગર પાલિકાની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી હેઠળ ૩૩,૬૯૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. ફિલ્ડવર્કરો દ્વારા ૭૫૩ ઘરોમાં ફોગીંગ કામગીરી કરાય હતી.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

ડેન્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂધ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૬૯ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી -પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરેનો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૨૬૭ અને કોર્મશીયલ ૧૩૭ આસામીને નોટીસ આપવામાં આવી હતી.

### કોર્પોરેશનના ઢોર-ડબ્બામાં

# ૭૫૬ ગાયના મોત માટે જવાબદાર કોણ ? લખેલી પતંગો માલધારીઓએ શાસકોને આપી

### કાલે મકર સંક્રાતિએ આવા લખાણ વાળી પતંગો ચગાવશે માલધારીઓ

**અબતક, રાજકોટ**


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

કોર્પોરેશનના ઢોર-ડબ્બામાં ૭૫૬ ગાયના મોત માટે જવાબદાર કોણ ? તેવા લખાણના સ્ટીકર સાથે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરને માલધારી આગેવાનો દ્વારા પતંગ આપવામાં આવી હતી.

માલધારી સમાજના રણજીત મુંધવા સહિતના આગેવાનોએ જણાવ્યું હતું કે,આવતીકાલે જ્યારે સંક્રાત છે.ત્યારે ગામે ગામની ગૌશાળાના સંચાલકો અને ગૌ સેવકો ગાયના નામે શહેરભરમાં લીલા ઘાસચારાના ફાળા એકત્રિત કરી રહ્યા હોય ત્યારે ભરવાડ સમાજ અને ગાય માતા પૂછે છે કે અમે રિબાઈ- રિબાઈને મરી ત્યારે તમે લોકો ક્યાં હતા? માત્ર અમને ફંડ ફાળા માટે જ ઉપયોગ કરવાની છે ક્યાં છે એ લોકો જેને પહેલા મને મા કહી ત્યારબાદ મને પકડવા માટે અલગ અલગ કાયદાઓ ઘડિયા અને જ કાયદા હેઠળ નર્કથી પણ બત્તર હાલતમાં અમારા મૃત્યુ થયા આ સ્ટીકરો પતંગના ચોટાડી ગાયની વેદના લોકો સુધી પહોંચાડતા માલધારી આગેવાન આવતીકાલે સંક્રાતના રોજ રાજકોટના આકાશમાં ભરવાડ સમાજના યુવાનો ગાયની ન્યાય માગતી પોસ્ટ પતંગમાં લખી રાજકોટના આકાશમાં પતંગ ચગાવશે. મેયર,સ્ટેન્ડિંગ ચેરમેન શાસક પક્ષના નેતાને પતંગ આપી હતી. કોર્પોરેટર કોમલબેન ભરાઈ,રણજીત મુંધવા હરેશભાઈ ભારાઈ મહેશ બાંભવા નિલેશભાઈ ગોહેલ વિજયસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા

### ગ્રાહક સુરક્ષા માટે સરકાર પ્રતિબધ્ધ

# રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૭ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ

### છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાહક સુરક્ષા મંડળીઓ દ્વારા જાગૃતિ માટે ૫૪૪ શિબિર ૪૬૮ સેમીનાર તેમજ ૪૯૮ ગ્રામ શેરીસભા યોજાઈ

**અબતક, રાજકોટ**

રાજ્યના કોઈપણ નાગરિક સાથે છેતરપીંડી ના થાય તેની ચિંતા રાજ્ય સરકારે હરહમેંશ કરી છે. નાગરિકોમાં ગ્રાહક સુરક્ષાની જાગૃતિ કેળવાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને ગ્રાહક સુરક્ષા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં રાજ્ય સરકારે બહુઆયામી પ્રયાસ હાથ ધર્યા છે. રાજયમાં ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક હેલ્પલાઈન નંબર ૧૮૦૦૨૩૩૦૨૨૨ કાર્યરત છે. જેમાં ગ્રાહકોને પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. જે અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં આ નંબર પરથી મળેલ ૪૭ હજારથી વધુ રજૂઆતોનું સુખદ નિવારણ કરાયું છે.

હાલ રાજ્યભરમાં અંદાજે ૫૩ જેટલા ગ્રાહક સુરક્ષા મંડળો કાર્યરત છે. આ મંડળીઓ દ્વારા ગ્રાહકોને જાગૃત્ત કરવા છેલ્લા ત્રણ વર્ષમાં ૫૪૪ શિબિર- વર્કશોપ, ૪૬૮ સેમિનાર, પરિસંવાદ, વેબિનાર તેમજ ૪૯૮ ગ્રામ શેરીસભા યોજવવામાં આવી છે. જ્યારે ૪.૨૪ લાખથી વધુ ગ્રાહક જાગૃતિની પત્રિકા અને ૧.૫૩ લાખથી વધુ પાક્ષિક- માસિક પ્રસિદ્ધ કરી ગ્રાહકોમાં જાગૃતિ કેળવવાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા છેલ્લા ૦૩ વર્ષમાં ગ્રાહક સુરક્ષાની ૪,૩૭૩ ફરિયાદો મધ્યસ્થા અને સમજાવટ કરીને પૂર્ણ કરવામાં આવી છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૦માં ગ્રાહકોને નિઃશૂલ્ક સલાહ આપવા રાજ્યમાં ગ્રાહક સલાહકાર કેન્દ્રો જુદા- જુદા ૨૧ સ્થળે સ્થાપવવામાં આવ્યા છે. આ કેન્દ્રો દ્વારા છેલ્લા એક વર્ષમાં કુલ ૦૬ હજારથી વધુ ગ્રાહકોને નિઃશૂલ્ક સલાહ તેમજ માર્ગદર્શન આપી તેમની સમસ્યા દૂર કરી છે. આ સલાહ કેન્દ્રોને રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક રૂ. ૧૨.૩૧ લાખ સહાય ચૂકવાય છે.

રાજ્યના ભવિષ્યના ગ્રાહકો સશક્ત અને જાગૃત બને તે માટે ગ્રાહક સુરક્ષા કચેરી દ્વારા શાળા અને કોલેજ કક્ષાએ કન્ઝ્યુમર્સ કલબ યોજના હેઠળ કલબ સ્થાપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યના તમામ જિલ્લાઓમાં અંદાજે બે હજાર શાળા કન્ઝ્યુમર્સ અને ૫૦૦ કોલેજ કક્ષાએ કન્ઝ્યુમર્સ ક્લબ કાર્યરત છે. જેમાં દર વર્ષે કલબ દિઠ રૂ. ૫,૦૦૦ની નાણાકીય સહાય આપવામાં આવે છે.

રાજ્યમાં ગ્રાહક જાગૃતિની પ્રવૃતિ વેગવંતી બને તેવા ઉમદા આશયથી દર વર્ષે બજેટમાં અંદાજે રૂ. એક કરોડની જોગવાઈ કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યવ્યાપી એસ.ટી. બસની સાઈડ પેનલ પર જાહેરાત, રેડિયો સ્ટેશન અને આકાશવાણીમાં જાહેરાત અપાય છે. આ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લાના અગત્યના સ્થળો પર હોર્ડિંગ, ગ્રામ પંચાયત, સરકારી કચેરી, સસ્તા અનાજની દુકાન પર ફ્લેક્ષ બેનર પર જાહેરાત સાથે જ, ગ્રાહક સુરક્ષાના કેલેન્ડર, સાહિત્ય, પેમ્ફલેટ છપાવીને ગ્રાહકને જાગૃત અને સશકત બનાવવાની કામગીરી બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે.

રાજ્ય સરકાર દ્વારા તાલુકા કક્ષાના ગ્રાહક સુરક્ષા મંડળને વાર્ષિક રૂ.૭૫ હજાર, રૂ. એક લાખ જિલ્લાકક્ષા તેમજ રૂ. ૧.૨૫ લાખ મ્યુનિસિપલ કોપોરેશન કક્ષાની મંડળીઓને ચૂકવવામાં આવે છે.

## ગ્રાહકોની ફરિયાદ નિવારણ અર્થે રાજ્યમાં ગ્રાહક હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૨૩૩૦ ૨૨૨ કાર્યરત

# અદાણી વિદ્યામંદિરના પ્રયાસોથી સમીનાના અંધકારમય જીવનમાં પ્રકાશ પાથર્યો

### મોતિયાની સફળ સર્જરી બાદ સમીનાની પોતાની આંખે રંગીન દુનિયાનો નજારો માણી શકે



**અબતક, રાજકોટ**

મુંદ્રાના દરિયાકિનારે વસતા લુણીગામમાંઆજીવિકા માટે લોકોને અસામાન્ય સંઘર્ષોનો સામનો કરવો પડે છે.તેમાંય માછીમાર સમુદાયનાલોકો વિશે તો કહેવું જ શું? અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વર આ વંચિત સમુદાયના બાળકોનેશિક્ષણ થકી આત્મનિર્ભર બનાવવા ભરસક પ્રયાસો કરી રહ્યું છે.જન્મથી અંશતઃ જોઈ શકતી એક દિકરીના જીવનમાં અજવાળા પાથરવા અદાણી વિદ્યામંદિરએ કરેલા પ્રયાસો આજે રંગ લાવ્યા છે.

ત્રણ બહેનોમાં સૌથી નાની રેલિયા સમીના રફીકભાઈએવા પરિવારમાં જન્મી જ્યાં સપનાઓ રોજિંદા જીવનના સંઘર્ષમાં ભૂલાઈ જતાહોય છે. માછીમારપિતાઅને ગૃહિણીમાતાના સંસાધનો પરિવારનું ભરણપોષણ કરવામાં ટૂંકા પડતા હતા. વળી જન્મજાત મોતિયાથી ઢંકાયેલી સમીનાની આંખોએ તેની દુનિયા જાણે અંધકારમય બનાવી દીધીહતી. જોકે તેના અંધકારમયમાં પ્રકાશ પાથરવા અદાણી વિદ્યામંદિર ભદ્રેશ્વરે કમર કસી લીધી.પહેલા ધોરણમાં સમીનાએ અદાણી વિદ્યામંદિરમાં પગ મૂક્યો ત્યારથી જ સમીનાનું જીવન બદલાવા લાગ્યું. સમીના માટે અટખઈ એ માત્ર એક પગથિયું નહોતું પણ ઉજ્જવળ અને આશાસ્પદ ભવિષ્યનો પાયો હતો. એવીએમબીએ સમીનાના સંઘર્ષોને પોતાના બનાવીતેના જીવનમાં પરિવર્તન લાવવાનું મિશન હાથ ધરી લીધું.

શિક્ષકોએ સંઘર્ષના સૌથી મુશ્કેલ તબક્કા દરમિયાન પણ તેનું શિક્ષણ ચાલુ રાખ્યું.આખરે નવેમ્બર-૨૦૨૪માં મોતિયાની શસ્ત્રક્રિયા માટેતેના પરિવારે મંજૂરીઆપી અને પછી જે બન્યું એ જાણે ચમત્કાર જ હતો.

મોતિયાની સફળ સર્જરી બાદ સમીનાની આંખો સામેના અંધારા દૂર થયા, હવે તે નરી આંખેરંગીન દુનિયાનો નજારો માણી શકે શકે છે.દિકરીનુંદર્દ દૂર થતા સમીનાનામાતા-પિતાનો હરખ સમાતો નહતો. કરુણા, સમર્પણ અને અવિરત પ્રયાસો અંધકારમાં ડૂબેલ જીવનમાં કેવી રીતે પ્રકાશ ફેલાવી શકે છે તેનું આ ઉત્તમઅને ઉમદા ઉદાહરણ છે. સાતમા ધોરણની વિદ્યાર્થિની સમીના આજે તેનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી રહી છે. પ્રથમ સર્જરીની સફળતાથી પ્રોત્સાહિતઅદાણી વિદ્યામંદિરએ સમીનાની બીજી આંખના મોતીયાનું ઓપરેશન કરાવવા પણ માર્ગદર્શન આપ્યું અને તે આગામી દિવસોમાં એપાર પડાશે.શાળાએ સમીનાને મફત ગણવેશ, પાઠ્યપુસ્તકો, નોટબુક, પૌષ્ટિક ભોજન અને પરિવહન-સુનિશ્ચિત કર્યું જેના થકી તેનું શિક્ષણ અવિરત અને સુલભ બન્યું છે.

# ફાઈટર , સબમરીન, હેલિકોપ્ટર અને ઓટોમેટીક હથિયારો માટે ૩૧ માર્ચ સુધીમાં સરકાર રૂ.૧.૫ લાખ કરોડ ખર્ચશે..!



**અબતક, રાજકોટ**

વિશ્વની સૌથી મોટી લોકશાહી અને આર્થિક મહાસત્તા બનવા તરફ ડગ માંડી રહેલ ભારત સરક્ષણ ક્ષેત્રે પણ વધુ સક્ષમ બનવા મક્કમ પગલે આગળ વધી રહ્યું છે ,ભારત૩૧ માર્ચ પહેલા ૧.૫ લાખકરોડના સંરક્ષણ કરાર માટે સજજ બન્યું છે, ફાઈટર સબમરીન હેલિકોપ્ટર અને ઓટોમેટીક હથિયારો માટે ૩૧ માર્ચ સુધીમાં સરકાર ૧.૫ લાખકરોડ રૂપિયાનો ખર્ચ કરશે.

૩૧ માર્ચ પહેલા ભારત સરક્ષણ વિભાગ દ્વારા ૨૬ રાફેલ, ફાઈટર હેલિકોપ્ટર સબમરીન અને હેવી રેન્જ લાઈટ વેટબંધુક માટે ચાર મોટા કરાર કરશે ફ્રાન્સ સાથે ૬૩૦૦૦ કરોડ નો શોદો થશે જે આઈએનએસ વિક્રાંત ને ફાઈટર વિમાનોથી સજ કરશે.

આ કરારમાં સિંગલ સીટ મેરી ટાઈમ જેટ, ટવિન સીટ ટ્રેનર વિમાન હથિયારો સીમ્યુલેટર ૩૬ રાફેલ નું શોદો થશે વડાપ્રધાન ની આગેવાનીમાં કેબિનેટ કમિટી સિકયુરિટી દ્વારા તેને મંજૂરીની મહોર લાગી ગઈ છે, ફ્રાન્સ સાથે સ્કોર્પિયન ડીઝલ ઈલેક્ટ્રીક સબમરીન માટે ૩૮૦૦૦ કરોડ ફાળવાયા છે ૧૫૦હેલિકોપ્ટર ,ત્રણ નવી બોટ ૫૩હજાર કરોડ મા પ્રચંડ લાઈટ હેલિકોપ્ટર વસાવાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૧૧અને ૧૨ ફેબ્રુઆરીએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ન મીટમાં ફ્રાન્સ જઈ રહ્યા છે તે પૂર્વે ૩૧ માર્ચ પહેલા ૧.૫લાખ કરોડ ના ખર્ચે સૈન્યને આધુનિક હથિયારોથી સજ બનાવવા ના ચક્રોગતિમાન થઈ ચૂકયા છે.

# પીજી મેડિકલના ત્રીજા રાઉન્ડમાં ૨૮૧ સીટો માટે ૫૨૪ રજીસ્ટ્રેશનઃ પ્રવેશ મુદત ૧૮ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ

## ૧૮મીથી ૨૮મી જાન્યુઆરી સુધી સ્ટેટ ક્વોટાની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે

**અબતક, રાજકોટ**

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ માટે બે રાઉન્ડ પૂરા થયા બાદ પ્રવેશની લાયકાતમાં ઘટાડો કરવાની જાહેરાત કરીને નવેસરથી રજિસ્ટ્રેશન શરૂ કરાવવામાં આવ્યું હતુ. હાલમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થતાં ઓલ ઈન્ડિયા ક્વોટા અને સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ત્રીજા રાઉન્ડની જાહેરાત કરી દેવામાં આવી છે. ૧૮મીથી ૨૮મી જાન્યુઆરી સુધી સ્ટેટ ક્વોટાની બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. લાયકાતમાં ઘટાડો કર્યા બાદ પ્રવેશ પૂર્ણ કરવાની મુદત કે જે અગાઉ ૫ ફેબ્રુઆરી હતી તે વધારીને ૨૦મી ફેબ્રુઆરી કરી દેવામાં આવી છે. સ્ટેટ ક્વોટાની ૨૮૧ બેઠકોની સામે ૫૨૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે.પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ-એમ.ડી. અને એમ.એસ.માં પ્રવેશ માટે બે રાઉન્ડ પૂરા કર્યા બાદ સ્ટેટ ક્વોટમાં ૨૮૨ બેઠકો ખાલી પડી હતી. આજ રીતે ઓલ ઈન્ડિયા ક્વોટામાં પણ મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી હતી. આ સ્થિતિમાં પીજી મેડિકલમાં પ્રવેશ માટેની લાયકાત નીટ પીજી કે જે અગાઉ ૫૦ પર્સન્ટાઈલ હતી તે ઘટાડીને ૧૫ ટકા કરવાની જાહેરાત કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી હતી. પ્રવેશની લાયકાતમાં ઘટાડો કર્યા બાદ નવેસરથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. હાલમાં રાજયની ખાલી પડેલી ૨૮૧ બેઠકોની સામે ૫૨૬ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. મહત્વની વાત કે, ખાલી પડેલી ૨૮૧ બેઠકો પૈકી ૬૯ બેઠકો એવી છે કે જે વિદ્યાર્થીઓને સીધી ઓફર કરવામાં આવશે. કારણ કે આ બેઠકો અગાઉ તમામને ઓફર થઈ ચુકી છે. બાકીની બેઠક પર અગાઉ ચોઈસ આપી હોય તેવા ઉમેદવારો પણ નવેસરથી પ્રયાસ કરી શકશે. ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ત્રીજો રાઉન્ડ ૨૬ ડિસેમ્બરથી ૧૮મી જાન્યુઆરી વચ્ચે શરૂ કરી દેવામાં આવ્યો છે. જેના આધારે સ્ટેટ ક્વોટાની બેઠકો માટે ૧૮મી જાન્યુઆરીથી ૨૮મી જાન્યુઆરી વચ્ચે ત્રીજો રાઉન્ડ કરવામાં આવશે. ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો પર પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓએ ૨૫મી જાન્યુઆરી સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે અને સ્ટેટ ક્વોટાની બેઠકો પર પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓએ ૩ ફેબ્રુઆરી સુધીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. ત્રીજા રાઉન્ડ પછી પણ બેઠકો ખાલી પડશે તો ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકો માટે ૩ ફેબ્રુઆરીથી ૮મી ફેબ્રુઆરી અને સ્ટેટ ક્વોટાની બેઠક માટે ૬ ફેબ્રુઆરીથી ૧૫મી ફેબ્રુઆરી વચ્ચે કાર્યવાહી કરવામાં આવશે. પ્રવેશની લાયકાત ઘટાડવામાં આવ્યા બાદ પ્રવેશની પૂર્ણ કરવાની સમયમર્યાદા પણ ૨૦મી ફેબ્રુઆરી કરી દેવામાં આવી છે.

# ગોંડલમાં માંધાતા દેવના પ્રાગટ્ય દિવસ નિમિતે કાલે શોભાયાત્રા

## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં માંધાતા ગ્રુપના સભ્યોએ આપી માહિતી


તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના દિવસે કોળી સમાજના ઈષ્ટદેવ શ્રી માંધાતા દેવનો પ્રાગટ્ય દિવસ નિમિતે ભવ્ય શોભાયાત્રાનું ગોંડલ કોળી સમાજનાં ઈષ્ટદેવ શ્રી માંધાતા મહારાજની જન્મજયંતી નિમિતે કોળી સેના તથા શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતનાં સંયુક્ત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તથા શોભાયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતનાં સ્થાપક ભુપતભાઈ ડાભીનાં માર્ગદર્શનથી સતત ૧૭માં વર્ષે શોભાચાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં મહેશ કોલીએ જણાવ્યું હતું કે આ શોભાયાત્રામાં ગોંડલ શહેર તથા તાલુકાના તમામ ઘર દિઠ સવા મુઠી ખીચડી એકત્ર કરી મહા પ્રસાદ બનાવવામાં આવે છે અને જ્ઞાતી ભોજનમાં પીરસવામાં આવે છે, આ શોભાયાત્રામાં ૧૫ હજારથી વધુ ભાઈઓ, બહેનો જોડાશે. શોભાયાત્રામાં શ્રી માંધાતા, શ્રી વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેનાં જીવન ચરિત્રો રજુ કરવામાં આવશે. આ શોભાયાત્રામાં ગોંડલ સહિત સમગ્ર ગુજરાત ભરમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં રૂષીભારતીબાપુ-સરખેજ અમદાવાદ, દિવ્યપુરૂષ સ્વામી-અક્ષર મંદિર, હરીબાપુ-સતરંથ જગ્યા, સીતારામબાપુ, રામદાસબાપુ, વાલજી ભગત સહિતનાં ઉપસ્થિત રહેશે, કાર્યક્રમનાં અધ્યક્ષ તરીકે કુંવરજીભાઈ બાવળીયા-કેબીનેટ મંત્રી, મુખ્ય અતિથિ તરીકે નિમુબેન બાંભણીયા-કેન્દ્રીય મંત્રી, પરસોતમભાઈ સોલંકી, મંત્રી ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે દિવ્યેશભાઈ સોલંકી, ભારતીબેન શીયાળ, આર.સી. મકવાણા તથા ધારાસભ્યઓ હિરાભાઈ સોલંકી-રાજુલા, કાળુભાઈ ડાભી-ધોળકા, દેવાભાઈ માલમ-કેશોદ, કાળુભાઈ રાઠોડ-ઉના, ભગવાનજીભાઈ કરગટીયા-માંગરોળ, શિવાભાઈ ગોહેલ-મહુવા તથા રમાબેન મકવાણા, વિનોદભાઈ નાગાણી, આનંદભાઈ ડાભી, ચંદુભાઈ ડાભી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

તેમજ વિશેષ મહેમાન તરીકે મનસુખભાઈ માંડવીયા-કેન્દ્રીય મંત્રી, ગીતાબા જાડેજા-ધારાસભ્ય, ગોંડલ, પરસોતમભાઈ રૂપાલા-સાંસદ, રાજકોટ, રમેશભાઈ ધડુક, અલ્પેશભાઈ ઢોલરીયા, ચેતનભાઈ રામાણી સહિતનાં મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

શોભાયાત્રા : તા.૧૪-૧-૨૫, મંગળવાર, સવારે ૭-૦૦ કલાકે તેમજ જ્ઞાતિ ભોજન : તા.૧૪-૧-૨૫, મંગળવાર, બપોરે ૧૧-૩૦ કલાકે.માંધાતા પાર્ટી પ્લોટ ગોંડલથી ધોધાવદર તોક, પટેલ વાડી, હોસ્પિટલ ચોક, માંધાતા સર્કલ, માંડવી ચોક, આંબેડકર ચોક, જેલ ચોક, પાંજરાપોળથી માંધાતા પાર્ટી પ્લોટ ખાતે પૂર્ણ થશે.

સમગ્ર આયોજનને સફળ બનાવવા શ્રી માંધાતા ઉત્સવ સમિતિનાં પ્રમુખ હિરેન ડાભી, મહેશજી કોલી, વિજય ગોહેલ, પરેશ મકવાણા, રમેશભાઈ મકવાણા, સોમાભાઈ સદાદીયા, અશોકભાઈ ગોહેલ, રઘુભાઈ મેટાળીયા, પુનાભાઈ સાકરીયા તેમજ ગોંડલ શહેર તાલુકાના અનેક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

‘અબતક’ની શુભેચ્છા મુલાકાતમાં હિરેનભાઈ ડાભી, મહેશભાઈ કોલી, વિનોદભાઈ નાગાણી, રેખાબેન મકવાણા, પુનાભાઈ સાકરીયા, રઘુભાઈ પાટીડીયા, પરેશભાઈ મકવાણા, વિજયભાઈ ગોહેલ, રવિભાઈ પરમાર, રઘુભાઈ ડાભી, અજયભાઈ ડાભી અને વિજયભાઈ વાવડીયા ઉપસ્થિત રહ્યા હતા.

# આઈપીએલ ૧૪ માર્ચને બદલે ૨૩ માર્ચથી શરૂ થશે

**અબતક, મુંબઈ**

ઈન્ડિયન પ્રીમિયર લીગના ચાહકો માટે સારા સમાચાર છે.બીસીસીઆઈ ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ આઈપીએલ ૨૦૨૫ની સિઝનની તારીખ જાહેર કરી દીધી છે. આ વખતે આઈપીએલની શરૂઆત ૨૩ માર્ચથી થશે. આ જાહેરાત રવિવારે બીસીસીઆઈની સ્પેશિયલ જનરલ મીટિંગ બાદ કરવામાં આવી હતી.




રાજીવ શુક્લાએ મીડિયા સાથે વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે મીટિંગમાં મુખ્ય મુદ્દો ટ્રેઝરર અને સેક્રેટરીની પસંદગીનો હતો. આ ઉપરાંત, આઈપીએલ કમિશનરની નિમણૂક પણ એક વર્ષ માટે કરવામાં આવી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આઈપીએલ ૨૦૨૫ની શરૂઆત ૨૩ માર્ચથી થશે, જોકે કઈ ટીમો વચ્ચે પ્રથમ મેચ રમાશે તે હજુ નક્કી નથી. મહિલા પ્રીમિયર લીગના સ્થળો પણ નક્કી કરવામાં આવ્યા છે, જેની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.ગત વર્ષે આઈપીએલની શરૂઆત ૨૨ માર્ચે થઈ હતી, જેમાં પ્રથમ મેચ આરસીબી અને સીએસકે વચ્ચે રમાઈ હતી. ફાઈનલ મેચ ૨૬ મેના રોજ કેકેઆર અને હૈદરાબાદ વચ્ચે રમાઈ હતી, જેમાં કેકેઆર વિજેતા બની હતી. આ વખતે ફાઈનલ મેચ કેકેઆરના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાઈ શકે છે.

# આઈપીએલ - ૨૦૨૫ઃ પંજાબનો નવો ‘‘કીંગ’’ અય્યર!!!

## શ્રેયસ અય્યરને આઈપીએલ મેગા ઓકશનમાં પંજાબ કિંગ્સે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો

**અબતક, નવી દિલ્હી**



પંજાબ કિંગ્સે શ્રેયસ અય્યરને તેના નવા કેપ્ટન તરીકે નિયુકત કર્યા છે. ડિસેમ્બર ૨૦૨૪માં ઓકશનમાં ફ્રેન્ચાઈઝી દ્વારા સામેલ કરવા આવેલ બેટ્સમેન શ્રેયસ અય્યર અને હેડ કોચ રિકી પોન્ટિંગ ફરીથી હાથ મિલાવશે. અય્યર અને પોન્ટિંગ અગાઉ દિલ્હી કેપિટલ્સમાં સાથે કામ કરી ચૂક્યા છે. પંજાબ કિંગ્સે સલમાન ખાનના ટીવી શો બિગ બોસમાં તેમના કેપ્ટનના નામની જાહેરાત કરી હતી.

શ્રેયસ અય્યરને આઈપીએલ મેગા ઓકશનમાં પંજાબ કિંગ્સે ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ૨૦૨૪ અય્યર માટે શાનદાર વર્ષ રહ્યું છે. અય્યર મુંબઈની ટીમનો ભાગ હતો. જેમાં રણજી અને ઈરાની ટ્રોફી જીતાવી હતી. અય્યર આઈપીએલ ૨૦૨૪માં કોલકાતા નાઈટ રાઈડર્સની કેપ્ટન્સી કરી હતી. તેમની કેપ્ટન્સીમાં કોલકાતાની ટીમ ચેમ્પિયન બની હતી. તાજેતરમાં તેમના નેતૃત્વ હેઠળ મુંબઈએ તેની બીજી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી છે. ૩૦ વર્ષીય શ્રેયસ અય્યરે પંજાબ કિંગ્સ મેનેજમેન્ટ પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું કે, ‘‘હું સન્માનિત છું કે ટીમે મારામાં વિશ્વાસ વ્યકત કર્યો છે. હું કોચ પોન્ટિંગ સાથે ફરી કામ કરવા આતુર છું. ટીમ મજબૂત દેખાય રહી છે, જેમાં ક્ષમતા અને પ્રદર્શન કરનાર ખેલાડીઓનું શાનદાર મિશ્રણ છે. હું આશા રાખું છું કે હું મેનેજમેન્ટ દ્વારા દર્શાવેલ વિશ્વાસને પૂરો કરવા માટે મારી પ્રથમ ટ્રોફી હાસિલ કરીશ.‘‘

# કપિલના માથામાં ગોળી ધરબી દેવી’તી!!!

## કપિલદેવને ગોળી મારવા માંગતા હતા યુવરાજ સિંહના પિતા, કહ્યું- પિસ્તોલ લઈને તેના ઘરે ગયેલો



**અબતક, નવી દિલ્હી**

ભૂતપૂર્વ ઑલરાઉન્ડર યુવરાજ સિંહના પપ્પા યોગરાજ સિંહ ફરી એક વાર વિવાદિત નિવેદનને કારણે ચર્ચામાં આવ્યા છે. તેમનો એક ઈન્ટરવ્યુ સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે જેમાં તેમણે પોતાના સાથી પ્લેયર કપિલ દેવ વિશે ચોંકાવનારાં નિવેદન આપ્યાં છે. ભૂતપૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને યુવરાજની કરીઅરને ખતમ કરવા માટે જવાબદાર માનતા યોગરાજ સિંહે આ ઈન્ટરવ્યુમાં ધોનીને ખૂબ જ પ્રેરક કેપ્ટન ગણાવ્યો હતો. ૬૬ વર્ષના આ ભૂતપૂર્વ ક્રિકેટર કહે છે કે ‘જ્યારે કપિલ દેવ નોર્થ ઝોન અને ભારતનો કેપ્ટન બન્યો ત્યારે તેણે મને કોઈ કારણ વગર ટીમમાંથી કાઢી મૂક્યો હતો. મારી પત્ની ઈચ્છતી હતી કે હું કપિલ પાસે એનું કારણ જાણું. મેં તેને કહ્યું કે હું આ માણસને પાઠ ભણાવીશ. મેં મારી પિસ્ટલ કાઢી અને સેક્ટર-નાઈનમાં કપિલના ઘરે ગયો. તે તેનાં મમ્મી સાથે બહાર આવ્યો. મેં તેને ખૂબ ગાળો આપી અને કહ્યું, તારા કારણે મેં એક મિત્ર ગુમાવ્યો છે. તે જે કર્યું છે એની કિંમત તારે ચૂકવવી પડશે. હું તારા માથામાં ગોળી મારવા માગું છું, પણ હું એવું નથી કરી રહ્યો, કારણ કે તારી મમ્મી, જે અહીં ઊભી છે. તેઓ ખૂબ જ સારી વ્યક્તિ છે. આ એ ઘટના હતી જ્યારે મેં નક્કી કર્યું કે હું ક્રિકેટ નહીં રમું, યુવી રમશે. ૧૯૮૦-’૮૧માં ભારત માટે એક ટેસ્ટ-મેચ અને ૬ વન-ડે મેચ રમનાર યોગરાજ સિંહ આગળ કહે છે ‘૨૦૧૧માં જ્યારે ભારતે વર્લ્ડ કપ જીત્યો ત્યારે ફક્ત એક જ શખસ રડી રહ્યો હતો અને તે કપિલ દેવ હતો. મેં તેને પેપર-કટિંગ મોકલ્યું હતું કે મારા દીકરાએ વર્લ્ડ કપમાં તારા કરતાં સારું પ્રદર્શન કર્યું. કપિલે મારી માફી માગીને વોટ્સઍપ પર મેસેજ મોકલ્યો કે આપણે આવતા જન્મમાં ભાઈઓ રહીશું. આવતા જન્મમાં આપણે એક જ માતાના પેટે જન્મીશું. તે મને મળવા માગતો હતો.

# ગુજરાતના ચાર્ટર્ડ એકાઉન્ટોએ દુબઈની વાટ પકડી !!!



**અબતક રાજકોટ**

ગુજરાતના સીએ ની વૈશ્વિક સ્તરે બોલબાલા વધી છે, ગુજરાતી સી એ ની ઓફિસો હવે દુબઈમાં વિશેષ પણે ધમધમવા લાગી છે, સંયુક્ત અરબ અમીરાત દુબઈમાં વેટ અને કોર્પોરેટ ટેક્સ નું માળખું ભારતીય કર પ્રણાલી સાથે ઘણી રીતે સુસંગત છે, આથી ગુજરાતી સીએ ની ઘણી પેઢીઓ દુબઈમાં ધમધમવા લાગી છે. ગુજરાતી સીએ ના અલગ અલગ જૂથ દ્વારા અમેરિકા અને ઈંગ્લેન્ડ ની પેઢીઓ અને ક્લાયન્ટસાથે આંતરરાષ્ટ્રીય પ્રેક્ટિસમાં કાંઠું કાઢ્યું છે.

સંયુક્ત અરબ અમીરાત દ્વારા ૨૦૧૮માં પાંચ ટકા કર્યો હતો વ્યવસાયિક નફા ઉપર ૯ ટકા કોર્પોરેટ ટેક્સ નો અમલ ૨૦૨૩ માં દાખલ કર્યો છે ઈન્સ્ટિટ્યૂટ ઓફ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા ના માધ્યમથી દુબઈમાં છેલ્લા બે વર્ષમાં અનેક ઓફિસો ખોલવામાં આવી છે અને તેનું સંચાલન ગુજરાતમાંથી થાય છે છેલ્લા બે વર્ષમાં દુબઈમાં ૨૫થી વધુ ગુજરાતી સી એ દ્વારા પોતાની ઓફિસો ખોલવામાં આવી છે, અને હજુ ૨૦થી વધુ સીએ દુબઈમાં સેટ થવાની તૈયારી કરી રહ્યા છે, ભારતીય એકાઉન્ટ વૈશ્વિક કર માળખા સાથે વધુ સુસંગત હોય, ગુજરાતી એકાઉન્ટન્ટની કાર્યપ્રતિબધિતાને અને વિપુલતા ના કારણે ગુજરાતના સી.એ દુબઈ સહિત વિશ્વભરના વેપારી કેન્દ્રોમાં પ્રિય બન્યા છે તેમ અમદાવાદના તલાટી એન્ડ તલાટી એલએલપી ના ભાગીદાર અને આઈસીએઆઈ ના પ્રમુખ અંકિતભાઈ તલાટીએ જણાવ્યું હતું

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલીત બી.સી.એ. કોલેજમાં ગ્રાફિકસ ડિઝાઈન વિષય પર સેમિનાર યોજાયો

**અબતક, રાજકોટ**

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત શ્રી સી.જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ ખાતે ૧૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ, એક ‘‘પીર ટુ પીર સેશન‘નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનનું માર્ગદર્શન આપતા, કોલેજના એડવાન્સ લર્નર વિદ્યાર્થી યોગેશ શિવદાસાની એ ગ્રાફિક્સ ડિઝાઈન ટૂલ્સ વિષય પર પોતાના ઊંડા જ્ઞાન અને અનુભવને શેર કર્યું. આ સેશનમાં વિદ્યાર્થીઓને વિવિધ ગ્રાફિક્સ ડિઝાઈન ટૂલ્સ અને સોફ્ટવેરના વ્યાવસાયિક ઉપયોગ વિષે સમજાવ્યું. તેમને આ વ્યાખ્યાનમાં પેજ મેકરના વિશે પ્રેક્ટિકલ સત્રોનું આયોજન કર્યું.

આ મજેદાર અને માહિતીપ્રદ સેશનના અમલથી, સી.જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ ના વિદ્યાર્થીઓને તેમની ભવિષ્યની કારકિર્દી માટે નવી દિશા મળવાની આશા છે.

આ પ્રોગ્રામના આયોજન માટે એક્સપર્ટ યોગેશ શિવદાસાની, કો-ઓર્ડીનેટર યોગેશ પટેલ તથા સમગ્ર સ્ટાફને કોલેજના પ્રિન્સિપાલ ડો અભિજીતસિંહ જાડેજા, ટેકનિકલ ડાયરેકટર ડો. એચ.એન. શાહ, રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી , પ્રોવોસ્ટ ડો. પી.એમ. ઉદાણી તથા સંસ્થાના પ્રમુખ પ્રકાશ પટેલ એ અભિનંદન પાઠવ્યા હતા

# બીમારીને હિંમતભેર મ્હાત આપનાર લડાયક નેતા વશરામ સાગઠીયાનું સન્માન

## સાધુ-સંતોએ પણ આશિર્વાદ પાઠવ્યાઃબહેનોએ ઓવારણાં લીધાં



**અબતક રાજકોટ**

કોંગી નેતા અને કોર્પોરેશનના વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા બીમારીને મ્હાત આપી હવે બહાર નીકળી ગયા છે.સગા-વ્હાલા, મિત્રો,વિવિધ સમાજના આગેવાનો જુદી જુદી સામાજિક સંસ્થાઓ, વિવિધ જગ્યાઓના મહંતો અને પાર્ટીના નેતા કાર્યકરો દ્વારા વશરામભાઈ સાગઠીયાનુ સન્માન સમારંભનુ આયોજન કરવામા આવ્યું હતું. તમામ લોકો દ્વારા રોકડ રકમ,ભેટ-સોગાદ આપી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું.આ પ્રસંગે બાંદ્રા જગ્યાના શ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર પ.પૂ.શ્રી ગોરધનબાપા, તેમજ રામનકા જગ્યાના મંહતશ્રી કલ્યાણગીરી બાપુ અને મોલડી જગ્યાના મહંત શ્રી સીતારામબાપુ સહિતના સંતો પૂર્વ મેમ્બર ઓફ પાર્લામેન્ટ રાજુભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર , મનોહર મકવાણા પ્રવીણભાઈ મારૂ સામગ્ર ગુજરાત માંથી દરેક જિલ્લાના આગેવાનો જિલ્લા પંચાયત ના સભ્યો તાલુકા પંચાયતના સભ્યો પૂર્વ સભ્યો સરપંચો રાજકોટ ના સ્થાનિક આગેવાનો કોર્પોરેટરો પૂર્વ કોરપોટરો ઓફિસરો રિટાયર અધિકારી ઓ બધા હાજરી આપી હતી. વશરામભાઈ સાગઠીયાએ બધા લોકોનો આભાર માન્યો આ પ્રસંગે સમાજની બેનોના મંડળો દ્વારા વશરામભાઈનુ સન્માન કરવામાં આવ્યુ તેથી ગદગદીત થઈ વશરામભાઈ એ બેનો ને પગે લાગી આશિર્વાદ મેવ્યા હતા.

# જીવન થકી જ તમામ ઉત્સવ છે : ધારાસભ્ય ઉદય કાનગડ

**અબતક,રાજકોટ**

વિધાનસભા ૬૮-રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને મકરસંક્રાતિ પર્વની શુભેચ્છા આપણા જણાવ્યું છે કે સંક્રાતિ એટલે ગતિ, એક સ્થાનમાથી બીજા સ્થાનમાં પ્રવેશ કરવો તે. આ દિવસે સૂર્ય ધન રાશિમાંથી વિદાય લઈ મકર રાશિમાં પ્રવેશ કરે છે. એટલે મકર સંક્રાતિ તરીકે ઓળખાય છે.આ દિવસથી સૂર્ય ઉતર તરફ સહેજ ગતિ કરે છે.ઉતર તરફ નમે છે, એટલે ઉતરાયણ પણ કહેવાય છે.સૌનો પ્રિય તહેવાર એટલે ઉતરાયણ.આપણા દેશમાં રાષ્ટ્રીય, સામાજીક અને ધાર્મિક એમ ત્રણ પ્રકારના તહેવારો વર્ષા દરમિયાન ઉજવાય છે. તેમાં ઉતરાયણને આપણે સામાજિક તહેવાર કહી શકીએ કેમ કે સમાજના નાના-મોટા, અબાલ-વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ, શ્રીમંત અને ગરીબ, દરેક સમાજનો લોકો માટે આ તહેવારનું પોતપોતાની રીતે આગવું મહત્વ છે. ગુજરાતમાં તો આ તહેવાર ધામધુમથી ઉજવાય છે. મકર સંક્રાતિ કાળમાં કરેલા દાન-પૂણ્ય-વ્રત અક્ષયપુણ્ય આપનારા બને છે. તેથી જ મકર સંક્રાતિએ તલ,ગોળ, શેરડી, અનાજ, સુવર્ણ, ચાંદિ, ધાતુપાત્ર, કંબલ વગેરે દાનમાં આપવાની પ્રણાલી છે. અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવ્યું હતું કે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપનો વિકાસરૂપી પતંગ ગગનમાં લહેરાઈ રહયો છે, અને દેશ વિકસિત ભારત તરફ મકકમ ગતિ કરી રહયો છે ત્યારે આ પર્વને સભાનતાપૂર્વક માણવો જોઈએ. જીવન થકી ઉત્સવ છે. ઉત્સવ માટે જીવન નથી.ઉતરાયણ એ મહાદાનનું પર્વ અને જીવહિંસા ન થાય તે ધ્યાને રાખી ચાલો આપણે સૌ ભારતીય સંસ્કૃતી અનુસાર આ સમાજીક ઉત્સવને સહપરિવાર માણીએ અને નાના ભુલકાઓનું આપણે સૌ ધ્યાન રાખીએ તેમ અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.



# મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવતા કોર્પોરેશનના પદાધિકારીઓ



**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા શહેરીજનોને મકરસંક્રાંતિ પર્વની શુભેચ્છા પાઠવતા જણાવે છે કે, સમગ્ર ભારત વર્ષમાં મકરસંક્રાંતિ પર્વ અનેકવિધ રીતે ઉજવાય છે. ગુજરાતમાં મકરસંક્રાંતિને ઉતરાયણ કહેવાય છે. મહારાષ્ટ્રમાં મકરસંક્રાંતિ, પંજાબ-હરિયાણામાં લોરી, તામિલનાડુમાં પોંગલ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં સંક્રાંતિ તરીકે ઓળખાય છે. સંક્રાંતિ એટલે ગતિ, એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં પ્રવેશ કરવો તે. આ દિવસે સૂર્ય ધન રાશિમાંથી વિદાય લઈ મકર રાશિમાં પ્રવેશ કરે છે એટલે મકરસંક્રાંતિ તરીકે ઓળખાય છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ સહેજ ગતિ કરે છે. ઉત્તર તરફ નમે છે. એટલે ઉત્તરાયણ પણ કહેવાય છે.

# પીરોટન ટાપુ પર ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક દબાણો પર તંત્રનું બુલડોઝર ફર્યું

## ઊભા કરી દેવાયેલા ગેરકાયદેસર દબાણો સામે તંત્રની નક્કર કાર્યવાહી



**અબતક સાગર સંઘાણી**
**જામનગર**

દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા પીરોટન ટાપુ પર થયેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં આ પ્રકારના ગેરકાયદેસર દબાણો પર ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે.

પીરોટન ટાપુ પર અંદાજે ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા ધાર્મિક સ્થળોનું અતિક્રમણ દૂર કરવામાં આવ્યું છે. પીરોટન ટાપુને પુનઃ મૂળ સ્થિતિમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિના રક્ષણ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

પીરોટન ટાપુના આ દબાણો રાષ્ટ્રીય સુરક્ષા, સમુદ્રી જીવસૃષ્ટિ અને આસપાસના વિસ્તારમાં આવેલા મહત્વના ઉદ્યોગો માટે ખતરારૂપ સાબિત થઈ રહ્યા હતા.

### કડક કાર્યવાહી પાછળના મુખ્ય કારણો

પીરોટન ટાપુ પાસે ૫ જહાજ આવેલા છે. જેનાથી દેશનો ૬૦% ક્રૂડ ઓઈલનો પુરવઠો સપ્લાય થાય છે.

પીરોટન મરીન નેશનલ પાર્કનો હિસ્સો છે. અહીંના કોરલ જેવા સમુદ્રી જીવોને ગેરકાયદેસર દબાણોને કારણે ખૂબ મોટું નુકસાન થતું હતું.અતિક્રમણને કારણે લોકોની અવરજવર વધી જતાં રાષ્ટ્રીય સુરક્ષા માટે ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા.

### સમુદ્રી વનસ્પતિને નુકસાન ઉદ્યોગો માટે ખતરો

અતિક્રમણને કારણે સમુદ્રી વનસ્પતિને મોટા પાયે નુકસાન થઈ રહ્યું હતું. જીએસએફસી, રિલાયન્સ, નયારા એનર્જી, એરફોર્સ બેઝ, નેવી બેઝ જેવા મહત્વના ઉદ્યોગો અને સંસ્થાઓ માટે આ અતિક્રમણને કારણે થતી ગેરકાયદેસર અવરજવર ગંભીર ખતરો ઉભો કરતું હતું.

આ કાર્યવાહી દ્વારા પીરોટન ટાપુને ફરીથી તેની મૂળ સ્થિતિમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવશે અને આ સાથે દેશની સુરક્ષા અને સમુદ્રી જીવસૃષ્ટિનું રક્ષણ કરવામાં આવશે.

# પતંજલિ સ્કૂલ્સના એજ્યુકેશન ફેસ્ટમાં ધ્યાનમ પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત ૫ નાટકોએ રંગ રાખ્યો

## ૫ નાટકોના ૪ દિવસ સુધી ૧૮૫ થી વધુ નાટ્ય પ્રયોગ હજારોની સંખ્યામાં લોકોએ નાટકો નિહાળ્યા.





**અબતક,રાજકોટ**

અવલોકનની અનુભૂતિ કરાવવાના વિચાર સાથે પતંજલિ સ્કૂલ્સના અનુભવી શિક્ષકોના માર્ગદર્શન સાથે પતંજલિ સ્કૂલ્સના વિદ્યાર્થીઓ જ્ઞાન-વિજ્ઞાનની નવી શોધખોળ કરે, આધુનિકતાને અપનાવી સાયબર ક્રાઈમથી લોકોને સાવચેત કરે, ભૂગોળને માપવા અને ખગોળના રહસ્યોને પામે, ભારતની ગાથા નિહાળતા બાળપણની સ્મૃતિ કરાવતા, રોબોટની સાથે રહીને પણ ગણિતના અવનવા કોયડા ઉકેલી અવનવી કળાઓને પ્રસ્તુત કરવા, શહીદો પ્રત્યેના સન્માનને વ્યકત કરવા, રાષ્ટ્રપ્રેમ અભિવ્યકત કરવા માટે રાજકોટ ખાતે ‘‘પતંજલિ એજ્યુકેશન ફેસ્ટિવલ - ૨૦૨૫‘‘ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ૪ દિવસીય કાર્યક્રમમાં ‘‘ધ્યાનમ પ્રોડક્શન્સ‘‘ દ્વારા પતંજલિ સ્કૂલના વિદ્યાર્થીઓને ૫ નાટકો તૈયાર કરાવવામાં આવ્યા હતા. જેમાં સૈનિકો પ્રત્યે દેશના એક નાગરિક તરીકેની ફરજ દર્શાવતું નાટક ‘‘ભારત કે વીર‘‘નાં ૩૫ નાટ્ય પ્રયોગ, વર્તમાન સમયમાં જેની દરેક જગ્યાએ ચર્ચા થાય છે તેવા વિષય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સમજ આપતું નાટક ‘‘વન્ડર્સ ઓફ એ.આઈ(wonders of AI) નાં ૫૦ નાટ્ય પ્રયોગ, ભારત વર્તમાન સમયમાં આત્મનિર્ભર બની રહ્યું છે અને પ્રગતિ કરી રહ્યું છે તે દર્શાવતું નાટક ‘‘આત્મનિર્ભર ભારત‘‘ નાં ૪૦ નાટ્ય પ્રયોગ, જોઈન્ટ ફેમિલી અને ભારતીય કુટુંબ વ્યવસ્થાનું મહત્વ સમજાવતું નાટક ‘‘પરિવર્તન‘‘ નાં ૩૦ થી વધુ નાટ્ય પ્રયોગ તેમજ ભારતીય કૃષિ અને ખોરાક વિશેની સમજ આપતું નાટક ‘‘હેલ્થ, હેન્ડ્સ અને હાર્વેસ્ટ‘‘ નાં પણ ૩૦ થી વધુ નાટ્ય પ્રયોગ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પૂરા ઉત્સાહ સાથે એક દિવસમાં વારંવાર નવી ઓડિયન્સ સામે નાટ્ય પ્રયોગ કર્યા હતા. હજારોની સંખ્યામાં લોકોએ તમામ નાટકો નિહાળ્યા હતા. આ ૫ નાટકો રાજકોટના લેખક કામ્યા ગોપલાણી દ્વારા લખવામાં આવ્યા હતા. આ નાટકોનું દિગ્દર્શન રાજકોટનાં લોકપ્રિય નાટ્ય કલાકાર, ડિરેક્ટર, ‘‘ધ્યાનમ પ્રોડક્શન્સ‘‘નાં ચેતન ટાંક અને તેમની ટીમના સભ્યો ધ્વનિ ગાંધી, ઉર્વશી પાનખનિયા, કામ્યા ગોપલાણી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપલ વિનોદ કાછડીયાનું જરૂરી માર્ગદર્શન મળ્યું હતું.

‘‘ધ્યાનમ પ્રોડક્શન્સ‘‘ને લગતી વિશેષ માહિતી માટે (મો. ૯૪૨૮૨૦૧૫૯૦, ૭૯૮૪૦૫૮૮૩૫) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ભાજપ દ્વારા દરેક વોર્ડમાં બંધારણ ગૌરવ અભિયાન ગોષ્ઠિનું આયોજન

**અબતક,રાજકોટ**



શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારીયાદીમાં જણાવાયું હતું કે છેલ્લાં ૭૫ વર્ષમાં કોંગ્રેસ દ્વારા ડો.ભીમરામ આંબેડકરજીની સતત અવગણના જેમ કે, દશકો સુધી તેઓને ભારત રત્ન ન આપવું, જુની સંસદના સેન્ટ્રલ હોલમાં તેમનું તૈલી ચિત્ર ન લગાવવું, આપાત કાલ અને સામાજીક વિભાજનની રાજનીતિ દ્વારા માન. બાબાસાહેબ આંબેડકરજી અને તેઓની ધરોહરને અપમાનિત કરવા વિગેરે ડો.ભીમરાવ આંબેડકરજીને માન સન્માન મળવા જોઈએ તેના બદલે સત્તામાં રહી અડચણો ઉભી કરવી અને તેમની અવગણના કરવી રહી છે. જયારે ભાજપ દ્વારા હંમેશા બાબાસાહેબ આંબેડકરજી અને તેમની ધરોહરને સન્માનિત કરવા, ભાજપના સમર્થનથી ૧૯૯૦માં બાબા સાહેબને મરણોપરાંત ભારત રત્નથી સન્માનિત કર્યા, બાબાસાહેબ દ્વારા કલમ ૩૭૦નો વિરોધ કરવામાં આવેલો તેમ છતાં કોંગ્રેસે વિરોધને અવગણ્યો હતો. જયારે ભાજપે કલમ ૩૭૦ દૂર કરીને ડો. બાબાસાહેબ આંબેડકરજી ને સન્માનિત કર્યા. શહેરના દરેક વોર્ડમાં આજે બંધારણ ગૌરવ અભિયાન ગોષ્ઠિનું આયોજન કરવામાં આવેલ છે.

# જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા યોજાયો ચક્ષુદાન જાગૃતિ કાર્યક્રમ



**અબતક,રાજકોટ**

જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોડેન સ્કૂલ, ભગવતી હોલ પાસે, રૈયારોડ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાર્યો વિદ્યાર્થીઓને તેમની સરળ ભાષામાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન અંગે વિગતવાર માહિતી આપી હતી તથા તેમના પરિવારજનો ની જાણકારી માટે આ અંગે ના પેમ્પલેટ વિતરણ કર્યા હતા.

આ કાર્યક્રમમાં મોડેલ સ્કૂલના કર્મચારીઓએ અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનના સંકલ્પ પત્રો ભર્યા હતા. પ્રિન્સિપાલ ભાવનાબને સહયાગ આપ્યા હતો આ કાર્યને સફળ બનાવવા ચેરમેન, ઉમેશ મહેતાની સાથે ચોટલીયાભાઈ, ઉષાબેન જોશી .તથા રજનીબેને જહેમત ઉઠાવી હતી. ચક્ષુદાન જાગૃતિ કાર્યક્રમ માટે ગમે ત્યારે સંપર્ક કરો, ચેરમેન ઉમેશ મહેતા - ૯૪૨૮૫૦૬૦૧૧ નો સંપર્ક કર્યો હતો.

# સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરનાર આરોપી જામીન મુકત

## વાકાનેર પંથકની સગીરાનું અપહરણ કરી હવસનો શિકાર બનાવી ’તી

**અબતક રાજકોટ**

વાંકાનેર પંથકમાં સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી દુષ્કર્મ આચરવાના ગુનામાં સંડોવાયેલા આરોપીને અદાલતે જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ વાંકાનેર પંથકમાં રહેતી સગીરાને આરોપી સુરજ રામ ભરોસા રાજભર નામના શખ્સે લલચાવી-ફોસલાવી અપહરણ કરી દુષ્કર્મ આચર્યાની ભોગ બનનાર સગીરાની માતાએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપી સુરજ રાજભરની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં આરોપી સામે પુરતો પુરાવો મળતા તપાસ અધિકારીએ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતું. ચાર્જશીટ બાદ જેલહવાલે રહેલા આરોપી સુરજ રાજભર જેલ મુક્ત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા બન્ને પક્ષની રજૂઆત બાદ આરોપીના બચાવપક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સેશન્સ જજ કે.આર. પંડ્યાએ આરોપી સુરજરાજપરની રૂા. ૨૫ હજારના શરતી જામીન મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી વતી એડવોકેટ મનીષ પી. ઓઝા (ગોપાલ ઓઝા) અને મેનાઝબેન એ. પરમાર રોકાયા હતાં.

# કરૂણા ફાઉન્ડેશનને ૧ કિલો દોરાની ગુચ્છ જમા કરાવનારને રૂ.૧૫૧ની ભેટ

**અબતક,રાજકોટ**

સમગ્ર રાજયમાં મકર સંક્રાંતિપર્વ ખુબ જ હર્ષોલ્લાસથી ઉજવાય છે અને પારંપારિક રીતે આકાશ આખું ઉડતી પતંગોથી મઢાઈ જાય છે.

મકરસંક્રાતિનાં પાવન પર્વ નિમિતે લાખો પતંગો આકાશમાં ઉડતી હોય છે. દોરા/કાચનાં પાકા માંજા, પાયેલાં દોરાનો ઉપયોગ પતંગ ઉડાડવામાં કરી પક્ષીઓનાં જીવનનો અંત લાવવામાં નીમીત બને છે. ઘણા વિસ્તારોમાં વીજળીના તાર પર, ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડીંગો પર, છત પર, ટી.વી. એન્ટેના ટાવર વિ. પર અનેક જગ્યાએ લટકતાં દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે.

મિતલ ખેતાણી, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠકકર, ધીરૂભાઈ કાનાબાર, સહિતનાએ વિનંતી કરી છે. આવા ગાળીયા હટાવીને ૧ (એક) કિલો પતંગની દોરીના ગુચ્છા જે મિત્રો એનીમલ હેલ્પલાઈન-કરૂણા ફાઉન્ડેશનની ઓફિસે જમા કરાવશે તેને માનદ પુરસ્કાર રૂપે ૧૫૧ રૂપીયા અપાશે. પતંગની દોરીના ગુચ્છા તા.૨૦/૦૧/૨૦૨૫ ને સોમવારે સવારે ૧૦-૦૦ થી સાંજે ૦૬-૦૦ દરમ્યાન, કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, ’જનપથ’, તપોવન સોસાયટી-૨ નો ખૂણો, અક્ષર માર્ગ, સરાઝા બેકરી પાસે, રાજકોટ ખાતે જમા કરાવવાના રહેશે.

# મકરસંક્રાંતિના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા મુકેશ દોશી

## જીવન થકી ઉત્સવ છે; ઉત્સવ માટે જીવન નથી તેથી મકરસંક્રાંતિનું પર્વ સભાનતાપૂર્વક માણ્યું જોઈએ

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને મકરસંક્રાતિ પર્વની શુભેચ્છા આપતા જણાવ્યું છે કે સૌનો પ્રિય તહેવાર એટલે ઉતરાયણ. આપણા દેશમાં રાષ્ટ્રીય, સામાજીક અને ધાર્મિક એમ ત્રણ પ્રકારના તહેવારો વર્ષ દરમિયાન ઉજવાય છે. તેમાં ઉતરાયણને આપણે સામાજિક તહેવાર કહી શકીએ કેમ કે સમાજના નાના-મોટા, આબાલ-વૃધ્ધ, સ્ત્રી અને પુરૂષ, શ્રીમંત અને ગરીબ, દરેક સમાજના લોકો માટે આ તહેવારનું પોતપોતાની રીતે આગવુ મહત્વ છે. ગુજરાતમાં તો આ તહેવાર ધામધુમથી ઉજવાય છે.

ઉતરાયણના દિવસે નાના બાળકોથી માંડીને મોટેરા તેમજ મહિલાઓ પણ ઘરના ધાબા કે અગાસી પર ચડીને પતંગ ચગાવવાની મોજ માણે છે. યુવાનો ધાબા કે અગાસી પર ડીજેના તાલે પતંગ ચગાવીને ડાન્સ પાર્ટી, ચીકી પાર્ટી, ઉંધીયા-જલેબી, શેરડી, જીંજરાની પાર્ટી પણ ધાબે જ કરે છે.પરિવારજનો, સગાસબંધીઓ, મીત્રો સાથે મળીને ઉતરાયણના પર્વને માણે છે. અને સામાજિક એક્તાનું દર્શન થાય છે.તાત્વીક-ધાર્મિક દ્રષ્ટિએ જોતા અદ્રશ્ય ઈશ્વરીય શકિત કોઈ અજ્ઞાત અગાશીમાં ઉભા રહીને અંતમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે આ પર્વને સભાનતાપૂર્વકમાણવો જોઈએ. જીવન થકી ઉત્સવ છે. ઉત્સવ માટે જીવન નથી. ઉતરાયણ એ મહાદાનનું પર્વ અને જીવહિંસા ન થાય તે ધ્યાને રાખી ચાલો આપણે સૌ ભારતીય સંસ્કૃતી અનુસાર આ સામાજીક ઉત્સવને સહપરિવાર માણીએ અને નાના ભુલકાઓનું આપણે સૌ ધ્યાન રાખીએ. એમ અંતમાં રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ શહેરીજનોને હાર્દિક અપિલ કરી હતી.

# પત્નીને આપઘાતની ફરજ પાડવામાં જીઆરડી જવાનના આગોતરા જામીન મંજુર

## ચોટીલાના પિપાવા ગામે પ્રેમ લગ્ન કરનાર યુવતીએ ઝેરી દવા પી લેતા ફરિયાદ નોંધાઈ’તી

**અબતક રાજકોટ**

ચોટીલા તાલુકાના પીયાવા ગામે પ્રેમ લગ્ન કરનાર પરણીતાએ લગ્ન જીવનના ત્રણ માસમાં જ ઝેરી દવા પી આપઘાત કરી લેતા જીઆરડી જવાન પતિ વિરુદ્ધ મરવા મજબુર કર્યાનો ગુનો નોંધાયો હતો. મરવા મજબુર કરવાના ગુનામાં જીઆરડી જવાનના આગોતરા જામીન અરજી સુરેન્દ્રનગર કોર્ટે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ચોટીલા તાલુકના પીયાવા ગામે રહેતા અને જીઆરડીમાં ફરજ બજાવતા વિશાલ હિરાભાઈ જોગરાજિયા નામના યુવાને તેના જ ગામે રહેતી રશિલાબેન વિઠલભાઈ પલાળિયા નામની યુવતિ સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. પ્રેમ લગ્ન બાદ યુવતિના પરિવારની જે સબંધ મંજુર નહીં હોવાથી વિશાલ જોગરાજીયાના ઘરે ધસી જઈ માર માર્યો હતો. રશિલાબેન પરાળિયાએ લગ્ન જીવનના ત્રણ માસમાં જ ઝેરી દવા પી જીવન ટુંકાવી લેતા યુવતિના પરિવારે વિશાલ હિરાભાઈ જોગરાજિયા વિરુદ્ધ રશિલાબેન પલાળિયાને મરવા મજબુર કર્યાની ચોટીલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ધરપકડથી બચવા પતિ વિશાલ જોગરાજિયાએ સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી,. જે જામીન અરજી ચાલવા પર આવતા બન્ને પક્ષના વકીલોની રજૂઆત બાદ બચાવપક્ષના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ સુરેન્દ્રનગર સેશન્સ કોર્ટે આરોપી વિશાલ જોગરાજીયાની આગોતરા જામીન અરજી મંજુર કરતો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપીના બચાવપક્ષે રાજકોટના યુવા એડવોકેટ કલ્પેશ એલ સાકરિયા, મિલન પી. થોરિયામેર, રવિન એન. સોલંકી, ભરત બી ડાકી, લલીત કે તોલાણી, કાનજી સી શેક, કુલદિપ એન મકવાણા, તરંગ એલ બાલધા અને એકતાબેન જે સુદાણી રોકાયા હતાં.

# સેવાભારતી ભવનનું કાલે લોકાર્પણ

## મકરસંક્રાંતિથી શહેરમાં અનેક પ્રવૃત્તિના સેવાયજ્ઞનો થશે આરંભ



**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સેવાકીય પાંખ સેવા ભારતી દ્વારા રાજકોટમાં ‘સેવા ભારતી ભવન’નું નિર્માણ કરવામાં આવ્યું છે, જે ૧૪મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ લોકાર્પણ માટે તૈયાર છે.

આ ભવન સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યાલય તરીકે સેવા આપશે અને સૌરાષ્ટ્ર અને કચ્છની સેવાકીય પ્રવૃત્તિઓ માટે નવું કેન્દ્ર બનશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરકાર્યવાહ શ્રી દત્તાત્રેયજી હોસબોલે આ ભવનનું લોકાર્પણ કરશે. આ પ્રસંગે, અનેક મહાનુભાવો, ભવન નિર્માણમાં દાન આપનાર દાતાઓ અને સંઘના સ્વયંસેવકો પણ ઉપસ્થિત રહીને આ અવસરને વિશિષ્ટ બનાવશે.

અમુલ સર્કલ પાસે, આજી જી.આઈ.ડી.સી. નજીક, રાજકોટ ખાતે ૧૪મી જાન્યુઆરીએ સવારે ૬ વાગે વાસ્તુપૂજન યજ્ઞ અને સમરસતા યજ્ઞ ૧૦.૧૫ કલાકે ગૃહ પ્રવેશ સાથે કળશ સ્થાપના બપોરે ૧૦.૪૫ થી ૧.૧૫ મુખ્ય સભાખંડમાં સ્વાગત અને સન્માન સમારોહ યોજાશે.

સેવા ભારતી ભવનના નિર્માણમાં કુલ ૩૭,૮૦૦ સ્કવેર ફીટ (આશરે ૪૨૦૦ વાર જગ્યા)પર ૭૭,૦૦૦ સ્કવેર ફૂટ બાંધકામ કરવામાં આવ્યું છે. આશરે ૨૭ કરોડ રૂપિયાના ખર્ચે ભવનનું નિર્માણ થયું છે. આ સેવા ભારતી ભવન ખરા અર્થમાં સમાજનું, સમાજ માટે અને સમાજ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં દાન આપનાર દાતાઓ, પરિશ્રમ કરનારાઓ શ્રમિકો અને અનેક તકનીકી સહાયમાં નિષ્ણાત સેવા પૂરી પાડનાર નિષ્ણાતો દ્વારા કરવામાં આવેલા તન, મન, ધનપૂર્વક સમર્પણની સુવાસ સમાયેલી છે. આ ભવનમાં વિવિધ સુવિધાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે યોજના છે, જે સૌરાષ્ટ્ર-કચ્છમાં સમાજ માટે મહત્વપૂર્ણ બનશે. તેમણે જયંતિભાઈ ભાડેશીયા દ્વારા જણાવાયું છે.

# વીજ ટ્રાન્સફોર્મરોની જાળીમાં ભરાયેલા કચરો તાકીદે સાફ કરાવવા આદેશ

## સાંસદ રામભાઈ મોકરીયાએ ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈને પત્ર લખી રજૂઆત કરતા તંત્રને ટ્રાન્સપોર્ટ સ્વચ્છતાની કરાય તાકીદ

**અબતક રાજકોટ**

રાજ્યભરમાં વિધુત ટ્રાન્સફોર્મર ફરતે બનાવવામાં આવેલ પ્રોટેક્શન જાળીમાં ભરાયેલ કચરો સાફ કરવા અંગે સાંસદ રામભાઈ મોકરીયા એ કરેલી રજૂઆતના પગલે ઊર્જા મંત્રીએ તાત્કાલિક ટ્રાન્સફોર્મર આસપાસ નો કચરો સાફ કરાવવા આદેશો જારી કર્યા છે

રાજ્યમાં દરેક શહેર વિસ્તારમાં જીઈબી ના ટ્રાન્સફોર્મર મૂકવામાં આવ્યા છે, તેની ફરતે લોખંડની જાળી મુકાય છે, જેમાં કચરાનો ભરાવો થતા અકસ્માતે આગ અને મોટી દુર્ઘટના નો સતત ભાઈ રહેતો હોય પ્લાસ્ટિક અને કચરા ના કારણે બીડી સિગારેટ કે ફટાકડા ના તણખા થી આગ નીદેશત હોય આગે સાંસદ રામભાઈ મોકરીયા એ દુર્ઘટના નિવારણ માટે ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ ને પત્ર પાઠવી ટ્રાન્સફોર્મર ફરતે કચરો દૂર કરાવવા રજૂઆત કરતા કેન્દ્રીય મંત્રી કનુભાઈ દેસાઈએ તાત્કાલિક ધોરણે આ મુદ્દાને ગંભીરતાથી લઈ રાજ્યભરના ડિવિઝન કાર્યાલય અને વળી કચેરીના મેનેજિંગ ડાયરેકટર ને રાજ્યભરમાં ટ્રાન્સફોર્મર નજીક નો કચરો દૂર કરવા આદેશો જારી કર્યા છે

# શામળાજી ભગવાનના પગપાળા દર્શન કરતા એસજીવીપી ગુરૂકુળના હરિભકતો



ભારતના સર્વ શ્રેષ્ઠ યાત્રા ધામ શામળાજી, ગોકુલ,મથુરા, વૃંદાવન, અયોધ્યા છપૈયા વગેરે યાત્રાધામની અમદાવાદથી પગપાળા યાત્રામાં જોડાતા પ્રથમ શામળાજી ભગવાનના પગપાળા દર્શન કરતા જાક્ષ્હ્ટઙ ગુરુકુલના સંતો અને હરિભકતો .

# પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદોને અનાજ કીટનું વિતરણ

**અબતક,રાજકોટ**

પ્રવૃત્તિ પ્રેરક માનવ કલ્યાણ ટ્રસ્ટ અને રોઝરી સ્કુલ, રાજકોટના સંયુકત ઉપક્રમે મકર સંક્રાંતિના પર્વ નિમિત્તે લગભગ ૨૨૦ જરૂરતમંદ પરિવારોને અનાજ વિતરણ કરવામાં આવ્યું.

આ અનાજ વિતરણની ખાસિયત એ રહી કે શાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓના પરિવારને ઉદ્દેશીને એક લાગણીસભર પત્ર લખીને અનુરોધ કરવામાં આવ્યો કે તેઓ પોતાની યથાશક્તિ ઘઉં શાળા દ્વારા આપવામાં આવેલી નાનકડી થેલીમાં ભરીને આપે. ત્યાર બાદ એકત્ર થયેલ ઘઉંમાં ઘટતા શાળા દ્વારા પૂર્તિ કરીને લાભાર્થી દીઠ પાંચ કિલો ઘઉં તથા મમરાના લાડુનું પેકેટ લાભાર્થીઓને આપવામાં આવેલ. ટ્રસ્ટ દ્વારા પાંચ કિલો બાજરી, તેલ ૧ લિટર, ખાંડ ૧ કિલો, થા એક પૈકેટ અને ૫૦૦ ગ્રામ ચીકી આપવામાં આવી હતી.

આ પ્રકારે કુલ ૬૫૦ રૂપિયાની સામગ્રી પ્રત્યેક લાભાર્થીને મળી હતી. સમગ્ર વિતરણ પ્રક્રિયા દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ઉપરાંત શાળાના અન્ય કર્મચારીઓ પણ હોંશ તથા ઉમંગભેર ઉપસ્થિત રહ્યાં હતાં. મેનેજિંગ ટ્રસ્ટી ડો. વિશાલભાઈ વારિયા અવિરતપણે સક્રિય રહે છે.

### આણંદમાં કરૂણાંતિકા

# કાકાજી સસરાના અકસ્માતની ભાળ મેળવવા જતાં જમાઈ સહિત ત્રણના હિટ એન્ડ રનમાં મોત

## અજાણ્યા વાહનની ઠોકરે બેના ઘટનાસ્થળે મોતઃ એક યુવકે ટૂંકી સારવારમાં દમ તોડ્યો

**અબતક, રાજકોટ**

આણંદમાં એક હિટ એન્ડ રનની ઘટનામાં ત્રણ યુવકોના મોતના અહેવાલ સામે આવ્યા છે. કાકાજી સસરાના અકસ્માતની જાણ થતાં ભાળ મેળવવા માટે ઘરેથી બાઈક પર ટ્રિપલ સવારીમાં નીકળેલા જમાઈ, સાળા સહીત ત્રણને અજાણ્યા વાહને ટક્કરે લેતા ત્રણેયના મોત નીપજ્યા છે.

મામલામાં આણંદના ભાલેજ પોલીસમાં સુરેન્દ્રસિંહ પ્રવિણસિંહ સોઢા નામના ૨૬ વર્ષીય યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા મામાંના દીકરા રમણભાઈને સંતાનામાં દીકરી પ્રિયંકાના લગ્ન પંચમહાલના પ્રતાપપુરા ગામે વિજયસિંહ બળવંતસિંહ ચૌહાણ સાથે થયેલ હતા. ઉપરાંત મારા કૌટુંબિક મામા સવજીભાઈ ડાભી અમારા ઘરની નજીક રહે છે જેમને સંતાનમાં મહેશ (ઉ.વ.૩૧), સોનલ(ઉ.વ.૨૦) અને નરેશ(ઉ.વ.૧૭) છે. મારા મામાના દીકરા રમણભાઈની દીકરી પ્રિયંકા તથા જમાઈ વિજયસિંહ બંન્ને જણા ઉતરાયણની ઉજવણી કરવા આવેલ હતા. દરમિયાન ગઈકાલે સાંજના સમયે

મામા જશવંતભાઈ ડાભીના દિકરા બળવંતભાઈ કે જેઓ બાઈક લઈને કામ અર્થે નડીયાદ ગયેલ હતા તેમને છએક વાગ્યે સલુણ નજીક અકસ્માત થયાના સમાચાર આવતા ભત્રીજા જમાઈ વિજયસિંહ બળવંતસિંહ ચૌહાણ, તેમનો સાળો નીલેશભાઈ રમણભાઈ ડાભી તથા મારા કુટુમ્બી મામાનો દીકરો નરેશભાઈ સવજીભાઈ ડાભી એમ ત્રણેય સાડા છ વાગ્યાં આસપાસ જીજે-૧૭-સીજે-૨૦૮૮ બાઈક લઈને સલુણ જવા નીકળ્યા હતા. થોડીવારમાં હું પણ મારા મિત્રની ગાડી લઈને સલુણ જવા નીકળ્યો હતો.

દરમિયાન સાતેક વાગ્યાની આસપાસ પણસોરાથી વણસોલ તરફ પસાર થઈ રહ્યો હતો ત્યારે યોગી રાઈસ મીલ સામે રોડ ઉપર ટોળુ થયેલ હોય અને અકસ્માત થયાનું જાણવા મળતા હું ઘટનાસ્થળે ગયો હતો. જ્યાં જોતા ભત્રીજા જમાઈ વિજયસિંહ, ભત્રીજો નિલેશ તથા મારા મામાનો દીકરો નરેશ રોડ ઉપર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ જોવા મળ્યા હતા. ત્યાં હાજર ટોળાંને અકસ્માત અંગે પૂછતાં કોઈ અજાણ્યા વાહન ચાલકે પાછળથી ટકકર મારી અકસ્માત સર્જી નાસી ગયાનું જાણવા મળ્યું હતું. તાત્કાલિક ૧૦૮ એમ્બયુલન્સ બોલાવતા ભત્રીજા જમાઈ વિજયસિંહને પગમાં તથા કમ્મરના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ થવાના કારણે તેમજ મામાનો દિકરો નરેશને કમ્મરના ભાગે તથા પગમાં ગંભીર ઈજાઓ થવાના કારણે સ્થળ ઉપર મરણ થઈ ગયાનું જાણવા મળ્યું હતું. જયારે નિલેશને ઈજાગ્રસ્ત હાલતમાં નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જ્યાં નિલેશે પણ ટૂંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો.

## નાસિકમાં પીકઅપ વાહન આઈશરની પાછળ ઘુસી જતાં આઠ વ્યકિતના મોત, આઠ ઈજાગ્રસ્ત

મહારાષ્ટ્રના નાશિકમાં રવિવારે સાંજે લગભગ ૭ વાગ્યે એક પીકઅપ વાહન લોખંડના સળિયાથી ભરેલા આઈશર વાહન સાથે અથડાયું હતું. આ ઘટનામાં પીકઅપમાં મુસાફરી કરી રહેલા ૮ લોકોનાં મોત થયા હતા જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે. જેમાંથી કેટલાકની હાલત નાજુક છે. તેમને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માત નાસિક-મુંબઈ-આગ્રા નેશનલ હાઈવે પર થયો હતો. પીકઅપમાં ૧૬ લોકો સવાર હતા. આ તમામ નિફાડમાં આયોજિત ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપીને સિડકો પરત ફરી રહ્યા હતા. પોલીસે જણાવ્યું કે જ્યારે વાહન અયપ્પા મંદિર પાસે પહોંચ્યું ત્યારે પીકઅપ ચાલકે કાબૂ ગુમાવી દીધો. આ પછી પાછળથી લોખંડના સળિયાથી ભરેલા આઈશરમાં ઘુસી ગઈ. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્થાનિક લોકો અને પોલીસે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. કેટલાકની હાલત નાજુક છે. આવી સ્થિતિમાં મૃત્યુઆંક વધી શકે છે.

### ૩૪ વર્ષમાં મંગલ પ્રવેશ

# પૂજા હોબી સેન્ટર દ્વારા ભૂલકાંઓ માટે સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન

## ભાગ લેવા ઈચ્છુક ભૂલકાંઓ તા.૧૬મી સુધી વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકશે

**અબતક, રાજકોટ**

દેશના ૭૭માં પ્રજાસત્તાક દિવસે પૂજા હોબી સેન્ટર દ્વારા એક ભવ્ય આયોજન ૧૪ વર્ષ સુધીના બાળકો માટે બિલકુલ ફ્રી (નિઃશુલ્ક) આયોજન બાલ ભવનના આંગણે કરવામાં આવ્યું છે.

પૂજા હોબી સેન્ટર ૩૩ વર્ષ પૂરા કરી ૩૪ માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે દેશના ૭૭માં પ્રજાસત્તાક દિને ૩ થી ૧૪ વર્ષના બાળકો માટે સ્કેટ પહેરીને આર્ટિસ્ટિક, રોલર બાસ્કેટબોલ તથા સ્કેટ ડાન્સ જેવી વિવિધ એકિટવિટી નોન સ્ટોપ બાળકો દ્વારા કરવામાં આવશે.

સંસ્થાના નિયમ અનુસાર સમયસર હાજર રહેનાર બાળકો સતત ૭૭ મિનિટ સુધી રોલર સ્કેટ પહેરીને અલગ-અલગ એકિટવિટી કરશે તે તમામ બાળકોને મેડલ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાશે.

આ માટે તારીખ ૧૬/૧/૨૫ ગુરૂવાર સુધીમાં સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અથવા સાંજે ૫ થી ૮ દરમિયાન પાર્ટિસિપેટ બાળકનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો તથા બર્થ સર્ટિફિકેટ સાથે પૂજા હોબી સેન્ટર, ૬- ગુજરાત હાઉસિંગ બોર્ડ, અમીન માર્ગની બાજુમાં સંપર્ક કરવો.

બાલભવનના મંત્રી મનસુખભાઈ જોશી, હેલીબેન ત્રિવેદી તથા કિરીટભાઈ વ્યાસનો સતત સપોર્ટ છેલ્લા ૨૦ વર્ષથી પણ વધારે સ્કેટિંગની ઈવેન્ટમાં સતત મળી રહ્યો છે.

ગુજરાત સ્ટેટ રોલર બાસ્કેટબોલ એસોસિએશન પ્રમુખ મૌલેશભાઈ ઉકાણી બાન લેબ્સ, જવાહરભાઈ ચાવડા-ઉપપ્રમુખ, પુષ્પાબેન રાઠોડ-સેક્રેટરી, દિપ્તીબેન અકબરી ખજાનચી, ડો.પુજા રાઠોડ-મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છે. તમામ હોદ્દેદારો દેશના પ્રજાસત્તાક દિનને એક અનોખું સ્વરૂપ આપી બાળકો રોલર સ્કેટ પહેરી અવનવા કરતું સ્પીન જમ્પ ફૂટવર્ક આર્ટિસ્ટિક સ્કેટ ડાન્સ તથા રોલર બાસ્કેટબોલની ઉજવણી તિરંગા કપડા પહેરી અદભુત પર્ફોર્મન્સ કરશે.

ઉપરોક્ત આયોજનને સફળ બનાવવા માટે સ્કેટબોલ ફેડરેશન ઓફ ઈન્ડિયાના હોદ્દેદારો તથા પૂજા હોબી સેન્ટરના તમામ સંચાલકો અને કમિટી મેમ્બરો અને બાલભવનના સહયોગથી આ ભવ્ય ઈવન્ટને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

# મકર સંક્રાંતિએ રાશી પ્રમાણે પૂણ્યદાન કરવું લાભદાયી

**અબતક, રાજકોટ**

સંવત ૨૦૮૧ ની શાલિવાહન શકે ૧૯૪૬ ઉત્તરાયણે, શિશિર ઋતુ માં પોષ વદ એકમ ને મંગળવારે સવારે ૦૮:૫૬ મીનીટે સૂર્ય ભગવાન મકર રાશિ માં પ્રવેશ કરે છે. ચંદ્ર રાશિ કર્ક છે.પુનર્વસુ નક્ષત્ર, વિશકુંભ યોગ,બાલવ કરણે સંક્રાંતિ નો પુણ્ય કાલ ૧૪/૦૧/૨૫ ના મંગળવારે કરવું.

**સંક્રાંતિ નું પુણ્યદાન તા.૧૪-૦૧-૨૦૨૫ ને મંગળવારે સવારે ૬ થી સાંજે ૭:૩૦ સુધી કરવું**

મકર સંક્રાંતિ માં રાશિ પ્રમાણે દાન આપવું તે નીચે પ્રમાણે છે

**વૃષભ (બ.વ.ઉ):-** તાંબા નાં પાયે બેસે છે.લાલ વસ્ત્ર, તાંબા નું વાસણ, ઘઉં, ગોળ અને શીંગ દાન માં આપવું.

**મિથુન (ક.છ.ઘ) :-** ચાંદી નાં પાયે બેસે છે. સફેદ વસ્ત્ર, સાકર, દુધ, સફેદ તલ, ચોખા અને ચાંદી નું દાન માં આપવું

**મેષ (અ.લ.ઈ.) :-** લોટા નાં પાયે બેસે છે.કાળી વસ્તુ, કાળા વસ્ત્ર, કાળા તલ, કાળા અડદ, સ્ટીલ નું વાસણ નું દાન માં આપવું

**કર્ક (ડ.હ) :-** સોના ના પાયે બેસે છે. પીળા વસ્ત્ર, પીળો ગોળ, ચણા ની દાળ અને સોના નું દાન માં આપવું.

**સિંહ (મ.ટ) :-** લોઢા નાં પાયે બેસે છે.કાળી વસ્તુ, કાળા વસ્ત્ર, કાળા તલ, કાળા અડદ, સ્ટીલ નું વાસણ નું દાન માં આપવું

**કન્યા (પ.ઠ.ણ) :-** સોના ના પાયે બેસે છે. પીળા વસ્ત્ર, પીળો ગોળ, ચણા ની દાળ અને સોના નું દાન માં આપવું.

**તુલા (ર.ત) :-** તાંબા નાં પાયે બેસે છે.લાલ વત્ર,તાંબા નું વાસણ, ઘઉં, ગોળ અને શીંગ નું દાન માં આપવું.

**વૃશ્ચિક (ન.ય)* :-** ચાંદી નાં પાયે બેસે છે.સફેદ વસ્ત્ર, સાકર, દુધ, સફેદ તલ, ચોખા અને ચાંદી નું દાન માં આપવું.

**ધનુ (ભ.ફ.ધ)* :-** લોટા નાં પાયે બેસે છે. કાળી વસ્તુ, કાળા વસ્ત્ર, કાળા તલ, કાળા અડદ, સ્ટીલ નું વાસણ નું દાન માં આપવું

**મકર (ખ.જ)* :-** તાંબા નાં પાયે બેસે છે.લાલ વસ્ત્ર, તાંબા નું વાસણ, ઘઉં, ગોળ અને શીંગ નું દાન માં આપવું.

**કુંભ (ગ.સ.શ)* :-** સોના નાં પાયે બેસે છે. પીળા વસ્ત્ર, પીળો ગોળ, ચણા ની દાળ અને સોના નું દાન માં આપવું.

**મીન (દ.ચ.ઝ.)* :-** ચાંદી નાં પાયે બેસે છે. સફેદ વસ્ત્ર, સાકર,દુધ, સફેદ તલ, ચોખા અને ચાંદી નું દાન માં આપવું.

સંક્રાંતિ ના પુણ્યકાળે નવા વાસણો, ગાય ને ચારો, અનાજ,તલ, ગોળ, સોનું,ભુમી, ગાય, નવા વસ્ત્ર અને ધોડાનું દાન આપની યથા શક્તિ પ્રમાણે કરવું. દાન બેનો-દિકરીઓ, ગરીબો અથવા સુપાત્ર બ્રાહ્મણ ને આપવું. આપે આપેલું દાન ખાલી નહીં જાય ભગવાન તમને ચાર ગણું આપશે માટે દાન આપો તો ખુલ્લા મન થી આપો. ઉપર બતાવેલી વસ્તુ નું દાન આપ ની યથા શક્તિ પ્રમાણે બેનો-દિકરીઓ, ગરીબો અથવા સુપાત્ર બ્રાહ્મણ ને આપવું.

મકર સંક્રાંતિના દિવસે ગૌદાનથી જરૂર કરવુ

મંકર સંક્રાંતિના દિવસ આપની આધિદૈવિક સંપતિને ગૌ સેવા હેતુ વિનિયોગ કરવા શ્રી શ્યામલાલજી હવેલી ગૌશાળાની વિગત મેળવી શકો છો.*

**સ્થળ:-: શ્યામલાલજીની હવેલી (જૂની સદરની હવેલી) પંચનાથ મંદિર મેઈન રોડ રાજકોટ:-૩૬૦૦૦૧.**

# લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ કલા અને સંસ્કૃતિ પ્રોત્સાહિત માટે વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલના વિઝનને બિરદાવ્યું

## લોકસભા સ્પીકરે લંડન સ્થિત અનિલ અગ્રવાલ રિવરસાઈડ સ્ટુડિયો ટ્રસ્ટની મુલાકાત લીધી

**અબતક, રાજકોટ**

લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ૧૦૦ વર્ષ જૂના રિવરસાઈડ સ્ટુડિયોને કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે બદલવાના વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલના વિઝનની પ્રશંસા કરી છે. થેમ્સ નદીના ઉત્તર કિનારે આવેલા આ પ્રતિષ્ઠિત ગ્લોબલ સેન્ટર ફોર આર્ટ્સ ખાતે ઉપસ્થિત મેદનીને સંબોધતા શ્રી બિરલાએ જણાવ્યું હતું કે આ સ્ટુડિયો વિશ્વભરના કલાકારો અને પર્ફોર્મર્સને એક પ્લેટફોર્મ પૂરું પાડશે. વિવિધ ખંડોમાં કલા, સંસ્કૃતિ અને નવીનતાને જોડતી એક મહત્વપૂર્ણ પહેલમાં વેદાંતા ગ્રુપના સ્થાપક અને ચેરમેન અનિલ અગ્રવાલ હવે આ આઈકોનિક રિવરસાઈડ સ્ટુડિયોના માલિક બન્યા છે.

બિરલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આવા પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ પર કલા અને સંસ્કૃતિને પ્રમોટ કરવાના તેમના પ્રયાસો બદલ હું અગ્રવાલનો આભાર માનું છું. વિશ્વભરના કલાકારોને લંડનમાં તેમના વિશ્વની કલા અને સંસ્કૃતિને દર્શાવવા માટેની તક મળશે. રિવરસાઈડ સ્ટુડિયો ટ્રસ્ટ પોતાની પ્રતિભા બતાવવા માટે આવા કલાકારો માટેનું વૈશ્વિક મંચ બનશે.



બિરલાએ કલા, સંસ્કૃતિ અને નવીનતાના સંયોજનને સરળ રીતે એકીકૃત કરતા પ્રતીકરૂપે રિવરસાઈડ સ્ટુડિયોની વિવિધ દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાનપ્રદાનના પ્રતીક તરીકે સરાહના કરી હતી.

આ પ્રસંગે પોતાનો આભાર વ્યક્ત કરતા વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે ઓમ બિરલાનું રિવરસાઈડ સ્ટુડિયો ખાતે સ્વાગત કરતા અમે ખૂબ જ ખુશી અનુભવીએ છીએ. તેમનું દૂરંદેશીપણું અને નેતૃત્વ કેવળ આર્થિક સહયોગ દ્વારા જ નહીં પરંતુ આપણા સહિયારા સાંસ્કૃતિક વારસાની ઉજવણી અને જતન દ્વારા પણ ભારત અને યુકે વચ્ચેના સંબંધો મજબૂત બનાવવા પર સતત કામ કરવા આપણને પ્રેરિત કરે છે. લોકસભા સ્પીકરે શિક્ષણ, મહિલા સશક્તિકરણના ક્ષેત્રે તથા નંદઘરમાં આંગણવાડીઓની કાયાપલટ કરીને બાળકોના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાના વેદાંતાના અગ્રેસર પ્રયાસોની પણ સરાહના કરી હતી.

# દિવ્યાંગો માટે ‘યુનિક’ પતંગોત્સવ ઉજવાયો

## ઘોડી, વ્હીલચેર પર ૨૦૦થી વધુ દિવ્યાંગોએ પતંગ ઉત્સવ મનાવ્યો

**અબતક, રાજકોટ**

ઉત્તરાયણએ ઘરના ધાબા પર કે અગાશી પર ઉજવાતો તહેવાર છે. ઘણા બધા દિવ્યાંગો પોતાની શારિરીક ક્ષતીને લીધે આ તહેવારનો આનંદ માણી શકતા નથી. એટલે દર વર્ષની જેમ આ વર્ષે પણ જેથી દિવ્યાંગો ઘર પર મળતા મકર સંક્રાંતી જેવા જ વાતાવરણની અનુભુતી મેળવી શકે એ માટે દિવ્યાંગો માટેની સેવાકીય પ્રવૃતીઓ જાણીતી સંસ્થા યુનીક વિકલાંગ ચેરીટેબલ દ્વારા નાગર બોર્ડિંગ ખાતે “દિવ્યાંગ મહા પતંગ મહોત્સવ”નું આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા રાજકોટ અને નજીકના વિસ્તારના ૨૦૦થી શારીરીક ક્ષતિગ્રસ્ત, દિવ્યાંગોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનુ ઉદ્ઘાટન ડો. હેમાંગ વસાવડા (નાગર બોર્ડીંગ), વિમલ પંખાણીયા (સ્માર્ટ કિડઝ), ડો.મિલન સોલંકી, કાનાબાર સર (સ્નેહ નિર્ઝર),વિપુલભાઈ પરમાર (પીરામિડ પબ્લીકેશસ) ચિરાગભાઈ ધામેચા( સી.જે. ગ્રુપ) સહિતના મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમને રાજકોટ નાગરીક બેંક, સ્માર્ટ કિડ્ઝ, ગેટ બેક, વિજય વ્હિલ સહિતની સંસ્થાઓએ સપોર્ટ કર્યો હતો. કાર્યક્રમ અંગે વધુ માહીતી આપતા કાર્યક્રમના યુનિક વિકલાંગ ટ્રસ્ટના પ્રમુખ શૈલેશભાઈ પંડ્યાએ જણાવ્યુ હતુ. દિવ્યાંગો પણ સમાજનો એક ભાગ છે અને તેઓ પણ નીજાનંદ માણી પતંગ ઉત્સવનો લાભ લે તે માટે આ આયોજન કરવામા આવેલ હતુ.

# સાકળચંદ પટેલ યુનિ.ના બીએનાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરાયણ પર્વની અનોખી ઉજવણી

## એનએસએસનાં સ્વયંસેવકો દ્વારા જરૂરીયાતમંદોને ચિકી, બોર, પતંગ દોરીનું વિતરણ

**અબતક, રાજકોટ**

સાંકળચંદ પટેલ યુનિવર્સિટિ સંચાલિત સી.જે. પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના એનસીસી વિભાગ દ્વારા ઉત્તરાયણના પાવન અવસરે એક અનોખી સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગજજસ્વયંસેવકોએ જરૂરિયાતમંદ બાળકો અને દિવ્યાંગજનોને ચિક્કી, મમરા લાડુ, શેરડી , બોર, પતંગ, દોરી અને અન્ય ઉપયોગી કિટ જેમાં ટૂથબ્રશ, ટૂથપેસ્ટ, બાથ સોપ, કપડાં ધોવાની સોપ સહિતની વસ્તુઓ વહેંચી હતી



આ પ્રેરણાદાયી કાર્યમાં એનસીસી ના સ્વયંસેવકો દ્વારા સમાજના જરૂરિયાતમંદ લોકોની મદદ કરવાની વિશિષ્ટ યોજના હાથ ધરવામાં આવી હતી. સ્વયંસેવકોને પોતાની સેવામાં સામેલ થવાનું એક મોટું પ્રમાણ મળ્યું અને તેમણે પ્રસન્નતાથી આ ઉપકારોને નમ્રતાપૂર્વક લોકો સુધી પહોંચાડ્યા.

આ કાર્યક્રમથી સમાજમાં સકારાત્મક સંદેશા પહોચ્યો અને એનસીસી વભાગના કર્મકાંડા દ્વારા શ્રમથી કરવામાં આવેલા આ કાર્યને સર્વત્ર પ્રશંસા મળી.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો. અભિજિત જાડેજા , રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી , ડાયરેક્ટર ઓફ ટેક્નિકલ ડો. એચ.એન. શાહ , પ્રોવોસ્ત ડો. પી.એમ. ઉદાણી તથા સંસ્થા ના પ્રમુખ શ્રીમાન પ્રકાશ પટેલ દ્વારા કોલેજ ના તમામ ફેકલ્ટી અને સ્વયંસેવકોને અભિનંદન આપતા આ પ્રકારના સેવાકીય કાર્યને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

# વિશ્વભરમાં નિસડન બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના સેવા કાર્યોનો ડંકોઃ લોકસભા અધ્યક્ષ ઓમ પ્રકાશ બિરલા

**અબતક, રાજકોટ**

લોકસભાના અધ્યક્ષ ઓમ પ્રકાશ બિરલાએ લંડનમાં ‘નિસડન મંદિર’ તરીકે જાણીતા એવા વિશ્વ વિખ્યાત સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. ઓમ પ્રકાશ બિરલા, યુ.કે.ના હાઉસ ઓફ કોમન્સના સ્પીકર એવા લિન્ડસે હોયલના આમંત્રણ પર યુ.કે.ની પાંચ દિવસની સત્તાવાર મુલાકાત પર છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના



આધ્યાત્મિક વડા મહંત સ્વામી મહારાજ વતી મંદિરના સંતો દ્વારા તેઓનું પારંપરિક હિન્દુ શૈલી દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંદિરની મૂર્તિઓના દર્શન તેમજ અભિષેક દ્વારા મંદિરની આધ્યાત્મિક ઉર્જા અને પવિત્રતાનો અનુભવ કર્યો હતો. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ભારતમાં, [ય]ુરોપમાં થઈ રહેલાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક, સામાજિક સેવાકાર્યો વિષે, ખાસ કરીને પેરિસમાં નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર વિષે તેમણે માહિતી પ્રાપ્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૨ માં, ઓમ પ્રકાશ બિરલાના નેતૃત્વમાં ભારતીય સંસદસભ્યોના એક વરિષ્ઠ પ્રતિનિધિમંડળે અબુ ધાબીમાં બી.એ.પી.એસ. હિન્દુ મંદિર સ્થળની મુલાકાત લીધી હતી. તે વર્ષના અંતમાં, બિરલાએ દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# સુરશ્રી સાંસ્કૃત્તિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સુમધુર ગીતોના મનભાવના કાર્યક્રમ યોજાયો

**અબતક, રાજકોટ**

કલાપ્રેમી નગર રાજકોટમાં સાંસ્કૃતિક પ્રવૃતિઓની અગ્રીમ સંસ્થા સુરશ્રી સાંસ્કૃતિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટમાં સહુ પ્રથમ વખત લાઈવ ઓર્કેસ્ટ્રાના ૨૨ કલાકારો અને સુરીલા, આંતર રાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાયકોના સુમધુર કંઠે અમરગાયક મુકેશજી અને સ્વર કિન્નરી લતા મંગેશકરના સુમધુર ગીતોના મનભાવન કાર્યક્રમ “કલ ખેલ મેં હમ હો ન હો”નું ભવ્ય આયોજન તા.૧૧ જાન્યુઆરી, શનિવારે રાતે ૯-૩૦ કલાકે, હેમુ ગઢવી મેઈન ઓડિટોરીયમ, રાજકોટ ખાતે સંપન્ન થયું.

આ સુરીલા કાર્યક્રમમાં હાલમાં સારેગમમાં જેમના એપિસોડ પ્રસારિત થયા છે તેવા સુરીલા ગાયિકા ધ્વનિ મૂલે, વડોદરા અને અમદાવાદના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, વોઈસ ઓફ મુકેશ સલીમ મલિક પોતાના સુરીલા કંઠે મુકેશજી અને લતાજીના યાદગાર ગીતોની સૂરીલી પ્રસ્તુતિ કરી સહુ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ ગાયકોને ખુબ સુંદર વાદ્ય સંગત મુંબઈના સુપ્રસિદ્ધ વાયોલિન વાદક, મ્યુઝિક એરેન્જર અને બોલીવુડ ફિલ્મોમાં પણ જેમણે વાયોલિન પ્લે કર્યું છે તેવા અમર મકવાણા અને તેમના સાથી ૮ જેટલાં વાયોલિન વાદકો, સિતારમાં અમદાવાદના સુવિખ્યાત સિતાર વાદક મહેમુદખાન, વાંસળીમાં ગુજરાતના પ્રસિદ્ધ વાંસળી વાદક અમરેલીના સંજીવ ધારૈયા, રાજકોટના સુપ્રસિદ્ધ કલાકારો તુષાર ગોંસાઈ, કીબોર્ડ, ભાર્ગવ જાની, તબલા સંગત, મહેશ ઢાકેચા, ઢોલક સાથી કલાકારો કોરસમાં કંઠ આપ્યો હતો.

કાર્યક્રમનું સંયોજન કમલ રાજપરાએ અને ખુબ સરસ, સુચારૂ સંચાલન રાજકોટના જયંત જોશીએ કર્યું હતું.

આ કાર્યક્રમમાં પૂ. પા. ગોસ્વામી ૧૦૮ અનિરૂદ્ધલાલજી મહોદય, રાજકોટના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, રાધિકા જવેલર્સ વાળા અશોકભાઈ ઝીંઝુવાડિયા, શિલ્પા લાઈફ સ્ટાઈલ વાળા પ્રભુદાસભાઈ પારેખ, અગ્રણી ઉદ્યોગપતિ રાજુભાઈ ગોસ્વામી, ઝવેરી જ્વેલર્સ વાળા વિરેનભાઈ ધકાણ, એસેન કંપની વાળા જવાહરભાઈ પંડ્યા, અર્જુનભાઈ પટેલ, બ્રિજેશભાઈ ટીલાળા અને અન્ય મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ કિરીટભાઈ રાજપરા, વાઈસ પ્રેસિડેન્ટ સંજયભાઈ રેહી , સેક્રેટરી દીપકભાઈ વ્યાસ, પ્રોજેક્ટ ચેરમેન ભરતભાઈ જોગી, પ્રોજેક્ટ ડાયરેક્ટર જીતુભાઈ ગોંસાઈ અને રાજુભાઈ કાત્રોડિયા, કારોબારી સભ્યો ધરવભાઈ ઝીંઝુવાડિયા, રાજુભાઈ ફીચડીયા, આશિષભાઈ રાજપરા, ચંદુભાઈ પાટડીયા, કલ્પેશભાઈ માંડલિયા તથા અન્ય સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

આ સુરીલા કાર્યક્રમને સુરશ્રીના સર્વે સભ્યો અને નિમંત્રિત મહેમાનોએ મોડી રાત સુધી મનભેર માણ્યો હતો અને રાજકોટમાં પ્રથમ વખત આવો સુંદર, સુરીલો કાર્યક્રમ યીજવા બદલ આયોજકોને બિરદાવ્યા હતા.

# જૈન અગ્રણી રમેશભાઈ દોમડીયાનો કાલે જન્મદિવસ

બી.જે.પી. વોર્ડ નં ૭ નાં પૂર્વપ્રમુખ તથા જૈન અગ્રણી રમેશભાઈ દોમડીયાનો તા. ૧૪/૧/૨૫, મકરસંક્રાંતીનાં રોજ જન્મદિવસ છે. બાળ અદાલતના બોર્ડ મેમ્બર તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. રાજકોટ નાગરીક સહકારી બેંકમાં ૩૬ વર્ષ સુધી પોતાની સેવાઓ આપેલ અને મેનેજર પદે રીટાયર્ડ થયેલા. મહાવીર નગર ઉપાશ્રયમાં ટ્રસ્ટી, સ્વામી વિવેકાનંદ કમિટિમાં ગુજરાત નાં મંત્રી, કોઠારીયા નાકા મિત્ર મંડળમાં ઉપપ્રમુખ, બાલાજી મંદીર રાજકોટમાં



ટ્રસ્ટી, સ્થાનકવાસી જૈન પ્રતિક્રમણ યોજનાં મંડળમાં મુખ્ય સયોંજક, જે.કે.એમ. કર્મચારી મંડળ યુનિયન નાં ઉપપ્રમુખ તરીકે ફરજ બજાવી રહયા છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં રંગે રંગાઈને રાજકોટ મહાનજશ્રીની ની પાંજરાપોળ, એનીમલ હેલ્પલાઈન-કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, જીવદયા ગ્રુપ-રાજકોટ, શ્રી જનસેવા ટ્રસ્ટ, સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ-દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ - ૨૨ વ્હાલુડી અનાથ દીકરીઓમાં પણ પોતાની સેવાઓ આપેલ છે. મિત્રવર્તુળ તથા વડીલવર્ગ તરફથી રમેશભાઈ દોમડીયાને મોબાઈલ નંબર ૯૯૨૪૨૭૦૬૨૯ ઉપર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

# વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલના ઉદ્‌ઘાટન પ્રસંગે દાતાની દીલેરીથી લક્ષ્મીનો સાક્ષાત્કાર

## વિરાણી બહેરા-મુંગા શાળા સંકુલ ધીરગુરૂદેવના હસ્તે ખુલ્લુ મુકાયુંઃ ૩.૨૫ કરોડના દાનથી ઉમંગોત્સવ






તસ્વીરઃ જયદિપ ત્રીવેદી

**અબતક રાજકોટ**

છેલ્લા ૬૦ વર્ષથી દિવ્યાંગ મૂક-બધિર બાળકોને બધિર શિક્ષણ તથા તાલીમ આપતી સંસ્થા શ્રી છગનલાલ શામજી વિરાણી બહેરા મૂંગા શાળા નવા આધૂનિક શૈક્ષણીક તથા વોકેશનલ ટ્રેનીંગ તેમજ કુમાર- કન્યા છાત્રાલયના બિલ્ડીંગોના નિર્માણ માટે પૂ. ધીરગુરૂદેવના અનુગ્રહથી સંપૂર્ણ નવ નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે ૧૨ /૧ /૨૦૦૫ના રોજ ઉદઘાટન કરવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. વિરાણી બહેરા મૂંગા શાળા ખાતે નર્સરીથી ધો.૮ સુધી શિક્ષણ આપવામાં આવે છે. હાલ આ શાળામાં ૨૫૦થી વધુ બાળકો અભ્યાસ કરે છે. આ ઉપરાંત અહી દીકરીઓને સીવણ કામ રસોઈ, કોમ્પ્યુટર વગેરે તાલીમ આપવામાં આવે છે. મૂલ્યવાન શિક્ષણ, પોષ્ટિક ભોજન તથા અતિ આધુનિક છાત્રાલયની સુવિધા આ શાળા પૂરી પાડવામાં આવે છે. તેમજ ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ નોકરી મળી રહે તે માટે અથાગ પ્રયત્નો કરવામાં આવે છે.

### દિવ્યાંગોની દીનતાને બદલે દિવ્યતા જોવોઃ ધીર ગુરુદેવ



વિરાણી બહેરા મૂંગા શાળાના નવનિર્માણ માટે અનેક દાતાઓ સામે આવી આ ૬૦ વર્ષ જુની શાળાનું નવનિર્માણ હાથ ધરવામાં આવ્યું છે ત્યારે આ નવી શાળા સંકુલ ૧૫ કરોડના ખર્ચે આધુનિક બનાવવામાં આવી છે જેમાં વિદ્યાર્થીઓને અધ્યતન સુવિધા મળી રહે તે હેતુથી તેમજ વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ શાળાનો લાભ લઈ શકે તે માટે નિર્માણ કરવામાં આવ્યું છે ત્યારે ગુજરાત સહિત ભારત પર માંથી અનેક લોકો નો સહયોગ મળી રહ્યો છે ત્યારે ભારતની બહાર રહેતા જૈન તેમજ જૈનતરો નો ફાળો રહ્યો છે આપ્યો છે ત્યારે આ વિરાણી બહેરા મૂંગા શાળામાં અનેક સુવિધાઓ ઉભી કરાવામાં આવી છે જેમાં વર્ગખંડ ભોજનાલય તેમજ હોલ નું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને માટે સીવણ કામ, રસોઈ, કોમ્પ્યુટર વગેરે તાલીમ આપવામાં આવે છે.

પૂ.ગુરુદેવે જણાવેલ કે - તંદુરસ્તીમાં દાન સોના જેવું, માંદગીમાં ચાંદી જેવું, મૃત્યુ પછી સીસા જેવું છે, માટે હાથે તે સાથે કરવું વધુમાં કહેલ કે - દિવ્યાંગોની દીનતા પર તરસ ખાવાની જરૂર નથી પણ તેઓની દિવ્યતાને જોવાની છે. પેટ બગડે તેવું ખાશો નહિ, મન બગડે તેવું વિચારશો નહિ. જીવન બગડે તેવું આચરશો નહિ. મૃત્યુ બગડે તેવું પાપ કરશો નહિ.

છગનલાલ શામજી વિરાણી બેહરા મૂંગા શાળા-ટ્રસ્ટ રાજકોટ છેલ્લા ૬૦ વર્ષથી બાળકોને શિક્ષણ પૂરું પાડે છે.હાલ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. તેમાંથી ૧૩૦ કુમાર તથા કન્યાઓ સંસ્થા છાત્રાલયમાં રહે છે. કન્યાછાત્રાલય તથા કુમાર છાત્રાલય બિલ્ડીંગ માં શિક્ષણ પુરૂપાડવામાં આવે છે.૬૦ વર્ષ બાદ પૂજ્ય ધીરજ મુનિ ગુરુદેવ મ.સા આશીર્વાદથી હાલ શાળાનું નૂતનિકરણ કામ પૂર્ણ થયું છે.

(અનુ. આઠમા પાને)

## વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ,ઈન્ડોર સ્પોટ ,લીફ્ટ ,સોલાર સિસ્ટમ, વેઈટિંગ લોજ ,કોન્ફરન્સ રૂમ, પ્રાથમિક શાળા, કન્યા છાત્રાલય, કુમાર છાત્રાલય ,માધ્યમિક શાળા અન્નપૂર્ણા ગૃહ,ઓડિટોરિયમ સહિતની સુવિધાથી સજ્જ

# રાજપુત સમાજ સંગઠીત થાય તે પહેલા સંસ્કારો કેળવવા જોઈએ:વજુભાઈ વાળા

## ‘‘શ્રી ભવાનીધામ નિર્માણકાર્યમાં નિમિતે વેરાવળના ખંઢેરી મુકામે સમાજનું મહાસંમેલન યોજાયું’’

**અબતક રાજકોટ**

ભવાનીધામ ગીરસોમનાથ માં રહેતા રાજપુતો દ્વારા વેરાવળના ખંઢેરી મુકામે ૧૨ મી એ સવારે મહાસંમેલન યોજાઈ ગયેલ આ સંમેલનના અધ્યક્ષ સાથે પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા હાજર રહ્યા હતા તેમજ સમસ્ત રાજપૂત સમાજના પ્રમુખ કાનભા ગોહિલ,સમસ્ત કારડીયા રાજપુત સમાજના પ્રમુખ જશાભાઈ બારડ .પૂર્વ મંત્રી લક્ષ્મણભાઈ પરમાર,પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્ય કાળાભાઈ ઝાલા,ગુરુ ગોવિંદ યુનિવર્સિટીના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ, નોબલ યુનિવર્સિટીના કુલપતિ ખેર સાહેબ,જી.ટી.યુના રજીસ્ટાર કે.એન ખેર , સમાજ અગ્રણી શિવાભાઈ સોલંકી(કોડીનાર) સોમનાથ જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કરશનભાઈ બારડ,જીલ્લા પંચાયત સોમનાથના ઉપપ્રમુખશ્રી રાજવીરસિંહ ઝાલા,જીલ્લાભાજપ ઉપપ્રમુખ રામસિંહ ડોડીયા યુવા આગેવાન અને, ચંદ્રેશભાઈ હેરમા, અનિરુદધસિંહ પઢિયાર, ભવાનીધામ કન્વીનર તેજસભાઈ ભટ્ટી દિલીપભાઈ બારડ, માનસિંહ પરમાર વગેરે હાજર રહયા હતા. આ સંમેલન જ્યાં આયોજીત થયેલ તે સ્થાને તપોભૂમિ તરીકે ઓળખવાતા આયોજકો સમિતિના સૌ યુવાનો, વડીલો, બહેનો, માતાઓ, વિશેષ યોગદાન આપવા કટિબધ્ધ બન્યા અને ટૂંક સમયમાં દરેક ગામ મુજબ લોકોની કમિટી આ રથયાત્રા કાર્યને પ્રારંભ



કરાવશે.સંમેલન ના પ્રારંભે વૈશ્વિક કલાકાર રાજભા ગઢવીએ માતાજીની સ્તુતિ-વંદના અને સંસ્કાર તથા સંસ્કૃતિ જાળવવા

રાજપૂત સમાજના કાર્યક્રમમાં એકતા માટેના દુહા છંદ અને વિવિધ પંકિતઓ રજુ કરી અને સૌને આકર્ષિત કર્યા હતા.કાર્યક્રમના પ્રારંભે યુવા અગ્રણી રાજવીરસિંહ ઝાલા, પૂર્વ ધારાસભ્ય લક્ષ્મણભાઈ પરમારે અને ગોવિંદભાઈ પરમાર પ્રાસંગીક ઉદબોધન કરેલ અને પરમારે જણાવું કે વજુબાપા એ સમાજને અને આગેવાનોને ખૂબ હુંફ આપી છે તેને ભૂલી શકાય તેમ નથી તેનું હુ પોતે જ ઉદાહરણ છુ. આમ જ્યારે સમાજની હાકલ પડે ત્યારે સૌ સાથે મળીને સામાજીક ધાર્મિક કાર્ય કરે તેજ આજના સમયમાં માંગ છે.જયંતિભાઈ ઝાલાએ રાજપૂત સમાજના સંગઠન અને ઉપસ્થિત રહેલા સૌને બિરદાવ્યા હતા.

યુવા આગેવાન શિવાભાઈ સોલંકી એ દરેક પરિવારજનોના યુવાનોને નશામુક્ત અને વ્યશન મુક્ત કરવા હાકલ કરી હતી અને યુવશક્તિને બચાવવા નશો છોડવાનું મહત્વ સમજાવું હતું. જશાભાઈ બારડે ભવાનીધામ પ્રતિષ્ઠાન દ્વારા પ્રારંભ થયેલા આ મંદિર નિર્માણ કાર્ય માટે દરેક ગામને તાલુકા ને કમિટી બનાવવા અને તમામ યુવાનોની ટીમને આ કાર્યમાં જોડી આગળ આવવા જણાવેલ. અધ્યક્ષ સ્થાનેથી વજુભાઈ વાળા એ જણાવેલ કે રાજપુત સમાજ સંગઠન થાય તે પહેલા સંસ્કારો કેળવવા જોઈએ. સંસ્કાર હશે તો સંગઠન થાશે અને તેમાંથી દરેકને પોતાના પરિવારના જેટલા સભ્યો દીઠ આવક હોય તેમાથી વધતી બચત નો ભાગ ભવાનીધામના આશીર્વાદ મેળવવા માટે માત્ર માં ભવાનીધામ મંદિર ફકત નહીં સંસ્કારધામ બનવાનું સમસ્ત રાજપૂત સમાજ જ્યાં એકત્રિત થઈ પોતાના વ્યસનો અને દૂષણો મૂકી દેવા સંકલ્પિત થઈ સકે તેવું સંસ્કારધામ, આરોગ્યભવન,અને યજ્ઞશાળા બને તે માટે પોતાનો સહયોગ આપે તેમ જણાવું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવા છેલ્લા ૫ દિવસથી વડીલો માવજીભાઈ ડોડીયા, ગોવિંદભાઈ જશાભાઈ, દિનુભાઈ સોલંકી, મેરામણભાઈ, જેસિંગભાઈ શિવાભાઈ જયંતિભાઈ, સંજયભાઈ, ચંદ્રેશભાઈ, યોગીભાઈ, તેજસભાઈ, રાજવીરભાઈ, પ્રધ્યુમનભાઈ સહિતના વિવિધ મહાનુભાવો અને યુવાનો સતત અડીખમ યોદ્ધા બની તાલુકાઓના વડીલો સાથે જુનાગઢ-ગીરસોમનાથ જીલ્લામાં ફરી સંમેલનની સફળ બનાવવા દિવસ રાત જહેમત ઉઠાવી હતી તે સૌનો અંતમાં આભાર વ્યક્ત પૂર્વ પ્રમુખ જીલ્લા પંચાયત શીદાભાઈ રાઠોડે વ્યક્ત કર્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો સાસંદ રૂપાલા-મોકરિયાના હસ્તે પ્રારંભ

## પાંચ રાજયોનાં આશરે ૧૨૦૦ રમતવીરો ૧૬ જાન્યુઆરી સુધી કૌશલ્ય બતાવશેઃ સૌરાષ્ટ્ર યુનિ. ખેલાડી ઘર આંગણે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા સજજ




### કાર્યક્રમની શરૂઆત નિર્મલા કોનવેન્ટની વિદ્યાર્થીનીઓનાં બેન્ડ સાથે તમામ ટીમે સ્ટેજની સામેથી માર્ચ કર્યુંઃ ઉપસ્થિત તમામ મહેમાનનું સ્વાગત કરાયું

**અબતક,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિના પવિત્ર દિવસે હેન્ડબોલ નેશનલ ટુર્નામિન્ટનો રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાના હસ્તે, રાજકોટ લોકસભાના સાંસદ પરષોતમભાઈ રુપાલાજીની ઉપસ્થિતિમાં દીપપ્રાગટય કરી દબદબાભેર ઉદઘાટન થયું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડો. ઉત્પલભાઈ જોશીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં નિર્મલા કોન્વેન્ટ સ્કુલની વિદ્યાર્થીનીઓના બેન્ડ સાથે તમામ ટીમે સ્ટેજની સામેથી માર્ચ કર્યું હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા




ઉપસ્થિત મહેમાનોનું મોમેન્ટોથી સ્વાગત કરવામાં આવેલ હતું.

રાજકોટના લોકસભાના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પરષોતમભાઈ રુપાલાએ આ તકે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યજમાનપદે આશરે ૨૦ વર્ષ બાદ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ મેન ટુર્નામેન્ટનું આયોજન થઈ રહ્યું છે હું યુનિવર્સિટીના કુલપતિ તથા ટીમને અભિનંદન પાઠવું છું. આપસૌ સૌરાષ્ટ્ર-ગુજરાતના મહેમાન બન્યા છો ત્યારે મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતની સમય મળે તો ખાસ મુલાકાત લેજો. સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિના પાવન દિવસે અને ઉતરાયણના પર્વ પર આ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે એનો વિશેષ આનંદ છે.

સાંસદએ ખેલાડીઓને ખેલભાવના સાથે આ ટુર્નામેન્ટમાં ભાગ લઈ ઉત્કૃષ્ટપ્રદર્શન કરો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

ભારતના પાંચ રાજયો ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગોવાના આશરે ૧૨૦૦ થી વધુ રમતવીરો આ ટુર્નામેન્ટમાં તા. ૧૨ થી તા. ૧૬ જાન્યુઆરી સુધી પોતાનું કૌશલ્ય બતાવશે.

આ તકે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ રાષ્ટ્રીયકક્ષાની ટુર્નામેન્ટનું આયોજન કર્યુ છે એ આનંદની વાત છે. સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિના સુત્રોને જીવનમાં ઉતારી હેન્ડબોલ સ્પર્ધામાં વિજયી બનવા પરિશ્રમ કરો. આપ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ગુજરાતમાં છો ત્યારે ગુજરાતમાં ફરજો અને ગુજરાતને જાણજો.

સાંસદએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના કાર્યકાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ઉચ્ચશિખરો સર કરી સર્વોચ્ચ ગ્રેડ પ્રાપ્ત કરે એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

સૌરાષ્ટ્રયુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ ટુર્નામેન્ટમાં ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે બન્ને સાંસદઓનું સ્વાગત કરું છું.

આજે યુગ પુરુષ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ ‘‘રાષ્ટ્રીય યુવા દિવસ‘‘ પ્રસંગે આ રાષ્ટ્રીયકક્ષાની ટુર્નામેન્ટમાં આપ સૌનું સ્વાગત છે.

આપ સૌ આ ટુર્નામેન્ટમાં સહભાગી થયા છો એનો આનંદ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ટુર્નામેન્ટના આયોજનો માટે ઉત્તમ વ્યવસ્થા કરી છે. છતાં કોઈ આવશ્યકતા હોય તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હરહંમેશ તૈયાર છે. પરિશ્રમ થી જ સફળતા મળે છે. આપ સૌ પરિશ્રમ કરી આ ટુર્નામેન્ટમાં સફળતા મેળવો એવી શુભેચ્છાઓ પાઠવું છું.

આ કાર્યક્રમમાં સ્વર્ણીમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. અર્જુનસિંહ રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ખેલાડીઓ પણ ઘર આંગણે યોજાનાર રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે સજ્જ બન્યા છે.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કુલસચિવ ડો રમેશભાઈ પરમારે કર્યુ હતું અને આભારવિધિ શારીરિક શિક્ષણ નિયામકશ્રી ડો હરીશભાઈ રાબા એ કરી હતી.

આ ટુર્નામેન્ટના ઉદઘાટન કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યઓ, એકઝીકયુટીવ કાઉન્સીલના સભ્યઓ, ભવનોના અદયક્ષઓ, આચાર્યઓ, પ્રાધ્યાપકઓ તથા રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# દીકરી ‘રાધા’ની ઈચ્છાને પાંખ આપવા ઘરઆંગણે જ યુરોપ ઉભું કરતો ઉકાણી પરિવાર

## સુશોભિત પ્રવેશ દ્વાર, રંગબેરંગી આતિશબાજી મ્યુઝિક બેન્ડના સથવારે ટાઈટેનીક સોંગ સાથે યુરોપની થીમમાં યોજાઈ રીંગ સેરેમની





**અબતક, રાજકોટ**

દિકરીને સાચા અર્થમાં તુલસીનો કયારો ગણતા જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર મૌલેશભાઈ ઉકાણીના આંગણે ચિ. રાધાના શાહી લગ્નોત્સવની ભવ્ય ઉજવણી ચાલી રહી છે. ઈશ્વરીયાની ભાગોળે ખાસ ઉભા કરાયેલા વૃંદાવન ધામ ખાતે ત્રિદિવસીય મનોરથ તથા શ્રી નાથદ્વારાની ધ્વજાજી આરોહણ ઉત્સવના ધાર્મિક પ્રસંગોનો રાજકોટની ધર્મપ્રેમી જનતાએ લ્હાવો લીધો. ઉકાણી પરિવારે શાનદાર રીંગ સેરેમનીનો પ્રસંગ ઉજવ્યો હતો. રાજકોટના લગ્નોત્સવના ઈતિહાસમાં મોંઘેરા મહેમાનો, યુરોપીયન થીમ અને વિવિધ વ્યંજનોનો રસથાળ સહીતના આકર્ષણો યાદગાર બની રહ્યા હતા.

રાજકોટ ખાતે ઈશ્વરીયામાં દ્વારકાધીશ ફાર્મમાં યુરોપીયન થીમ પર ભવ્યાતિભવ્ય સેટ તૈયાર કરવામાં આવ્યો હતો. સોનેરી સાંજે ચિ. રાધા તથા ચિ. રીશીની રીંગ સેરેમની સેલીબ્રેશન યોજાયુ હતુ. યુરોપીયન થીમ પર તૈયાર કરાયેલા આ ખાસ ભવ્ય અને આકર્ષીત સેટની વિશેષતાઓમાં ઈગ્લુ આકારનો ગ્લાસથી મઢેલ ભવ્ય આકર્ષક પ્રવેશદ્વાર, ફલાવર્સથી સુશોભીત આકર્ષક લાઈટીંગ ઝુમ્મરોથી શોભતી વિશાળ ગેલેરી, વિશાળ ગ્રાઉન્ડમાં મેઈન સ્ટેજ અને મહેમાનો માટે આરામદાયક સોફાઓમાં બેઠક વ્યવસ્થા, યુરોપીયન પેલેસની થીમ પર આકર્ષક અને ભવ્ય સ્ટેજ, બેઠક વ્યવસ્થાની પાછળ વિશાળ જગ્યામાં ભોજન વ્યવસ્થા, ઢળતી સાંજે ધીમુ હળવું મ્યુઝીક, ગ્રાઉન્ડ પર નીતનવા વેશભૂષામાં ફરતા વિવિધ કરતબો દેખાડતા જોકરો, હવામાં ઉડતી પરીઓની કારીગરી જોઈ બાળકોથી માંડી મોટેરાઓ (અનું. આઠમાં પાને)

---

### હિરાબાઈ મહાસતીજીની જન્મજયંતિ નિમિતે

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કાલે વિનામૂલ્યે સાધર્મિક કીટનું વિતરણ



તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

### અબતક સાથેની મુલાકાતમાં આપી સમગ્ર માહિતી

**અબતક,રાજકોટ**

‘સાધર્મિક ભકિત અપાવે મુકિત’ એ ઉકિતને સાર્થક કરવા જૈનક્રાંતિ પરિવાર દ્વારા સ્વ. રસિકભાઈ પારેખ પ્રેરિત સતત ૩૦ વર્ષથી ચાલતા સાધર્મિક પરિવારોને વિનામૂલ્યે અડદીયા-ચિકકી સાથેની જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓની કીટ વિતરણ અવસરે આવતીકાલે મકર સંક્રાંતના પર્વે સ્વ. રસીકભાઈ પારેખની સાતમી પૂણ્યતિથિ નિમિતે તથા અંતરીક્ષમાં બિરાજતા ગૌરવવંતા ગોંડલ સંપ્રદાયના તિર્થસ્વરૂપ સાસન ચંદ્રીકા હિરાબાઈ મહાસતીજીની જન્મ જયંતી નિમિતે ત્રિવેણી સંગમના સથવારે રાજકોટના પનોતા પુત્ર, જીવદયા રત્ન, ગુજરાત રાજયનાં લોકપ્રિય પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે વિતરણ કરવામાં આવશે.

અબતક સાથેની મુલાકાતમાં સમીર પારેખ, ધીરેન ભરવાડ, રાકેશ ડેલીવાળા, પરેશ સંઘાણી, રાજુ શેઠ, નીતીન મહેતા, સુશિલ ગોડા, મૌલિક ભોજન, અજય વખારીયા સહિતના આગેવાનોએ વધુ વિગતો આપી. તપસ્વી રત્ના પ્રખર વ્યાખ્યાતા સ્મિતાજી મહાસતીજીની પાવન નિશ્રામાં અનેક ઉદારદિલા દાતાઓનાં સહયોગે સમાજના શ્રેષ્ઠીઓ તથા સન્માનીય સરકારી અધિકારીઓ, રાજકીય-સામાજીક અગ્રણીઓની સવિશેષ ઉપસ્થિતિમાં તા. ૧૪.૧ મંગળવારે સવારે ૯.૩૦ કલાકે, જૈન ક્રાંતિ નિવાસે ૩૧-૩૬, કરણપરા-રાજકોટ ખાતે કીટ વિતરણ રાખેલ છે.

---

# ભાજપ દ્વારા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પથ સંચલનનું સ્વાગત



**અબતક,રાજકોટ**

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત અખબારીયાદીમાં જણાવાયું હતું કે ૧૯૨૫ માં રાષ્ટ્રીય સ્વયંસેવકની સ્થાપના ડો.કેશવરાવ બલીરામ હેડગવારજી તેમજ માધવરાવ સદાશીવ ગોલવાલકરજી પૂજય ગુરૂજીએ કરી હતી અને સંઘનું એક જ કાર્ય હતું આ દેશમાં ભારતીય સંસ્કૃતિનું સ્થાપન થાય દેશની એક અલગ ઓળખ બને અને નમસ્તે સદા વતસ્લે માતૃભૂમિના મંત્ર સાથે ભારત માતા પરમ વૈભવના શિખર પર પહોંચે તે માટે સંઘના અનેક કાર્યકર્તાઓએ પોતાની જાતને દેશ માટે સમર્પિત કરી છે ત્યારથી લઈ આજ સુધી રાષ્ટ્રવાદની વિચારધારાને ઘર ઘર સુધી પહોંચાડવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કરી રહયો છે. તા. ૧૨ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય સંઘના નટરાજ વિસ્તાર દ્વારા સાંજે ૭.૩૦ કલાકે નાગર બોર્ડિંગ ખાતેથી શહેરના વિવિધ માર્ગો પર પથ સંચાલન કરવામાં આવેલ હતું. પૂર્ણ ગણવેશ અને દંડ સાથે સજજ સંઘના કાર્યકર્તાઓએ બેન્ડની શૂરાવલીઓ સાથે સંપૂર્ણ શિસ્તબધ્ધ રીતે કરવામાં આવેલ આ પથ સંચલનનું શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના આગેવાનીમાં શહેર ભાજપ દ્વારા મહિલા ચોક ખાતે ભવ્ય સ્વાગત (અનું. આઠમાં પાને)

---

# અધિવક્તા પરિષદ દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણી



**અબતક,રાજકોટ**

વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે અધિવક્તા પરિષદ રાજકોટ દ્વારા “ ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્ત ત્યાં સુધી મંડ્યા રહો “ નું સૂત્ર આપનાર સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને ફુલ- માળા સમર્પણ કરી ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે અધિવકતા પરિષદના પ્રમુખ પ્રશાંત જોશી એ જણાવ્યું હતું કે, ભારતના યુવાનોને જગાડવાનું કામ સ્વામી વિવેકાનંદે કર્યું હતું ૧૮૯૩ માં સિકાગોમાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદમાં ૧૧મી સપ્ટેમ્બરે એમણે મારા અમેરિકન ભાઈઓ અને બહેના થી શરૂઆત કરીને એક ઐતિહાસિક આખ્યાન આપ્યું હતું આવેલા ૭૦૦૦ લોકો એક સાથે એકઠા થયા હતા. ૭૦૦૦ કેટલા શ્રોતાઓએ એમને ઉભા થઈને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.

વિવેકાનંદજીની પ્રતિમાને ફુલ માળા સમર્પણ વખતે વરિષ્ઠ અધિવકતા ગીરીશભાઈ ભટ્ટ, તુલસીદાસભાઈ ગોંડલીયા, સુરેશભાઈ સાવલિયા, સૌરાષ્ટ્ર વિભાગ સયોંજક,શ્રી જે. આર. ફુલારા , પ્રદેશ કારોબારી સદસ્ય જયેશભાઈ જાની, પૂર્વ પ્રદેશ મંત્રી,વિનુભાઈ વ્યાસ, હસમુખ ગોહેલ, મંત્રીશ્રી,રવિભાઈ ટાંક ,જે. પી. મારુ , જયેન્દ્રભાઈ ગોંડલીયા રાજેશભાઈ કાપડી , શ્રુતિબેન ત્રિવેદી વિગેરે અધિવક્તાઓ હાજર રહ્યા હતા.

---

# બોલબાલા ટ્રસ્ટની નવી બ્રાન્ચનો શુભારંભ

## સાંસદ રામભાઈ મોકરીયા, વી.પી.વૈષ્ણવ અને અતુલભાઈ શેઠ સહિતના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત






**અબતક, રાજકોટ**

બોલબાલા ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રભરમાં અલગ-અલગ બ્રાંચની સક્રીય સેવાઓ બાદ રાજકોટમાં કાલાવડ રોડ, રૈયા રોડ, સહિતના વિસ્તારોના નગરજનોને નજીક સેવાઓ મળી રહે તેવા આશ્રયથી તારીખઃ-૨૫/૧૨/૨૪, રવિવારના રોજ “બોલબાલા સેવા સદન”, બીએપીએસ મંદિર પાછળ, પ્રેમવતી વાળી શેરી, અમરનાથ ચોક પાસે, સહકાર નગર મે.રોડ, જીવન વિહાર સોસાયટી ખાતે ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરેલ છે. જેમાં મેડિકલ સાધનો ઉપયોગ માટે આપવાની, બાળકો, બહેનો અને વડિલને લગતી અનેક સેવાઓના પ્રારંભ થયો.

ભારતીબેન રમેશભાઈ દોશી, જવાહરભાઈ શાહ, કડવા પટેલ સમાજ ઓફ નોર્થ અમેરિકા, શ્રીમતી હેમલતાબેન કુમારપાળભાઈ શાહ, ડો. નિના પટેલ, ડો. અનિલ એન્ડ મીનલ મોદી, નિલ જય વાઘર, નિલમબેન જયકાંતભાઈ વાઘર, અ.સૌ. બિનાબેન અનિષભાઈ વાઘર, અ.સો.ભાવિનીબેન ભાવિનભાઈ વાઘર(સુદાન-રાજકોટ), આર.કે જૈન પરિવાર, મહેશભાઈ સાવલિયા, ધારાબેન અજમેરા, વૈભવભાઈ રાઠોડ, સુનિલભાઈ શાહ વગેરે દાતાનો અનેરો સહયોગથી બોલબાલા ટ્રસ્ટની નવી સેવાકીય બ્રાંચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં રામભાઈ મોકરીયા સાંસદ, વી.પી. વૈષ્ણવ-પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ, અતુલભાઈ શેઠ-ઓનર ઈમ્પીરીયલ હોટલ, રમણીકભાઈ જસાણી- કોઠારી લેબોરેટરી, વગેરે મહાનુભાવો તેમજ નિમંત્રકો ઉપિસ્થિતીમાં “બોલબાલા સેવા સદન” નો દિપ પ્રગટાવી બોલબાલા સેવા બ્રાંચનો પ્રારંભ થયો હતો. આ અવસરે બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય, સુનિલભાઈ, વિજય પારેખ, નિતિનભાઈ ભગદેવ, સુનિલભાઈ રાવલ, હકાભાઈ ચૌહાણ, કલ્પેશ પોપટ, સુનિલભાઈ શાહ, કિશોરભાઈ કુંડારીયા, શાંતિભાઈ ફળદુ સેવા સદન પ્રોજેકટ કોર કમીટી મોટી સંખ્યામાં મેમ્બર્સ ઉપસ્થીત રહ્યા હતા.

“બોલબાલા સેવા સદન”, બીએપીએસ મંદિર પાછળ, પ્રેમવતી વાળી શેરી, અમરનાથ ચોક પાસે, સહકાર નગર મે.રોડ, જીવન વિહાર સોસાયટી ખાતે ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરેલ છે. જેમાં મેડિકલ સાધનો ઉપયોગ માટે આપવાની, બાળકો, બહેનો અને વડિલને લગતી અનેક સેવાઓના પ્રારંભ થયો હતો. જે સેવાનો લાભ લેવા આસપાસના વિસ્તારના લોકોને જણાવવા બોલબાલા ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાય પોતાની યાદીમાં જણાવે છે.

---

# સીએમના હસ્તે ‘સ્નેક રેસ્ક્યુ એપ’ નું લોન્ચીગ ‘કરૂણા અભિયાન’ પુસ્તકનું વિમોચન

## કરૂણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુખ્યમંત્રીએ મુલાકાત લીધી





### પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો ૮૩૨૦૦૦૨૦૦૦ નંબર પર વોટ્સએપ અને વેબસાઈટ દ્વારા મેળવી શકાશે

**અબ તક રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી - ૨૦૨૪ સુધી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગ દોરાથી પક્ષીઓને ઘાયલ થતા બચાવવા અને ઘાયલ પક્ષીઓની સારવાર માટે ચાલી રહેલા રાજ્યવ્યાપી કરૂણા અભિયાન અંતર્ગત અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં કાર્યરત વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીએ આ મુલાકાત દરમિયાન વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીએ વન્ય પ્રાણી ફોટોગ્રાફ એક્ઝિબિશનની પણ મુલાકાત લીધી હતી. અમદાવાદના બોડકદેવમાં આવેલા વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ’સ્નેક રેસ્ક્યુ એપ’ લોન્ચ કરવામાં આવી હતી. આ સાથે મુખ્યમંત્રી દ્વારા રાજ્યના વન વિભાગ દ્વારા ત્યાર કરવામાં આવેલું ’કરુણા અભિયાન’ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. (અનું. આઠમાં પાને)

**રાજ્યભરમાં કરૂણા અભિયાન-૨૦૨૫માં આશરે ૬૦૦થી વધુ વેટરનિટી તબીબો તેમજ ૮,૦૦૦થી વધુ સેવાભાવી સ્વયંસેવકો સેવારતઃ કુલ ૧,૦૦૦થી વધુ સારવાર કેન્દ્રો પણ ઉભા કરાયા**

# યુવાનના મૃત્યુનાં કેસમાં રૂ.૫૯ લાખ રેકર્ડ બ્રેક વળતર મંજુર

## બાઈકને ટ્રકે હડફેટે લેતા યુવાનનું મોત નીપજતાં પરિવારે કલેઈમ મેળવવા કોર્ટમા દાદ માંગી'તી

**અબતક, રાજકોટ**

મોરબી-માળીયા નેશનલ હાઈવે ઉપર થયેલ વાહન અકસ્માતનાં કેસમાં અગીયાર-માસનાં ટુંકા ગાળામાં મોરબીનાં સીરામીકમાં નોકરી કરતાં પશ્ચિમ બંગાળનાં યુવાનના મૃત્યુનાં કેસમાં કોર્ટ દ્વારા રકમ રૂા.૫૯,૦૦,૦૦૦/- જેટલુ રેકર્ડ બ્રેક જંગી વળતર મંજુર કર્યુ હતુ.

આ અંગેની હકીકત મુજબ, મોરબીના રંગપર ખાતે લાફાન્સ ગ્રેનિટો પ્રાઈવેટ લી.માં ઈન્ચાર્જ તરીકે નોકરી કરતા મુળ પશ્ચિમ બંગાળનાં મેદીનીપુર જિલ્લાનાં સાતરા ગામનાં યુવાન સુબ્રતા સુભાષચંદ્ર દાસ પોતાના બાઈકમાં મોરબી માળિયા હાઈવે ઉપર જતા હતા ત્યારે પાછળથી ટ્રક-ટ્રેઈલર નં. જીજે- ૩૭- ટી- ૪૦૭૧ની હડફેટે ગંભીર ઈજા થવાથી પરિવારનાં એકમાત્ર કમાવાવાળી વ્યકિતનું કરૂણ મોત નીપજેલ હતું. આ અંગે મૃતક સુબ્રતા સુભાષ ચદ્ર દાસનાં વળતર મેળવવા માટે રાજકોટ કોર્ટમાં અકસ્માત વળતરનાં નિષ્ણાંત એડવોકેટ રવિન્દ્ર ડી. ગોહેલ મારફત ટ્રક-ટ્રેઈલરની વીમા કંપની સામે તા.૨૪/ ૦૧/ ૨૦૨૪નાં રોજ કલેઈમ કેસ દાખલ કર્યો હતો.

આ કેસ ચાલવા ઉપર આવતા અરજદારના વકીલે હકીકત રજૂ કરી હતી કે, અકસ્માત પહેલા ગુજરનાર સુબ્રતા સુભાષચંદ્ર દાસ રંગપર ખાતે આવેલ લાફાન્સ ગ્રેનીટો પ્રા. લી.માં લેબ ઈન્ચાર્જ (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) તરીકે નોકરી કરતા હતા અને માસીક રૂા. ૩૫,૦૦૦/- પગારની આવક કમાતા હતા અને તેમનાં કુટુંબનાં આધારરૂપ મેઈન વ્યકિત હતા. આ સબંધમાં ગુજરનારના એડવોકેટ દ્વારા રજૂઆતો અને દલીલો કરવામાં આવ્યા બાદ કોર્ટ દ્વારા ગુજરનારની આવક તથા પ્રોસ્પેકટીવ આવકની ગણતરી કરી મૃતકનાં વારસદારોને હાલની મોંઘવારી મુજબ મહત્તમ વળતરની ગણતરી કરી ગુજ. સુબ્રતાદાસનાં કેસમાં રૂા. ૫૯ લાખનું જંગી વળતર માત્ર અગીયાર માસનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવેલ છે. આ કામમાં અરજદારો વતી રાજકોટના એડવોકેટસ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી) આસીસટન્ટ્સ જતીન પી. ગોહેલ, દિનેશ ડી. ગોહેલ, જયેશભાઈ મકવાણા રોકાયા હતા.

# લ્યો કરો વાત... ચોર હવે ઘેટા બકરાને પણ નથી છોડતા

## કડકડતી ઠંડીનો લાભ લઈને લતિપુર ચોકડી પાસે ઘેટાં-બકરાના વાડામાં તસ્કરો ત્રાટક્યા

**અબતક**
**સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલના લતીપર રોડ પર આવેલ દેવીપૂજકવાસમા અજાણ્યા શખ્સો કડકડતી શિયાળાની ઠંડીનો લાભ લઈને ૧૪ ઘેટા બકરા ચોરાયા આ પશુધન ચોરા ભારે ચકચાર પોલીસ વિગતો અનુસાર ધ્રોલ ના લતીપર રોડ પર આવેલા દેવીપૂજક વાસ મા રહેતા રવિભાઈ વાઘેલાના વાડામાંથી ઘેટા-બકરા નંગ ૯ જેની કિંમત ૭૦,૦૦૦ અને દિનેશભાઈ જગુભાઈ વાઘેલા એક બોકડો જેની કિંમત રૂપિયા ૮,૦૦૦ તેમજ મશરૂભાઈ રાતડીયાની ૪ બકરી જેની કિંમત ૪૦,૦૦૦ મળીને કુલ કિંમત રૂપિયા ૧,૧૮,૦૦૦ હજારની કિંમતના નાના-મોટા ઘેટા બકરાની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી ગયાની ધ્રોલ પોલીસ મથકે રવિભાઈ વકસીભાઈ વાઘેલાએ ફરિયાદ નોંધાવતા ધ્રોલ પોલીસ હેડ. કોન્સ્ટેબલ એચ.બી. સોઢીયાએ વધુ તપાસ હાથ ધરી હતી.

# જય ભવાની ગોલાની દુકાનમાંથી રૂ.૫૦ હજારની રોકડ અને મોબાઈલની ચોરી

## તસ્કરે દુકાનનું શટર ઉંચું કરી ચોરીને અંજામ આપ્યો : માલવિયાનગર પોલીસમાં નોંધાતો ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર મહિલા કોલેજ અંડરબ્રિજ ઉપર આવેલ જય ભવાની ગોલાની દુકાનમાં ચોરી થયાંનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા તસ્કરે દુકાનનું શટર ઉંચું કરી ડ્રોવરમાંથી રૂ. ૫૦ હજારની રોકડ અને મોબાઈલની ચોરી કરી હતી. મામલામાં માલવિયાનગર પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ હાથ ધરી છે.

કાલાવડ રોડ પર આવેલ જય ભવાની ગોલાના માલિક રાજનભાઈ કિરીટભાઈ માનસેતા (ઉ.વ.૨૫ રહે. 'રાજન' મકાન, પ્રગતી સોસાયટી શેરી નં.-૩, રૈયા રોડ)એ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં કાલાવડ રોડ પર મહિલા કોલેજની સામે આવેલ શિવ આષિશ કોમ્લેક્ષમાં જયભવાની ડ્રાઈફુટ એન્ડ ડીસ ગોલા નામની દુકાન ધરાવી વેપાર કરું છું. આ દુકાનમાં અક્ષયભાઈ ડોબરીયા તથા રવિભાઈ મેનેજર તરીકે નોકરી કરે છે અને અન્ય કારીગરો કામ કરે છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુ કે, ગઈકાલે રાત્રીના સવા બાર વાગ્યાના અરસામા અમારા મેનેજર રવિભાઈ ડોબરીયાએ અમારી દુકાન બંધ કરી જતા રહેલા અને મને રવિભાઈએ ફોનથી જણાવેલ હતુ કે, વેપારના રૂ. ૫૦ હજાર દુકાનના ડ્રોવરમાં રાખુ છું. હું સવારે આશરે અગીયાર વાગ્યે મારી દુકાને ગયેલ અને જોયેલ તો દુકાનનું શટર થોડું ઉંચુ હતું. જેથી શટર ખોલી અંદર જોતા માલસામાન વેરવિખેર પડેલ હતો. જેથી ડ્રોવર ખોલીને જોતા તેમા રૂ. ૫૦ હજાર મળી આવ્યા ન હતા. જેથી બંને મેનેજરને જાણ કરતા તેઓ દુકાને પહોંચ્યા હતા. જ્યાં રોકડ નાણાંની સાથોસાથ દુકાનનો ઓપો કંપનીનો મોબાઈલ પણ મળી આવ્યો ન હતો. જેથી દુકાનમાં ચોરી થયાનું જાણવા મળતા વેપારી યુવાને માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# કૌટુંબિક દિયરે ભાભીનો અનેકવાર દેહ અભડાવ્યોઃ બિભત્સ ફોટો વાયરલ કર્યા

## રાજકોટની ભાગોળે બનેલી ઘટનામાં એરપોર્ટ પોલીસે ભોજપરી ગામના ગોરધન વાલાણી વિરૂદ્ધ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે વધુ એક દુષ્કર્મની ઘટના સામે આવી છે. જેમાં કૌટુંબિક દિયરે ભાભી પર અનેકવાર દુષ્કર્મ આચરી બિભત્સ ફોટો પાડી લીધા હતા. બાદમાં સંબંધ રાખવાનું દબાણ કરી પીડિતાના બિભત્સ ફોટો પોતાના વોટ્સઅપ સ્ટેટ્સમાં મૂકી વાયરલ કરી દેતા એરપોર્ટ પોલીસમાં ભોજપરી ગામના ગોરધન વાલાણી વિરૂદ્ધ દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

સુરેન્દ્રનગર પંથકની અને રાજકોટની ભાગોળે રહેતી ૩૦ વર્ષની મહિલાએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેના ભોજપરી ગામે રહેતા તેના કૌટુંબિક દિયર ગોરધન મનુ વાલાણીનું નામ આપ્યું હતું. મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે તથા તેનો પતિ ઈમિટેશનનું કામ કરતા હતા. તે વખતે તેના કૌટુંબિક દિયર ગોરધન વાલાણી ઈમિટેશનના કામ માટે અવાર નવાર તેમના ઘરે આવતા હતા. બાદમાં કામકાજ સરખું નહીં ચાલતા અન્ય મજૂરીકામ માટે મહિલા, તેનો પતિ અને પુત્રી રાજકોટની ભાગોળે નવાગામ રહેવા આવી ગયા હતા અને ભાડાના મકાનમાં રહેતા હતા.

જે બાદ મે મહિનામાં ભીમ અગિયારસના દિવસે ગોરધન વાલાણી તહેવાર કરવા મહેમાન બનીને મહિલાના ઘરે ગયો હતો અને અગાઉ તે મહિલા સાથે મજૂરીકામે ગયો હતો ત્યારે તેણે મહિલાને કહ્યું હતું કે, નવાગામમાં મારું મકાન છે, તું ભાડું શા માટે ચૂકવશ, મારા ઘરે રહેવા આવી જા, મને રસોઈ, કપડાં, વાસણ કરી આપજે, મારે ભાડું લેવું નથી. મહિલાએ આ અંગે તેના પતિને જાણ કર્યા બાદ તે પરિવાર સાથે ગોરધનના મકાનમાં રહેવા જતી રહી હતી.ત્યારબાદ એક રાત્રીના મહિલાનો પતિ મજૂરીકામ માટે ગયો હતો ત્યારે ગોરધન ઘસી ગયો હતો અને મહિલા સાથે બળજબરી કરી તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ તે અવારનવાર મહિલા સાથે શારીરિક બળજબરી આચરતો હતો અને મહિલાના ફોટા પણ પાડતો હતો.

ગોરધનના ત્રાસથી કંટાળી મહિલાએ તેનો પીછો છોડાવવાનો પ્રયાસ કર્યો તો ગોરધને ફોટા સોશિયલ મીડિયામાં મૂકી દેવાની ધમકી આપીને બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું.

ચાર મહિના સુધી ગોરધનના મકાનમાં રહ્યા બાદ મહિલા પરિવાર સાથે અન્ય સ્થળે રહેવા જતી રહી હતી. ગોરધન છાશવારે ફોન કરીને ફોટા સોશિયલ મીડિયામાં મૂકવાની ધમકી દેતો હતો. પોતાનું સાંસારિક જીવન બગડે નહીં તે માટે મહિલા ચુપચાપ બધું સહન કરતી હતી. દરમિયાન મહિલાના પતિને તેના નાના ભાઈએ વોટ્સએપના સ્ટેટસમાં ગોરધને મૂકેલા બિભત્સ ફોટા બતાવ્યા હતા જે ફોટા ભોગ બનનાર મહિલાના હતા. અંતે મહિલાએ તેના પતિને આપવીતી જણાવ્યા બાદ ગોરધન સામે ગુનો નોંધાયો છે.

# ૬૯ મૃત્યુ કેસમાં ધારાશાસ્ત્રીઓના વારસદાર રૂ.૧.૨૫ કરોડની સહાય

## ધારાશાસ્ત્રીઓને માંદગીસહાય પેટે રૂ.૨૪.૭૮ લાખ ચુકવવાનો નિર્ણય

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ મારફતે મૃત્યુસહાય અને માંદગી સહાય સમીતિ દ્વારા જરૂરીયાતમંદ ધારાશાસ્ત્રીઓને આંશિક માંદગી સહાય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી આપવામાં આવે છે. જેમાં ૬૯ જેટલા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદાર રૂ.૧.૨૫ કરોડ અને ધારાશાસ્ત્રીઓને માંદગીસહાય પેટે રૂ.૨૪.૭૮ લાખ ચુકવવાનો નિર્ણય કરાયો છે.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના રોલ પર નોંધાયેલા ૫૨,૩૦૦ જેટલા ધારાશાસ્ત્રીઓ ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડના સભ્યો બનેલ છે. આશરે ૩૦૦૦ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓના વારસદારોને અત્યારસુધી રૂ.૬૫ કરોડ જેટલી મૃત્યુસહાય ચુકવવામાં આવી છે. હાલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ધ્વારા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદારોને રૂ.૫ લાખ મૃત્યુસહાય ચુકવવામાં આવે છે. હાલમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે.પટેલ. એકઝીક્યુટીવ કમિટીના ચેરમેન નલિન ડી. પટેલની વીડીયો કોન્ફરન્સીંગ હાજરી તથા કમિટીના સભ્યો અનિલ સી.કેલ્લા અને કિશોરકુમાર આર. ત્રિવેદીની હાજરીમા એડમીનીસ્ટ્રેટીવ કમિટીની મીટીંગમા ૬૯ જેટલા મૃત્યુ પામનાર ધારાશાસ્ત્રીઓના વારસદાર દ્વારા કરવામાં આવેલ મૃત્યુસહાયની અરજીઓ વિચારણા માટે લેવામાં આવેલ. જેમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નિયમ અનુસાર વેલ્ફેર ફંડના સભ્ય બનનાર તેમજ નિયમિત રીન્યુઅલ ફી ભરનાર તેમજ ''બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા નું ફોર્મ ભરનાર ૫૩ જેટલા ધારાશાસ્ત્રીઓના વારસદારોની મૃત્યુસહાયની અરજીઓ મંજુર કરી ગુજરાત એડવોકેટ વેલ્ફેર ફંડ એકટના નિયમ અનુસાર રૂ.૧.૨૫ કરોડ જેટલી રકમ મૃતક વકીલોના વારસદારોને ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિના ચેરમેન દિલીપ કે.પટેલ અને સભ્ય ભરત વી. ભગતની હાજરીમા મીટીંગ મળી હતી. જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાય સમીતિમાં સમગ્ર ગુજરાતના તાલુકા અને જીલ્લા અદાલતોના ૭૩ જેટલા ધારાશાસ્ત્રીઓ પાસેથી માંદગી સહાય મેળવવા માટેની અરજીઓ મંજુર કરતા માંદગી સહાય પેટે કુલ રૂ.૨૪.૭૮ લાખ ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમજ ૮ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને ૨૩ ઉપરાંતના ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની વધારાની સહાય આપતી કમીટીમાં પણ વધુ માંદગી સહાય મળી રહે તે માટે ભલામણ કરવામાં આવી છે.વેલ્ફેર ફંડની રીન્યુઅલ ફી ભરનાર તેમજ પ્રેકટીસ વેરીફીકેશન ફોર્મ ભરનાર ધારાશાસ્ત્રીઓને જ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની માંદગીસહાયનો લાભ મેળવવા હકકદાર બને છે.

# સત્યમ પાર્કમાં ૧૫ વર્ષથી તરૂણનો આપઘાત

## ભીમ નગરના યુવાને ગળાફાંસો ખાય જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ ખાતે અપ મૃત્યુના બે બનાવો નોંધાયા છે. જેમાં શહેરના ૮૦ ફુટ રોડ પર આવેલા સત્યમ પાર્કમાં રહેતા તરુણે અને કાલાવડ રોડ પર આવેલા ભીમ નગરમાં રહેતા યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોખનું મોજુ ફેલાયું છે. વધુ વિગત મુજબ વિજ્ઞાન અને ટેકનોલોજી ના યુગમાં દેખાદેખીના કારણે લોકોની સહનશક્તિ ઘટી રહી છે. જેમાં નાની નાની વાતોમાં તરુણ સહિતના લોકો આપકા તરફ પડી રહ્યા છે જેમાં જાહેરના ૮૦ ફુટ રોડ પર આવેલા સત્યમ પાર્કમાં રહેતા ૧૫ વર્ષથી તરુણી ગળાફાંસો ખાય આપઘાત કરી લીધાનું બનાવો પોલીસ ચોપડે નોંધાતા પરિવારમાં શોકનું મોજુ ફેલાયું છે. વધુ વિગત મુજબ શહેરના ૮૦ ફૂટ રોડ પર આવેલા સત્યમ પાર્ક શેરી નંબર ત્રણમાં રહેતા હાર્દિક કમલેશભાઈ વાઘેલા નામના ૧૫ વર્ષીય તરુણે પોતાના ઘરે ગાળા પાસો થાય લીધાની જાણ ૧૦૮ ને તથા દોડી આવી બેભાન હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબી અમૃત જાહેર કરતા આ બનાવની જાણ થોરાળા પોલીસ મથકને થતા સ્ટાફ દોડી જાય જય મૃત દેને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક કાગડો કરી આપઘાતનું કારણ જાણવા પ્રયાસ હાથ ધરીઓ છે. જ્યારે શહેરના કાલાવડ રોડ નજીક ભીમ નગર બે શેરી નંબર આઠમાં રહેતા રવિભાઈ કિશોરભાઈ પરમાર નામનો ૩૫ વર્ષીય યુવાને પોતાના ઘરે પંખા સાથે ગળાફાંસો ખાય લેતા બેભાન હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર તથા પરિવારમાં શોખનો મોજુ ફેલાયું છે. આ બનાવની તાલુકા પોલીસ મથક અને થતા સ્ટાફ તોડી જય રવિભાઈ પરમાર ના મૃતદેહને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક રવિભાઈ પરમાર વિદુર છે અને સંતાનમાં એક પાંચ વર્ષનો પુત્ર છે અને હાલ માતા-પિતા સાથે રહી રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પોલીસે કાગળો કરી હા ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# શાપર-વેરાવળના કારખાનામાં કામ કરતી વેળાએ ડાઈ લાગી જતા શ્રમિકનું મોત

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળ ઉદ્યોગિક વિસ્તારમાં આવેલા એડન પંપ ના કારખાનામાં કામ કરતી વેળાએ ડાઈ છાતીમાં ખુશી જતા શ્રમિક નું મોતની પત્તા પર પ્રાંતીય પરિવારમાં સુખનો મોજું ફેલાયું છે. વધુ વિગત મુજબ મૂળ બિહારના અને હાલ સાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહી અને રેપ્યુટ ગેટની અંદર આવેલા એડન પંપ નામની ફેકટરીમાં કામ કરતા દીવા કરિવાય નામના ૩૨ વર્ષે શ્રમિક કામ કરતો હતો ત્યારે અચાનક ડાય છાતીમાં ઘૂસી જતા લોહી લુહાણ હાલતમાં પથમ સાપર વેરાવળ અને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા આ બનાવની જાણ શાપર વેરાવળ પોલીસ મથકના મુકેશભાઈ ને થતા દોડી જાય દીવાકર ભાઈ ના મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડી કાગળો કરી પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ અને એક બેન માં વચ્ચેટ હતો.

# મોરબી રોડ મારવાડી કોલેજ પાસે હિટ એન્ડ રનમાં યુવકનું મોત

## ચોટીલા નજીક અજાણ્યા વાહને હડફેટે લેતા ત્રણ સંતાનના પિતાનું મોત

**અબતક, રાજકોટ**

માર્ગ અકસ્માતના અલગ અલગ બે બનાવોમાં યુવાન સહિત બેના મોત નીપજ્યા છે. જેમાં શહેરના મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટી પાસે રોડ ક્રોસ કરતાં યુવાનનું અજાણ્યા વાહનની ઠોકરે મોત નીપજ્યું છે. જ્યારે ચોટીલા નજીક લાખણકા ગામ પાસે અજાણ્યા વાહને રાહદારીને ઠોકરી લેતા સારવારમાં મોતનીપજયુ છે. વધુ વિગત મુજબ મૂળ રાજસ્થાન નો વતની અને હાલ શહેરના મોરબી રોડ પર રહી અને મોહિત કેટરર્સમાં કામ કરતો જલારામ ગંગારામ નામનો ૩૫ વર્ષે યુવાન રાત્રે મારવાડી યુનિવર્સિટી પાસે ચાલીને રોડ ક્રોસ કરી રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહને ઠોકરે લેતા લોહી લુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા આ બનાવની જાણ કુવાડવા રોડ પોલીસ મથકને થતા સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે મૃતદેને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક જલારામ અપર્ણી છે ત્રણ ભાઈઓ છે. છેલ્લા ઘણા સમયથી મોહિત કેટરર્સમાં કામ કરી પરિવારને મદદ કરે છે. જ્યારે વિછીયા તાલુકાના અજમેર ગામનો મનહરભાઈ ચોથાભાઈ સોસા નામનો ૩૭ વર્ષે યુવાન ચોટીલા તાલુકાના લાખણકા ગામે આવેલી સિમેન્ટની ફેક્ટરી પાસેથી ચાલીને પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહને ઠોકરે રહેતા ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન મનહરભાઈ સોસાનુ મોત નીપજ્યું હતું આ બનાવને જાણ પોલીસને થતા સ્ટાફ દોરી જય મૃતક મનહરભાઈ શ્વસનના પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક મનહરભાઈ સોસા એક પુત્ર અને બે પુત્રી છે.

# તને વીડિયો અપલોડ કરવાનો ખુબ શોખ છે કહી વેબ ચેનલના પત્રકાર પર હુમલો

## છરી, ધોકા અને પાઈપ વડે તૂટી પડનાર મિલન રાઠોડ સહીત પાંચ વિરૂદ્ધ કુવાડવા પોલીસમાં ગુનો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવાગામમાં વેબ ચેનલના પત્રકાર પર વિડીયો અપલોડ કરવા બાબતે પાંચ શખ્સોએ હુમલો કર્યાનો બનાવ સામે આવ્યો છે. છરી, ધોકા અને પાઈપ વડે થયેલા હુમલા મામલે કુવાડવા પોલીસે મિલન રાઠોડ સહિતના પાંચ હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પંચાયતની જગ્યામાં જઈ પુષ્પા સ્ટાઈલનો વિડીયો ઉતારનાર શખ્સોએ હુમલો કર્યો હતો.

નવાગામ(આણંદપર)માં રંગીલા સોસાયટીમાં રહેતા વેબ ચેનલના પત્રકાર વિશાલભાઈ મુકેશભાઈ પરમાર( ઉ.વ. ૨૬)એ કુવાડવા પોલસીમાં નોંધાવેલી ફરિયાદમાં મિલન રાઠોડ અને ચાર અજાણ્યા શખ્સોના નામ આપતાં જણાવ્યું હતું કે, નવાગામ મેઈન રોડ પર ઊર્જા કોમ્પલેક્ષમા આપણો સંદેશ ન્યુઝની ઓફીસ આવેલ છે. જેમાં હું તંત્રી તરીકે કામ કર છું અને મારી સાથે અન્ય બાર લોકો કામ કરે છે. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા. ૧૦ જાન્યુઆરીના રોજ હું જીજે -૦૩-એમકયુ-૩૫૧૩ નંબરનું એક્ટિવા લઈને ઓફિસેથી ઘરે જતો હતો ત્યારે માંધાતા સોસાયટી નજીક એક એક્ટિવા અને એક મોટરસાયકલમાં કુલ પાંચ લોકો આવ્યા હતા. તેમણે મને કહ્યું હતું કે, તું ઉભો રહે તને પંચાયતના વિડીયો મુકવાનો બહુ શોખ છે તેમ કહી મને ગાળો દેવા લાગેલ હતા. જેથી મે મારુ એકટીવા ઊભુ રાખી કહેલ કે શું કામ ગાળો બોલો છો? જેથી ઉશ્કેરાયેલા શખ્સો પૈકી ત્રણએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કરી આડેધડ ઘા ઝીંકી દીધા હતા. જ્યારે અન્ય બે શખ્સોએ ઢીંકાપાટુનો માર મારેલ હતો.

બાદમાં એક શખ્સે છરી વડે મને ડાબા પગના સાથળે બે ઘા ઝીંકી દીધા હતા. મેં છરી પકડી લેતા મને ડાબા હાથની હથેળી અને આંગળીમાં પણ ઈજા થઈ હતી. હુમલો થતાં મેં રાડારાડી કરતા નજીકમાં રહેતા આંબાભાઈ અને તેમના પત્ની બહાર દોડી આવ્યા હતા જેથી હુમલાખોરો ત્યાં નાસી ગયાં હતા. જે બાદ પરિજનોને ફોન કરતા તેઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મને સારવાર અર્થે ખસેડ્યો હતો. સારવાર બાદ ઘરે આવી હુમલાખોરો અંગે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પાંચ પૈકી એક મિલન રાઠોડ નામનો શખ્સ હતો. વધુમાં ફરિયાદીએ બનાવનું કારણ જણાવતા કહ્યું હતું કે, અમારી વેબ ચેનલમાં આશરે બારેક દિવસ પહેલા નવાગામ આણંદપર પંચાયતની ઓફિસમાં અમુક માણસોએ પુષ્પા ફિલ્મની સ્ટાઈલમાં વીડીયો બનાવેલ હોય જે મારા ન્યુઝ ચેનલમાં અપલોડ કરેલ હોય જેનો ખાર રાખી મિલન રાઠોડ સહિતનાએ હુમલો કર્યો હતો.

મામલામાં કુવાડવા પોલીસે મિલન રાઠોડ સહીત કુલ પાંચ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# સ્ટારવૂડ હોસ્પિટાલિટિઝના પેઢીના ભાગીદાર વિરુદ્ધ થયેલી અપીલ નામંજૂર કરતી અદાલત

## હોટલ ભાડે રાખવા આપેલી ૧૪ લાખ ડિપોઝિટ પરત મેળવવા કરેલો દાવો મંજૂર બાદ લા-૩૬૫ હોટલના સંચાલકે દાદ માંગી હતી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની સ્ટારવૂડ હોસ્પિટાલિટિઝ સર્વિસીઝ પેઢીના ભાગીદાર મયુરસિંહ જાડેજાએ અમદાવાદ સ્થિત લા - ૩૬૫ નામથી ઓળખાતી હોટલ તથા તેના ભાગીદારો સામે બાકી લેણી રકમ ૧૪ લાખ વસૂલવા કરેલા દાવાના કામે થયેલા હુકમ સામે થયેલી અપીલ જિલ્લા અદાલતે મંજૂર કરતો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરની કાલાવડ રોડ પર આવેલી સ્ટાર વૂડ હોસ્પિટાલિટિઝ સર્વિસઝ ભાગીદારી પેઢીને બ્રોકર મારફતે માલુમ પડેલ કે અમદાવાદ લો ગાર્ડન પાસે આવેલી હોટલ લા-૩૬૫ ભાડે ચલાવવા માટે આપવાની છે, જેથી સ્ટારવૂડ પેઢીના ભાગીદાર મયુરસિંહ જાડેજાએ હોટલ મેનેજમેન્ટના અધિકારી સુરેન્દ્રસિંહ શેખાવત અને વર્ષા મયુર સોનગડે સાથે વાતચીત કરેલી, જેમાં તેઓએ ૧૪ લાખ ડિપોઝિટ જમા કરાવવાનું સૂચના આપતાં બાદ મયુરસિંહ જાડેજાએ લા - ૩૬૫ સંચાલકોને ૧૪ લાખ ચૂકવી આપેલા, ત્યારબાદ એગ્રીમેન્ટની શરતો બાબતે સહમતી નહીં સધાતા ભાગીદારી પેઢીના ભાગીદાર મયુરસિંહ જાડેજાએ ડિપોઝિટની રકમ રૂ. ૧૪ લાખ પરત મેળવવા માટે નોટિસ આપવા છતાં રકમ ચૂકવવામાં આવેલી નહીં, આથી મયુરસિંહે રાજકોટ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. ઉપરોકત દાવામાં હકુમતના કારણોસર ચેલેન્જ કરી સને- ૨૦૧૯માં કરેલી અરજી કોર્ટે નામંજુર કરતા, તેની સામે લા - ૩૬૫ના ભાગીદારે હાઈકોર્ટમાં પડકારવામાં આવતા સિવિલ કોર્ટનો હુકમ કાયમ રહેલો. સને-૨૦૨૧માં દાવો રિજેકટ કરવા માટે સમાન વિગત સાથે અરજી કરી હકુમતની તકરાર આગળ ધરેલી. તે હુકમ પણ કોર્ટે નામંજુર કરેલો છે. તેની સામે વિલંબ સાથે રાજકોટ જિલ્લા અદાલતમાં ફરી અપીલ કરવામાં આવેલી ઉપરોક્ત અપીલમાં રિસ્પોન્ડન્ટ વતી વકીલ વિકાસ કે. શેઠે રજુઆત કરી જણાવેલ કે, જ્યારે હકુમતનો મુદ્દો ચેલેન્જ કરી દાવો યોગ્ય કોર્ટમાં પરત આપવા માટેની અરજી નામંજુર થાય, ત્યારે તેવા હુકમ સામે અપીલ ચલાવવા માટે જિલ્લા અદાલતને કોઈ સતા નથી. ઉપરોકત ઉલ્લેખેલ મેટરમાં કોર્ટે બન્ને પક્ષકારોને સાંભળી ઠરાવેલ છે કે નીચેની અદાલતનો હુકમ દાવો પરત કરવાની અરજી નામંજુર કરતો હોય તેવા હુકમ સામે અપીલ ચલાવવા માટે જિલ્લા અદાલતને સતા નથી. અને નીચેની અદાલતના હુકમમાં કોઈ ગેરકાયદેસરતા નથી તેવું ઠરાવી જિલ્લા અદાલતએ અપીલ નામંજુર કરી છે. આ કામમાં રિસ્પોન્ડન્ટ વતી એડવોકેટ દરજજે વિકાસ કે. શેઠ, પ્રકાશ બેડવા, અલ્પા શેઠ, ફાતેમાં ભારમલ રોકાયા છે.

એ કાયપો છે...ના ગગન ભેદી નાદથી અગાસી સતત ગુંજતી રહેશે...

# કાલે ઉત્તરાયણ: આકાશમાં પતંગોનું ઈન્દ્રધનુષ રચાશે

## ઉંધીયુ, પુરી, ચીકી, શેરડી, જીંજરાની જામશે જયાફત: અગાસીઓ પર પતંગ યુધ્ધ ખેલાશે: દાન પૂણ્ય કરી લોકો પૂણ્યના ભાથા બાંધશે: કાલથી કમુરતા ઉતરતાની સાથે જ ફરી લગ્નસરાની સિઝન ખૂલશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સહિત દેશભરમાં આવતીકાલે પતંગોનાં મહાપર્વ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવશે આકાશમાં રંગ બે રંગી પતંગોનું ઈન્દ્રધનુષ રચાશે દાન-પૂણ્ય કરી લોકો પૂણ્યના ભાથા બાંધશે કાલથી ધનારક કમુરતા ઉતરી જતા ફરી લગ્નસરાની સિઝન ખૂલશે કાલે પવનની ગતી પણ સરી રહે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી હોય પતંગ રસીકોને મોજડી પડે છે.

ગુજરાતમાં વર્ષ દરમિયાન ચાર તહેવારોની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. જેમાં ઉતરાયણ, હોળી-ધુળેટી, સાતમ-આઠમ અને દિવાળીનો સમાવેશ થાય છે. પતંગના માપર્વએ ગુજરાતને એક અલગ જ ઓળખ અપાવી છે. આવતીકાલે આખો દિવસ લોકો અગાસી પર ધામા નાખશે. એ કાપ્યો છે લપેટ, જેવા ગગન ચુંબી નાદથી અગાસી સતત ગુંજતી રહેશે. અગાસી પર મ્યુઝીક સિસ્ટમ સાથે દિનભર





તસવીરઃ શૈલેષ વાડોલિયા

સંગીતની પણ મોજ માણશે. રાજયના અમદાવાદ સહિતના શહેરોમાં ઉતરાયણ બાદ બીજા દિવસે વાસી ઉતરાયણની પણ ઉજવણી કરવામાં આવતી હોય છે.

લોકો ઉંધીયુ, પુરી, જલેબી, ચીકી, જીંજરા અને શેરડીની જયાફત ઉઠાવશે અમુક મોટી સોસાયટીઓ સવારે નાસ્તાથી માંડી રાત્રી ભોજન સુધીના સામુહિક આયોજનો કરવામાં આવતા હોય છે. ગુજરાતીઓ એક પણ તહેવારની ઉજવણી કરવામાં પાછીપાની કરતા નથી ઉતરાયણના દિવસે દાન પૂણ્ય કરવાનું ખૂબજ મહાત્મ્ય હોય છે. કાલે લોકો ઉદાર હાથે દાન કરી પૂણ્યનું ભાથુ બાંધશે એક જ દિવસમાં ત્રણ-ત્રણ તહેવારોની ઉજવણી થશે આખો દિવસ પતંગ ઉડાડયા બાદ સૂર્યાસ્ત બાદ લોકો અગાસી પર જ ગરબે ધૂમી મોજ માણશે ત્યારબાદ ફટાકડા પણ ફોડશે.

આવતીકાલે મંગળવારે સવારે ૮.૫૪ કલાકે સૂર્યગ્રહનો ધનરાશીમાંથી (અનુ. આઠમા પાને)

આજે રાત્રે જ અમદાવાદ આવી જશે

# શહેન "શાહ" કાલથી ત્રણ દિવસ ગુજરાતમાં: કોનો "પતંગ" ચગશે??

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પરિવાર સાથે ઉત્તરાયણ પર્વની કરશે ઉજવણી: બુધવારે જિલ્લા અને મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરાય તેવી સંભાવના

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહ આવતીકાલથી ત્રણ દિવસ માટે માદરે વતન ગુજરાતમાં ધામા નાંખશે. આજે મોડી રાતે તેઓનું અમદાવાદ એરપોર્ટ ખાતે આગમન થઈ જશે. આવતીકાલે અમિતભાઈ તેઓ મેમનગર શાંતિ નિકેતન સોસાયટી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે પતંગ ઉડાડવાનો આનંદ ઉઠાવશે. આ ઉપરાંત થલતેજ ખાતે કાર્યકર્તાઓના નિવાસસ્થાને ઉત્તરાયણ પર્વની ઉજવણી કરશે અને પતંગ ચગાવશે. ઘાટલોડિયામાં પોલીસ સ્ટેશન અને આવાસ સહિતના વિવિધ વિકાસ કામોના કાર્યક્રમમાં સહભાગી થશે. કાલે સાંજે ન્યૂ રાણીપમાં આર્ય વિલા ફ્લેટ અને સાબરમતીમાં અર્હમ ફ્લેટ ખાતે ઉત્તરાયણની ઉજવણીમાં સામેલ થશે. દરમિયાન બુધવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ કલોલના માણસા ખાતે સરકારી કાર્યક્રમમાં હાજરી આપશે. જ્યારે ૧૬મીએ ગુરૂવારના રોજ વડનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બાળપણમાં જે સ્કુલમાં અભ્યાસ કર્યો હતો તે પ્રેરણા સંકુલનું ઉદ્‌ઘાટન પણ કરશે. ભાજપ દ્વારા હાલ ગુજરાતમાં સંગઠન પર્વ ચાલી રહ્યું છે. જે અંતર્ગત સંગઠન રચનાની કામગીરી ચાલી રહી છે. બુથ સમિતિની રચના કરાયા બાદ મંડલ પ્રમુખોની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. જ્યારે જિલ્લા અને મહાનગરોના પ્રમુખો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા આટોપી લેવામાં આવી છે. ૧૦મી જાન્યુઆરી સુધીમાં જિલ્લા અને મહાનગરોના પ્રમુખના નામ જાહેર કરી દેવામાં આવશે. તેવી ઘોષણા કરવામાં આવી હતી. પરંતુ ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ રાજકોટ શહેર સહિત રાજ્યભરમાં અનેક સ્થળોએ વિવાદ ફાટી નિકળતા મામલો દિલ્હી દરબાર સુધી પહોંચી ગયો છે. જેના કારણે અધ્યક્ષોના નામ જાહેર થઈ શક્યા નથી. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે તમામ જિલ્લા-મહાનગરોના પ્રમુખના નામો ફાઈનલ કરી લીધા હોવાનું અને નામ અમિત શાહ સમક્ષ રજૂ કરી દીધા હોવાનું ચર્ચાય રહ્યું છે. કાલથી અમિતભાઈ ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોય શાહ-પાટીલ સાથે બેસી પ્રમુખોના નામોને મહોર મારી દેશે. સંભવતઃ બુધવારે રાત્રિ સુધીમાં જિલ્લા-મહાનગરોના પ્રમુખોના નામ જાહેર કરી દેવામાં આવે તેવું હાલ દેખાય રહ્યું છે. કમુરતા ઉતરતાની સાથે જ રાજ્ય સરકારના મંત્રી મંડળના વિસ્તરણની સંભાવના પણ દેખાય રહી છે ત્યારે ગુજરાતની ત્રણ દિવસની મૂલાકાત દરમિયાન અમિતભાઈ મંત્રી મંડળમાંથી કોને પડતા મુકવા અને કોનો સમાવેશ કરવા તે અંગે પણ નિર્ણય લઈ લ્યે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.



# ત્રણ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવાથી લેટરકાંડનો વિવાદ ઠરી જશે?

## એલસીબીના કિશન આસોદરિયા, વરજાંગ મુળાસિયા અને હીના મેવાડાને પાણીચું આપતાં જિલ્લા પોલીસ વડા સંજય ખરાત

**અબતક, રાજકોટ**

અમરેલી લેટરકકાંડ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. પાયલ ગોટીનું સરઘસ કાઢવા મામલે જિલ્લા પોલીસ વડા સંજય ખરાતની મોટી કાર્યવાહી સામે આવી છે. એલસીબીમાં ફરજ



બજાવતા ત્રણ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ફરજમાં નિષ્કાળજી બદલ એસપીએ આ કાર્યવાહી કરી છે. કિશન આસોદરિયા, વરજાંગ મુળાસિયા અને મહિલા પોલીસકર્મી હીના મેવાડા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે પરંતુ મોટો સવાલ એ છે કે, શું ત્રણ કોન્સ્ટેબલને પાણીચું આપી દેવાથી લેટરકાંડ વિવાદ ઠરી જશે? અમરેલીમાં બંધનું એલાન આપ્યા બાદ આજે પરેશ ધાનાણીએ સુરત ખાતે પણ આંદોલનના ભાગરૂપે બંધનું એલાન આપ્યું છે.

અમરેલીમાં તાલુકા પંચાયત પ્રમુખ કિશોર કાનપરિયાના નામવાળો નકલી લેટરપેડ સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાના મામલે કાનપરિયાએ પોલીસમાં ફરિયાદ કરી હતી. જે કેસમાં પોલીસે ભાજપના પૂર્વ હોદ્દેદાર અને એક યુવતી સહિત ૪ કાર્યકરોની ધરપકડ કરી હતી. પરંતુ વિવાદ ત્યારે વકર્યો જ્યારે પોલીસે કથિત લેટરકાંડમાં ધરપકડ કરાયેલી અને ટાઈપિસ્ટનું કામ કરતી પાટીદારની યુવતીનું સરઘસ કાઢ્યું. જેમાં રાજ્યના નેતાઓથી લઈને

પાટીદાર સમાજના અગ્રણીઓએ પાયલ ગોટીના સમર્થનમાં આવી ધરણાથી માંડી વિરોધ પ્રદર્શન દ્વારા ન્યાયની માગ કરી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી જિલ્લા લેટરકાંડમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારી કિશનભાઈ આસોદરિયા, વરજાંગભાઈ મુળાસિયા અને મહિલા પોલીસકર્મી હીના મેવાડાને સસ્પેન્ડ કરાયા છે. તેમની સામે જિલ્લા પોલીસવડા દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. તેમની ફરજ દરમિયાન બેદરકારી અને નિષ્કાળજી બદલ જિલ્લા પોલીસવડા દ્વારા કડક કાર્યવાહી કરી છે.

પાયલ ગોટી મામલે એસઆઈટીની પણ રચના કરવામાં આવી હતી. જેમાં સિનિયર અધિકારીઓનો તેમાં સમાવેશ (અનુ. આઠમા પાને)

### લેટરકાંડની તપાસ હવે એસએમસીના હવાલે

લેટરકાંડ મુદ્દે સૌથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરીંગ સેલને સોંપાઈ છે. નિર્લિપ્ત રાય સમગ્ર કેસની તપાસ કરશે. અગાઉ અમરેલી જિલ્લા પોલીસ વડાએ એસઆઈટીની રચના કરી હતી અને ત્યારબાદ ગઈકાલે એલસીબીના ૩ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કર્યા હતા. જે બાદ હવે તપાસ એસએમસીને સોંપવામાં આવી છે. અત્યંત ઉલ્લેખનીય બાબત છે કે, એસએમસી વડા નિર્લિપ્ત રાય અગાઉ અમરેલી જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવી ચુક્યા છે. પોતાના કાર્યકાળમાં આવારા તત્વોની તેમણે શાન ઠેકાણે પાડી દીધી હતી. અમરેલી જિલ્લાના નાડપારખું અને કડક અધિકારીની છાપ ધરાવતા નિર્લિપ્ત રાયને તપાસ સોંપવામાં આવતા આગામી દિવસોમાં મોટા ઘટસ્ફોટ થવાના એંધાણ છે.




# વળાંકો નિવારી-રોડ પહોળા કરી માર્ગ અકસ્માત ઘટાડવા સરકાર હરકતમાં

## અકસ્માતો ઘટાડવા રોડ સેફ્ટીની કામગીરી માટે રૂ.૧૮૮ કરોડ ફાળવાયા

**અબતક, રાજકોટ**

રાજયમાં અકસ્માતોનું પ્રમાણ દિન -પ્રતિદિન વધી રહ્યુ છે. રાજયનાં સંભાવનાગ્રસ્ત માર્ગો પર સેફ્ટી કામગીરી માટે રૂ.૧૮૮ કરોડની ફાળવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવી છે. અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા રાજય સરકાર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં માર્ગ સલામતી રોડ સેફ્ટી માટે જનહિતકારી નિર્ણય કર્યો છે.

તેમણે રાજ્યના માર્ગો પર ની રોડ સેફ્ટી સંલગ્ન વિવિધ કામગીરી માટે માર્ગ મકાન વિભાગને રૂા. ૧૮૮ કરોડના કામો હાથ ધરવા મંજુરી આપી છે.

મુખ્યમંત્રીએ માર્ગો પર અકસ્માતોની સંખ્યા ઘટે અને વાહન ચાલકો માટે માર્ગ સલામતી વધે તેવો જનહિત અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એવા હયાત માર્ગો જ્યાં વધુ અકસ્માત થવાની સંભાવના હોય ત્યાં જરૂરી સુધારણાની કામગીરી માટે રૂા. ૧૦૦.૫૩ કરોડ મંજુર કર્યા છે.

તદનુસાર ,વળાંક સુધારણા, ક્રેશ બેરિયર, સ્પોટ વાઈડનિંગ , તથા રોડ ફર્નિચર વગેરે કામગીરી ના કુલ ૮૦ કામો ૩૨૮.૭૩ કિલોમીટર લંબાઈના માર્ગો પર હાથ ધરવા માટે આ રકમ ફાળવવામાં આવી છે.

મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યના માર્ગ મકાન વિભાગ હસ્તકના ફોર લેન અને સિક્સ લેન રોડ પર એન્ટીગ્લેર (અનુ. આઠમા પાને)

ધ ગ્રાન્ડ
ઠાકર
મલ્ટી ક્યુઝિન રેસ્ટોરન્ટ
ગુજરાતી થાળી
શિયાળામાં તથા મકરસંક્રાંતિ નિમિત્તે
રજવાડી ઊંધિયુ
જ્યુબેલી બાગ સામે, જવાહર રોડ, રાજકોટ.
વેઈટીંગ માટે : 96871 89099
બેન્કવેટ માટે : 75674 89696
પાર્સલ માટે : 95744 50010
73995 15151
રાજકોટ । મોરબી । અમદાવાદ
સિવાય કોઈપણ શહેરમાં
કોઈપણ અમારી બ્રાંચ નથી.
ભળતા નામથી ચેતવું.

લસણ-ડુંગળી
લસણનો વિકાસ ઓછો થવો
ડુંગળીમાં બાફીયો
આવી સમસ્યાનો અકસીર ઈલાજ
જીવન
૧ એકર માં ૧૦૦ ગ્રામ
નકલથી સાવધાન
ચણાનાં પાકમાં
૧ વખત ટાઈગર ગ્રીન
કેલ્શીયમ પોલી સલ્ફાઈડ એકરમાં ૨ લીટર
છંટકાવ કરી સુંદર પરિણામ મેળવો
આશર કેમીકલ્સ પ્રા.લી.
ખેતી માર્ગદર્શક
યોગેશભાઈ - ૭૦૯૯૦ ૭૭૧૪૭
આરતીબેન - ૮૪૮૭૮ ૭૭૧૪૬
ધીરજભાઈ - ૭૩૮૭૧ ૧૯૯૯૦